# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
મિકા સિંહે આકાંક્ષા સાથે કેમ સંબંધ તોડ્યો?



પેજ-09
ધોની મુકાયો મુશ્કેલીમાં, સરકાર લેશે કડક પગલા

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 19.00 |
| વડોદરા | 28.00 | 20.00 |
| સુરત | 29.00 | 22.00 |

પેજ 5



બિટકોઈનમાં હવે તેજીના વળતા પાણી 96000 ડોલરની સપાટી ગુમાવી દીધી

25 DECEMBER-2024 WEDNESDAY

સિરિયાના પૂર્વ રાષ્ટ્રપતિની પત્નીએ તલાક માટે અરજી કરી



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78472.87 | ▼ | 67.30 |
| નિફ્ટી | 23727.65 | ▼ | 25.80 |
| સોનું | 76,199.00 | ▲ | 55.00 |
| ચાંદી | 89,300.00 | ▲ | 182.00 |


વર્ષ-14 । અંક-038 । વિક્રમ સંવત-2081 । માગશર વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક






તાત્કાલિક લોન! સરળ કે આજીવન નુકશાન?
કોઈપણ કાર્યવાહી વિના સરળ લોન મેળવવાથી તમારી સમસ્યાઓ વધી શકે છે.
બિલ તરત ન ભરો.
લોન આપતી સંસ્થા/ વ્યક્તિ તપાસો.
તમારી અંગત માહિતી શેર કરશો નહીં.
गृह मंत्रालय MINISTRY OF HOME AFFAIRS
Indian Cyber Crime Coordination Centre
રોકો, વિચારો, પગલાં લો.
તમારી ફરિયાદ www.cybercrime.gov.in અથવા 1930 પર નોંધો.
વધુ માહિતી માટે CyberDost ને અનુસરો.
CBC 19101/13/0037/2425


## ભયાનક હિમવર્ષામાં ફસાયું હિમાચલ : ત્રણ હાઈવે બંધ, 4000 લોકો કારમાં ફસાયા, 680 ટ્રાન્સફોર્મર ઠપ

# હિમાચલ-ઉત્તરાખંડમાં હિમવર્ષા : શિમલામાં રસ્તાઓ પર 3 ઈંચ બરફ

(એજન્સી) શિમલા । તા. 24

દેશના ત્રણ રાજ્યો જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા ચાલુ છે. હિમાચલમાં હિમવર્ષાના કારણે બે રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત 30 રસ્તાઓ બંધ થઈ ગયા છે. શિમલામાં સિઝનની બીજી હિમવર્ષા થઈ, જેના કારણે રસ્તાઓ પર 3 ઈંચ બરફ પડ્યો છે. જેના કારણે સોલંગનાલાથી અટલ ટનલ રોહતાંગ પરત ફરી રહેલા પ્રવાસીઓના વાહનો રોડ પર લપસવા લાગ્યા હતા. મોડી રાત સુધી, દક્ષિણ પોર્ટલથી અટલ ટનલના ઉત્તર પોર્ટલ સુધી 1000થી વધુ વાહનો બરફમાં ફસાયા હતા. પોલીસે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી વાહનોને બહાર કાઢ્યા હતા. ઉત્તરાખંડમાં પણ ગઢવાલ હિમાલયના બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રી અને હેમકુંડ સાહિબ અને કુમાઉના મુનશિયારીમાં હિમવર્ષા થઈ છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં ઠંડી વધી ગઈ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ અને હરિયાણામાં પણ વરસાદ થયો હતો. રાજસ્થાનના ગંગાનગર, અનુપગઢ, ચુરુ અને બિકાનેરમાં 10 મીમી સુધીનો વરસાદ પડ્યો છે. રાજસ્થાનમાં આગામી 3 દિવસ અને મધ્યપ્રદેશમાં આગામી 4 દિવસ સુધી કરા અને વરસાદનું એલર્ટ છે. જેના કારણે રાજસ્થાન સરકારે 25મી ડિસેમ્બરથી 5મી જાન્યુઆરી સુધી સ્કૂલોમાં રજા જાહેર કરી છે.

### અટલ ટનલ પર 1000 વાહનો ફસાયા



### ઘણાં ગામો સંપર્ક વિહોણા થયા, અનેક ઘરોમાં વીજળી ડૂલ

સોમવારે હિમાચલ પ્રદેશના 5 જિલ્લામાં સિઝનની બીજી હિમવર્ષા નોંધાઈ હતી. રોહતાંગમાં સૌથી વધુ 30 સેમી હિમવર્ષા થઈ છે. મનાલી, કુફરી, કીલોંગ, ડેલહાઉસી અને રાજધાની શિમલામાં 10થી 15 સેમી હિમવર્ષા નોંધાઈ છે. ઉપર આવેલો શિમલાનો વિસ્તાર અને કિન્નૌર રાજધાની શિમલાથી સંપર્ક વિહોણા થઈ ગયા છે. મનાલી રોહતાંગ નેશનલ હાઈવે પર ત્રણ રોડ બંધ થઈ ગયા છે. નારકંડા નેશનલ હાઈવે, થિયોગ-રોહરુ એનએચ અને થિયોગ-ચૌપાલ હાઈવે સહિત 174થી વધુ રસ્તાઓ વાહનો માટે બંધ કરાયા છે. હિમવર્ષા બાદ મનાલી સહિત વિવિધ સ્થળોએ આ રસ્તાઓ પર 300થી વધુ બસો અને 1000 નાના વાહનો તેમજ અન્ય સ્થળોએ 1000થી વધુ વાહનો ફસાયેલા છે. 680 વીજળી ટ્રાન્સફર ઠપ થઈ ગઈ છે, જેના કારણે હજારો ઘરોમાં વીજળી ડૂલ થઈ ગઈ છે.

### ઉત્તરાખંડમાં પણ હિમાચલ જેવી સ્થિતિ

હિમાચલ પ્રદેશ જેવી સ્થિતિ ઉત્તરાખંડમાં પણ થવા લાગી છે. રાજ્યના ઘણા ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. જોકે હિમાચલની તુલનામાં હજુ અહીં હિમવર્ષા ઓછી છે. તેમ છતાં ઔલી, ઉત્તરકાશી, ચકરાતા, બદ્રીનાથ, કેદારનાથ જેવા ઊંચાઈવાળા વિસ્તાર સફેદ ચાદરથી ઢંકાઈ ગયા છે. કેદારનાથ ધામમાં આ સિઝનની બીજી હિમવર્ષા છે. હિમવર્ષાના કારણે ત્યાં ચાલી રહેલું પુન:નિર્માણ કાર્ય પણ પ્રભાવિત થયું છે.

### પોલીસે હાથ ધર્યું રેસ્ક્યુ


સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા મનાલીના જામના વીડિયોમાં જોઈ શકાય છે કે, કેવી રીતે હિમવર્ષામાં મોટી સંખ્યામાં ગાડીઓ ફસાઈ હતી. પોલીસ તેને કાઢવાનો પ્રયાસ કરી રહી હતી. બરફથી ઢંકાયેલા પહાડોમાં નાતાલ અને નવા વર્ષની ઉજવણી કરવા આવતાં પ્રવાસીઓના ઘસારાના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે ગત 24 કલાકમાં 174 સ્ટેટ અને 3 નેશનલ હાઈવે (NH 03, NH 305, NH 505) બંધ કરવામાં આવ્યા .

## સૂર્યની નજીકથી પસાર થશે નાસાનું એરક્રાફ્ટ

### સૂર્યની આટલી નજીક જનાર આ પહેલો માનવીય પદાર્થ : 6.9 લાખ kmph હશે ઝડપ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 24

નાસાનું અવકાશયાન પાર્કર સોલર પ્રોબ સૂર્યની સૌથી નજીકથી પસાર થશે. ભારતીય સમય અનુસાર સાંજે 5:10 વાગ્યે પાર્કર સૂર્યથી માત્ર 61 લાખ કિલોમીટરના અંતરે હશે. સૂર્યની આટલી નજીક



પહોંચનારી આ પ્રથમ માનવ નિર્મિત વસ્તુ હશે. NYTના અહેવાલ મુજબ, તે સૂર્ય તરફ જઈ રહેલા અગાઉના કોઈપણ મિશન કરતા 7 ગણું વધુ નજીક છે. સૂર્યના બાહ્ય વાતાવરણમાંથી પસાર થતી વખતે પાર્કરની ઝડપ 6.9 લાખ કિમી/કલાકથી વધુ હશે. આ અત્યાર સુધી માનવ દ્વારા બનાવેલી કોઈપણ વસ્તુની સૌથી વધુ ઝડપ હશે અને તેનો જૂનો રેકોર્ડ તોડી નાખશે. નાસાના સાયન્સ મિશનના નિક્કી ફોક્સના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી કોઈ પણ તારાના વાતાવરણમાંથી કંઈ પસાર થયું નથી. આ પહેલીવાર હશે જ્યારે કોઈ વસ્તુ તારાના વાતાવરણમાંથી પસાર થશે. પાર્કર આગામી 3 દિવસ સુધી સૂર્યના વાતાવરણમાં રહેશે. સૂર્યની નજીકથી પસાર થવા પર તાપમાન 1000થી વધુ હશે પાર્કર સોલર પ્રોબ અત્યાર સુધીમાં 21 વખત સૂર્યની ફ્લાયબાય દ્વારા સૂર્યની સૌથી નજીક પહોંચી ચૂક્યું છે. આ પ્રદેશને પેરિહેલિયન કહેવામાં આવે છે. જ્યારે તે સૂર્યની નજીકથી પસાર થશે ત્યારે પાર્કરનું તાપમાન 1,000 ડિગ્રી સેલ્સિયસને વટાવી જશે. આ સમય દરમિયાન તે સૂર્યના વાતાવરણમાં સરકતો પસાર થશે. સૂર્ય હાલમાં તેની સૌથી વધુ સક્રિય સ્થિતિમાં છે.

# J&Kમાં આર્મી-વાન ખીણમાં ખાબકી, 5 જવાન શહીદ

### 10 જવાનો ઘાયલ, 3 હજુ લાપતા : પૂંછમાં LOC નજીક બની ઘટના

(એજન્સી) જમ્મુ । તા. 24

જમ્મુ કાશ્મીરના પૂંછ જિલ્લામાં મંગળવાર સાંજે મોટી દુર્ઘટના બની. અધિકારીઓએ જણાવ્યું કે, જિલ્લાના મેંઢર વિસ્તારમાં બલનોઈ વિસ્તારમાં સેનાનું એક વાહન બેકાબૂ થઈને ખીણમાં ખાબક્યું. જણાવાય રહ્યું છે કે, આ ઘટનામાં અનેક સૈનિક ઈજાગ્રસ્ત થયા છે. માહિતી મળતા જ સેનાના અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા અને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરીને ઘાયલોને હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરી છે. જણાવાય રહ્યું છે કે, આ ગાડીમાં 8 જવાન સવાર હતા. નીલમ હેડક્વાર્ટરથી લબનોઈ ઘોરા પોસ્ટ તરફ જઈ રહેલી 11 MLIની સૈન્ય ગાડી ઘોરા પોસ્ટ પર પહોંચતા જ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ. ગાડી અંદાજિત 300-350 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી. માહિતી મળતા જ 11 MLIની ટીમ ઘટના સ્થળે પહોંચી અને રેસ્ક્યૂ શરૂ કર્યું.



### મે મહિનામાં પણ સર્જાઈ હતી આવી દુર્ઘટના

આ અગાઉ આ વર્ષે મે મહિનામાં જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સેનાનું વાહન ખીણમાં ખાબક્યું હતું. જેમાં એક જવાન શહીદ થયા હતા, ત્યારે 9 જવાનો ઘાયલ થયા હતા. આ અકસ્માત દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના વેરીનાગ વિસ્તારમાં સર્જાયો હતો. બટાગુંડ વેરિનાગ વિસ્તારમાં ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા સેનાનું વાહન સીધું ખીણમાં ખાબક્યું હતું.

### ગત વર્ષે સેનાની ટ્રક ખીણમાં પડતા 9 જવાનો શહીદ થયા હતા

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ઓગસ્ટમાં લદાખમાં લેહના ક્યારી ગામ પાસે સેનાનું એક ટ્રક ખીણમાં ખાબક્યું હતું. આ ઘટનામાં 2 જુનિયર કમિશન ઓફિસર અને 7 જવાનો શહિદ થયા હતા. સેનાના ટ્રકની સાથે એક એમ્બ્યુલન્સ અને યૂએસવી પણ હતી. આ તમામ વાહનોમાં કુલ 34 સેનાના જવાનો હતા. જવાનો કારુ ગૈરીસનથી લેહ પાસે ક્યારી તરફ જઈ રહ્યા હતા.

## રૂપિયો તેની અત્યાર સુધીની સૌથી નીચી સપાટીએ પહોંચ્યો

### ડોલર સામે 7 પૈસા ઘટીને 85.11 થયો, વિદેશી સામાન મોંઘો થશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

રૂપિયો તેના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચ્યો હતો. યુએસ ડોલર સામે 07 પૈસાનો ઘટાડો થયો હતો અને તે 85.11 રૂપિયા પ્રતિ ડોલરની સર્વકાલીન નીચી સપાટીએ બંધ રહ્યો હતો. અગાઉ 19 ડિસેમ્બર 2024ના રોજ ડોલર સામે રૂપિયો 85.08ના સ્તરે બંધ થયો હતો. નિષ્ણાતોના મતે આ ઘટાડો ડોલરની મજબૂતી અને ક્રૂડ ઓઈલની વધતી કિંમતોને કારણે આવ્યો છે. વિદેશી ચલણના વેપારીઓએ ભારતીય રૂપિયામાં ઘટાડાનું કારણ યુએસ ડોલરની મજબૂત માગ અને ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાને આભારી છે. હકીકતમાં, ગયા અઠવાડિયે યુએસ સેન્ટ્રલ બેંક, ફેડરલ રિઝર્વે વર્ષ 2025માં બે વાર વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો. આ પછી ડોલર ઈન્ડેક્સ મજબૂત થયો છે.

## મુંબઈ પોલીસની મોટી કાર્યવાહી, 8 મહિલા સહિત 10 ઘૂસણખોર બાંગ્લાદેશીની કરી ધરપકડ

### ખોટા ડોક્યુમેન્ટ બનાવીને બાંગ્લાદેશીઓને રહેવામાં મદદ કરતા હતા, 1 હજારથી વધુની ઓળખ થઈ

(એજન્સી) મુંબઇ । તા. 24

મહારાષ્ટ્રની નવી મુંબઈ પોલીસે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. પોલીસે ભારતમાં ગેરકાયદે રહેતી 8 મહિલાઓ સહિત 10 બાંગ્લાદેશીઓની ઝડપી પાડ્યા છે. પોલીસે આજે (24 ડિસેમ્બર) કહ્યું કે, ક્રાઈમ બ્રાન્ચના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે વાશી અને ખારઘર વિસ્તારમાં દરોડા પાડ્યા હતા, જેમાં આ લોકોની ધરપકડ કરવામાં આવી છે. નવી મુંબઈ પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, 'બાંગ્લાદેશી પુરુષો શ્રમિક તરીકે કામ કરતા હતા. જ્યારે મહિલાઓ ઘરઘરાઉ કામ કરતી હતી. એક અધિકારીએ કહ્યું કે, ધરપકડ કરાયેલા બાંગ્લાદેશી પુરુષો અને મહિલાઓ વર્ષ 2023થી ભારતમાં ગેરકાયદે રહે છે.

### ઝડપાયેલા બાંગ્લાદેશીઓ પાસે નાગરિકતા-પ્રવાસના કોઈ દસ્તાવેજ નહીં

જ્યારે પોલીસે તપાસ કરી, ત્યારે બાંગ્લાદેશીઓ ભારતીય નાગરિકતા અથવા પ્રવાસના દસ્તાવેજોના કોઈ પુરાવા રજૂ કરી શક્યા ન હતા. અધિકારીએ કહ્યું કે, તેઓમાંથી કેટલાક લોકો વર્ષોથી ભારતમાં ગેરકાયદે રહે છે. ખારઘર પોલીસે પાસપોર્ટ એક્ટ અને વિદેશી એક્ટની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો છે અને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

# શેખ હસીના પર ₹ 42,600 કરોડની ઉચાપતનો આરોપ

## પુત્ર-બહેન અને ભત્રીજીને પણ બનાવ્યા આરોપી : એન્ટી કરપ્શન કમિશને તપાસ શરૂ કરી

(એજન્સી) ઢાકા । તા. 24

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુસીબતોનો અંત નથી આવી રહ્યો. મોહમ્મદ યુનુસની સરકાર તેમના પર સતત નવા આરોપો લગાવી રહી છે. હવે બાંગ્લાદેશમાં ભ્રષ્ટાચાર વિરોધી આયોગ (ACC) એ હસીના અને તેના પરિવાર વિરુદ્ધ આશરે રૂ. 42,600 કરોડ ($5 બિલિયન)ની ઉચાપત માટે તપાસ શરૂ કરી છે. ઢાકા ટ્રિબ્યુન અનુસાર, હસીના પર રાજધાની ઢાકાથી 160 કિમી દૂર રૂપપુરમાં રશિયન દ્વારા ડિઝાઈન કરાયેલા પરમાણુ પાવર પ્લાન્ટમાં ઉચાપત કરવાનો આરોપ છે. રશિયન સરકારી કંપની રોસાટોમ દ્વારા બનાવવામાં આવી રહેલા આ પ્લાન્ટમાં ભારતીય કંપનીઓનો પણ હિસ્સો છે.



### ઉચાપત કરેલા નાણાં મલેશિયામાં ટ્રાન્સફર કરવાનો આરોપ

હસીના વિરુદ્ધ તપાસ શરૂ કરવાનો નિર્ણય ત્યારે લેવામાં આવ્યો જ્યારે બાંગ્લાદેશની હાઈકોર્ટે થોડા દિવસો પહેલા ACCને પૂછ્યું હતું કે, આ મામલે તેની નિષ્ક્રિયતાને ગેરકાયદે કેમ જાહેર ન કરવી જોઈએ? આ કેસમાં શેખ હસીના, તેમના પુત્ર સજીબ વાઝેદ જોય, બહેન રેહાના અને ભત્રીજી તુલિપ સિદ્દીકને આરોપી બનાવવામાં આવ્યા છે. આરોપ છે કે તેમણે ઉચાપત કરેલી રકમ મલેશિયાની બેંકમાં ટ્રાન્સફર કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્યૂલિપ સિદ્દીક, શેખ રેહાના અને અન્ય લોકોએ મની લોન્ડરિંગની 30% રકમ કમિશન તરીકે મેળવી હતી. શેખ હસીના હાલમાં ભારતમાં રહે છે, જ્યારે તેનો પુત્ર અમેરિકામાં છે.

### સજીબ વાઝેદે કહ્યું- બાંગ્લાદેશમાં રાજકીય દમન થઈ રહ્યું છે

આ પહેલા સોમવારે બાંગ્લાદેશે ભારત પાસે શેખ હસીનાને પરત મોકલવાની માગ કરી હતી. બાંગ્લાદેશના વિદેશ સલાહકાર તૌહીદ હુસૈને પણ આ અંગે એક પત્ર મોકલ્યો હતો. તૌહીદ હુસૈન કહે છે કે, બાંગ્લાદેશ સરકાર ઈચ્છે છે કે ભૂતપૂર્વ વડાપ્રધાન કાયદાનો સામનો કરે. શેખ હસીનાના પુત્ર સજીબ વાજેદે આ માગ પર યુનુસ સરકારની ટીકા કરી હતી. પર તેણે લખ્યું તે ન્યાયને બાયપાસ કરે છે અને અવામી લીગના નેતાઓ પર હુમલાઓને પ્રોત્સાહન આપે છે. પહેલા બાંગ્લાદેશની કાંગારૂ કોર્ટ અને હવે દેશનિકાલની આ માગ, તે પણ એવા સમયે જ્યારે સેંકડો નેતાઓ અને કાર્યકરોની ગેરકાયદેસર રીતે હત્યા કરવામાં આવી રહી છે. તેમના પર હત્યાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે, હજારો લોકોને ગેરકાયદેસર રીતે કેદ કરવામાં આવી રહ્યા છે. અમને આ ન્યાય વ્યવસ્થામાં બિલકુલ વિશ્વાસ નથી. શેખ હસીના સામે અત્યાર સુધીમાં 225થી વધુ કેસ બાંગ્લાદેશમાં બળવા પછી રચાયેલી યુનુસ સરકારે હસીના વિરુદ્ધ હત્યા, અપહરણથી લઈને રાજદ્રોહ સુધીના 225થી વધુ કેસ નોંધ્યા છે. તે જ સમયે બાંગ્લાદેશ સરકારે ચેતવણી આપી છે કે, ભારતમાં રહીને હસીનાએ આપેલા નિવેદનો બંને દેશોના સંબંધોને બગાડી રહ્યા છે.

### ચંડીગઢ કોર્પોરેશનની બેઠકમાં મારામારી

## આંબેડકર-બંધારણ મુદ્દે AAP અને BJP કાઉન્સિલરો વચ્ચે બબાલ

(એજન્સી) ચંડીગઢ । તા. 24

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર અને બંધારણ મુદ્દે રાજકારણમાં ભારે ધમાસાણ જોવા મળી રહ્યું છે. પહેલા સંસદમાં આંબેડકર અને બંધારણ મુદ્દે ધમપછાડા થયા, પછી મહારાષ્ટ્રના પરભણીમાં હિંસા થઈ અને હવે ચંડીગઢ કોર્પોરેશની બેઠકમાં બબાલ થઈ છે. મળતા અહેવાલો મુજબ કોર્પોરેશનની બેઠકમાં આમ આદમી પાર્ટી અને ભાજપના કાઉન્સિલરો વચ્ચે ભયંકર બબાલ થઈ છે. તેમની વચ્ચે મારામારી થઈ હોવાના પણ અહેવાલ સામે આવ્યા છે.

### કોંગ્રેસ-AAPએ શાહના રાજીનામાની માંગ કરતા BJP ભડકી

વાસ્તવમાં આંબેડકર વિરુદ્ધ કથિત ટિપ્પણીના વિરોધમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાઉન્સિલરોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ એક પ્રસ્તાવ લાવ્યા હતા, જેમાં તેમના રાજીનામાની માંગ કરવામાં વા હતી. જોકે આ મામલે ભાજપના કાઉન્સિલરો ગુસ્સે ભરાયા હતા અને તેઓએ પુરજોશમાં વિરોધ શરૂ કરી દીધો હતો. ત્યારબાદ સામ-સામે ભારે સૂત્રોચ્ચાર થયા, બબાલ શરૂ થઈ અને પછી હિંસક વિરોધ શરૂ થઈ ગયો, જેમાં કાઉન્સિલો મારામારી પર ઉતરી આવ્યા. કોર્પોરેશનમાં વિવાદનું મૂળ કારણ નોમિનેટેડ કાઉન્સિલર અનિલ મસીહા છે. તેઓ કોંગ્રેસ અને આપના કાઉન્સિલરો પાસે પહોંચી ગયા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.

# સિંહના મુખ્ય કોરીડોરમાં સોલાર પ્રોજેક્ટ માટે 7 પેટા કોરીડોરનો જંગલી નિર્ણય અગાઉ ઈન્કાર કરનાર વનતંત્ર હવે મંજૂરી આપવા તલપાપડ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

સોલાર પેનલની ગીચતા વચ્ચે પેટા કોરીડોરમાં સિંહો જશે કેમ કરીને? હવે એવો તે ક્યો નિયમ ફરી ગયો કે વન તંત્ર મંજૂરી આપવા મજબૂર વિસાવદરના ઘોડાસણની સીમમાં સોલાર પ્રોજેક્ટને મંજૂરી આપવાની ગતિવિધિ સામે સિંહપ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તે છે. અગાઉ મંજૂરી મુદ્દે ઈન્કાર કરનાર સ્થાનિક વનતંત્ર હવે મંજૂરી આપવા માટે કામે લાગી ગયું છે. સ્થાનિક વનતંત્ર ની મંજૂરી આપવાની નીતિ- રીતિ સામે સવાલો ઉઠ્યા છે. જો નિયમ મુજબ મંજૂરી આપી શકાય તેમ હતું. તો અગાઉ શા માટે મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો અને હવે એવો ક્યો નિયમ આવ્યો કે મંજૂરી આપવા



માટે વનતંત્ર તલપાપડ થઈ રહ્યું છે.

અગાઉ આ સોલાર પ્રોજેક્ટની મંજૂરી આપવાનો ઈન્કાર કરનાર વન વિભાગની ટીમના અધિકારીઓ રૂબરૂ ઘોડાસણ ખાતે દોડી ગયા હતા. સોલાર પ્રોજેક્ટ માટેની ૨૮૯ વિઘા જમીનમાંથી સિંહો માટે સાત કોરીડોરની જગ્યા નક્કી કરી રહ્યા છે. આ તમામ જમીનમાંથી અલગ- અલગ સાત રસ્તા ઓ મુકવામાં આવશે અને આ રસ્તાઓ પરથી સિંહો આવન- જાવન કરી શકે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. એક તો ઘોડાસણ ગામ ઈકો સેન્સિટિવ ઝોનમાં આવે છે, આ ઉપરાંત ગીર-ગિરનારનો મુખ્ય કોરીડોર પણ ઘોડાસણને ગણવામાં આવ્યો છે. સોલાર પ્રોજેક્ટની જમીનમાંથી સાત કોરીડોર મુકવાની નીતિને સિંહપ્રેમીઓએ કોરીડોરમાંથી પેટા કોરીડોર કાઢવાની નીતિ ગણાવી છે. જે સાત કોરીડોર કાઢવામાં આવી રહ્યા છે તે ક્યા આધારે નક્કી થયા છે? તે પણ એક સવાલ છે. કેમ કે, અગાઉ આ વિસ્તાર ને કોરીડોર નક્કી કરવામાં આવ્યો ત્યારે રેડિયોકોલરના ડેટાના આધારે કોરીડોર નક્કી થયો હતો, તો શું જે સાત કોરીડોર કાઢવા માં આવશે ત્યાંથી સિંહો આવન- જાવન કરશે જ તે વનતંત્રએ કેવી રીતે જાણ્યું? સોલાર પ્રોજેક્ટની વચ્ચોવચ્ચ સિંહો પસાર થાય તો જોખમ રહેશે? શું સોલાર પેનલની ગીચતા વચ્ચે સિંહ જશે ? આવા અનેક સવાલોએ વનતંત્રને સવાલોના ઘેરામાં મુકી દીધુ છે.

## બામણાસા ગીરના મહિલા સરપંચના પુત્રએ વનતંત્રના ત્રાસથી ઝેર પીધું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

ઈકો ઝોન મુદ્દે ચાલતાં આંદોલનના માહોલ વચ્ચે ચકચારી બનાવ અગાઉ વન વિભાગ વિરૂધ્ધ રજૂઆતો કરી હોવાથી ધાક- ધમકી આપવા ઉપરાંત બળતણ માટેનો કુહાડો છીનવી લેતાં મનમાં લાગી આવવાથી પગલું ભર્યાનો આરોપ છેલ્લા ઘણા સમયથી ગીર પંથકમાં લાગુ થનાર ઈકો સેન્સિટીવ ઝોન મુદ્દે વન વિભાગ સામે ગામે-ગામ આંદોલન ચાલી રહ્યા છે. એવા માહોલમાં જ તાલાલા તાલુકાનાં બામણાસા ગીર ગામનાં મહિલા સરપંચના પુત્ર નિલેશભાઈ કાનજીભાઈ અઘેરા (ઉ.વ.૪૫) એ વનવિભાગના ત્રાસથી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ભારે ચકચાર ફેલાઈ છે.



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ની નિવૃત પ્રા.શિક્ષકોની નાણાં ધિ. સહ.મંડળી ના સદસ્ય સ્વ.શિવાજી સ્વરૂપજી ઠાકોર ના અવસાન પછી તેમના વારસદાર જયાબેન શિવાજી ઠાકોર ને તેમને મૃત્યુ સહાય પેટે દરેક સભાસદ ના રૂ.200 લેખે 182 સભ્યોના રૂ.36400 ની સહાય મંડળી ના પ્રમુખ મંત્રી અને ચાણસ્મા તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ ચંદુભાઈ પટેલ,લાલસિંહભાઈ પરમાર,મણીભાઈ પટેલ,કાંતિભાઈ પ્રજાપતિ,ધરમસિંહભાઈ દેસાઈ તેમજ તેમના વાલી વરસોની હાજરીમાં આ સહાય ચુકવવામાં આવી હતી.

# કાંગર્યામાળ ગામે ગૂગલ પેનું બોનસ મળેલ છે કહી ફ્રોડ કરાયું : અંદાજે 52 હજાર ખંખેરી લીધા

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં કાંગર્યામાળ ગામ ખાતે રહેતા 24 વર્ષીય યુવકને એક અજાણ્યા નંબર પરથી ફોન આવેલ અને કહ્યુ હતુ કે,ગૂગલ પે નું 5 હજાર રૂપિયાનું બોનસ મળેલ છે.એમ કહી અજાણ્યા ઈસમે એક લિંક આપી અંદાજે 52 હજાર રૂપિયા ખંખેરી લીધા હતા.ત્યારે સાયબર ફ્રોડ થતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.સુબીર તાલુકાના કાંગર્યામાળ ગામ ખાતે રહેતા અરવિંદભાઈ ગુલાબભાઈ પવાર (ઉ. વ.24) પર અજાણ્યા નંબર પરથી ફોન આવેલ અને જણાવેલ કે,' હું ગૂગલ પે માથી બોલુ છુ તમે અરવિંદભાઈ બોલો છો ? ' ત્યારે અરવિંદભાઈ એ હા પાડેલ ત્યારે તે વ્યક્તિ એ જણાવેલ કે,' તમે ગુગલ પે વાપરો છો?' તેમ પુછતા અરવિંદભાઈ એ હા પાડેલ ત્યારે તે વ્યક્તિએ કહ્યું હતુ કે, 'તમે ગુગલ પે ના લક્કી કસ્ટમર છો તમને ગુગલ પે તરફથી રૂપિયા 5000/-નું બોનસ મળેલ છે. જે રૂપિયા તમારા ખાતામાં જમા કરવા ગુગલ પે ઉપર amazon pay ની લીંક મોકલુ છુ.જે લીંક ઓપન કરી તેમા તમારો ગુગલ પે નો પીન નંબર નાખવો.' જે બાદ અરવિંદભાઈ એ amazon pay ની લીંક ક્લીક કરી ગૂગલ પે નો પીન નંબર નાખતા ગુગલ પે મા રૂ.5000/- નુ બોનસ જમા થવાને બદલે ખાતામાંથી રૂપિયા 5000/- કપાઈ ગયેલ જેનો મેસેજ આવેલ હતો.અને તેના હજુ એક કલાક બાદ અન્ય 5000 હજાર કપાઈ ગયેલ,અને આ જ રીતે થોડી થોડી વારે તેમનામાં રૂપિયા કપાય ગયા હતા.જેના મેસેજ આવ્યા જ કરતા હતા. ત્યારે થોડા થોડા કરી કુલ રૂપિયા 52,499/- ગુગલ પે માંથી ટ્રાન્સફર કરી લઈ અજાણ્યા ઈસમ એ યુવક સાથે સાયબર ફ્રોડ કર્યો હતો.જે બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. હાલમાં સુબીર પોલીસે આ અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા બાઈક ચાલકનું મોત

કિશન રોહિડા : જરોદ

વાઘોડિયાથી વડોદરા સાવલી જરોદ તરફ જતા માર્ગ પર એક અજાણ્યા વાહન ચાલકે રવાલ ગામ ના સંજય મકવાણા ઉંમર વર્ષ 26 પોતાની મોટરસાયકલ લઈને પોતાના ગામ રવાલ તરફ જતી વેળા એ અડફેટે લેતાં સંજય મકવાણા નું ઘટના સ્થળે મૃત્યુ નીપજ્યું હતું વાઘોડિયા થી ખંધા ગામ વચ્ચે આવેલ આર આર કેબલ ફેક્ટરી સામે રાત્રીના વાઘોડિયા થી પોતાનું કામ પતાવીને પોતાના ઘરે રવાલ પરત ફરતી વેળાએ કોઈ અજાણ્યા વાહન ચાલકે બાઈક સવાર ને અડફેટે લેતાં માર્ગ પર થી પ્રસાર થતાં રાહદારી દ્વારા 108 ને મોબાઈલ ફોન કરતાં 108 એમ્બ્યુલન્સ સેવા ઘટના સ્થળે આવી પહોંચતા 108 એમ્બ્યુલન્સ સેવા ના તબીબે સંજય મકવાણા ને મૃત જાહેર કરતા વાઘોડિયા પોલીસ મથકે જાણ થતાં વાઘોડિયા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી ને જોતા સંજય મકવાણા ને માથાં ના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ લોહી ના ખાબોચિયાં ભરાઇ ગયા હતા સંજય મકવાણા ની ઓળખ વાઘોડિયા પોલીસે કરતા બાજુના ગામ રવાલ નો રહેવાસી જાણ થતાં પોલીસે સંજય મકવાણા નાં પરીવારજનો ને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવી આવ્યા હતા મૃતક ની પત્ની પ્રસુતિ માટે પોતાના પિયર ગયેલી છે જોકે માર્ગ પર થી પ્રસાર થતાં અન્ય એક મોટરસાયકલ ચાલકે સંજય મકવાણા ને અડફેટે લેનાર આઈસર ની મૌખિક માહિતી પોલીસ ને આપતા વાઘોડિયા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ અકસ્માત મોત નો ગુન્હો નોંધી ને અજાણ્યા વાહન ચાલક ને પકડવા કામગીરી હાથ ધરી છે.

# પીએચડીની ડીગ્રી એનાયત કરવામાં આવી

રાકેશ મહેતા : ધનસુરા

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી (ગોધરા ) માંથી મનોવિજ્ઞાન વિભાગમાં ના અધ્યાપક ડૉ. હિતેશ વાઢિયા ના માર્ગદર્શન નીચે મહાશોધ નિબંધ રજૂ કરતાં શ્રી ધવલ પ્રવિણચંદ્ર સોનેરી માનનીય કુલપતિ શ્રી પ્રતાપસિંહ ચૌહાણ વરદ હસ્તે PH.D ની ડીગ્રી એનાયત કરવામાં આવી. ડૉ. ધવલભાઈ સોનેરી શિક્ષણમાં M.A , B.ED , MPHIL with psychology અને B.A , M.A with history ની લાયકાત ધરાવે છે તેઓ શૈક્ષણિક રીતે પૂર્વ ptc college Mirambika માં આચાર્ય તરીકે લાંબો સમય સેવા આપેલ છે તેમજ NIOS મા Resource person તરીકે રહીને untrained ટિચરોને training આપેલ છે . તેઓ સરકારી પ્રાથમિક શાળા માં



શિક્ષકોની ઘટ હોવાથી શિક્ષણ થી સતત ચિતાશિલ હોય તેથી એક પ્રાથમિક શાળામાં બે વર્ષ સુધી માનદ સેવા આપીને શિક્ષણ વિષે તેમનો અભિગમ નિર્દેશ કરે છે. હાલ તેઓ શ્રી ઓમ ટ્રસ્ટ માં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કાર્યભાર સંભાળે છે અને તેમની શ્રી વિવેકાનંદ પ્રી સ્કૂલ માતર ખાતે કાર્યરત છે. તેઓશ્રીએ તેમનું સંશોધન A Comparative study of occupational stress, job satisfaction and psychological well-being among private and government school* teachers ' પ્રાઈમરી અને અપર પ્રાઈમરી વિભાગમાં કરેલ છે. તેઓ હંમેશા શિક્ષણ માં રસ અને રુચિ ધરાવતા હોવાથી આજના શિક્ષણમાં કેવી રીતે સુધારો કરી શકાય તેમજ કયા કારણો કોઈ ને કોઈ બાબતો ભાગ ભજવે છે તે જાણવું અને તુલના કરવી તેવો અભિગમ હતો ' તેમના દ્વારા ઈન્ટરનેશનલ જનરલ માં 6 પેપર Publish થયેલા છે અને Research Methodology ના નેશનલ વર્કશોપ,વેબીનાર, કોન્ફરન્સ મળીને કુલ ૧૮ જેટલા એટેન્ડ કરેલા છે.

## શ્રીમતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલના વિદ્યાર્થીનીઓ દ્વારા જી.એમ.બી. પોલિટેકનિકલ સ્કુલની મુલાકાતે



કિશોર આર. સોલંકી : જાફરાબાદ

શ્રીમતી ટી . જે. બી. એસ . ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ જી . એમ.બી પોલિટેકનિકલની મુલાકાતે શ્રીમતી ટી .જે. બી. એસ.ગર્લ્સ હાઈસ્કૂલ ની વિદ્યાર્થીનીઓએ જી . એમ.બી. પોલિટેકનિક ની મુલાકાત લઈ તેમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી મેળવી હતી તથા તેમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ અભ્યાસ તથા આગળની તકો વિશે માહિતી મેળવી હતી .આ માટે પોલી ટેકનીક ના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફ પરિવારે ખૂબ જ સુંદર માર્ગદર્શન પૂરું પાડયું હતું .શાળાનાં આચાર્યા શ્રીમતી સીમા બહેન પંડ્યા જોષી એ શાળા સંચાલક મંડળ તથા સમગ્ર શાળા પરિવાર વતી આભાર માન્યો હતો. અને વિધાર્થીનીઓ દ્વારા જી. એમ.બી. પોલિટેકનિકલની મુલાકાત લઈ ખુશખુશાલ થયાં હતાં.

# સેવા આશ્રમ કાર્ગો મધ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

સેવા આશ્રમ કાર્ગો મધ્યે આજરોજ મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંયુક્ત સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ રામકૃષ્ણ મઠ આદિપુર રામ કૃષ્ણ ટ્રસ્ટ ગાંધીધામ દ્વારા સેવા આપવામાં આવી હતી પ્રથમ સ્વ શ્રી નારણભા કરમણભા ગઢવી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેવા આશ્રમ કાર્ગો દ્વારા સ્વામી મંત્રેશાનંદજી મહારાજ શ્રી મોહનભાઈ ધારશી ગંગારામભાઈ ઠક્કર અને સોનલબેન પટેલ અને આવનારા સેવા ભાવી મહાનુભાવો ઓનું નું સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં 178 દર્દીઓએ મેડિકલ સેવાનો લાભ લીધો હતો જેમાં દવા અને ડોક્ટર ની તપાસ વિના મૂલ્ય રાખવામાં આવી હતી



જેમાં 155 જેટલી મહિલાઓએ આ સેવાનો લાભ લીધો હતો મેમોગ્રાફી મશીન થી તપાસ @ બ્લડ ટેસ્ટ PSA અને CA 125 ની તપાસ PAP SMEAR ની તપાસ - બીપી અને શુગર ટેસ્ટ 7 ડિજીટલ એક્સ-રે સાથે મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓ ને સાડીઓ આપવામાં આવી હતી આ સેવાના કાર્યમાં સોનલબેન પટેલ . કિરણભાઈ પ્રજાપતિ. ભરતભાઈ ધવલેસા. ખ્યાતિ રાવતીયા. પુજાબેન ઠક્કર. દિપાબેન વજીરાણી .આશાબેન અખાણી .સુમનબેન. ભાવનાબેન મંગે. નિતાબેન ઠક્કર. કૃપાબેન જોષી. હિનાબેન જોષી. રાધાબેન વૈષ્ણવ. હેમાબેન ઓલાણી. સંજયભાઈ. દેવીપુજક કરણસિંહ ઝાલા સકતાભાઈ પટેલ .દિપેનભાઈ જોડ .જગદીશભાઈ ગઢવી. લલીતભાઈ જાટ .અરવિંદ જાદવ. વિઞનેષ નાયડુ .કરણભાઈ રબારી. મહાવીર સિંહ ઝાલા. વિરાજ રાજભા ગઢવી હાજર રહ્યા હતા.

# ચાણસ્મા ગોગા ધામના રજત મહોત્સવની સફળતા માટે અમદાવાદથી ચાણસ્મા પગપાળા સંઘ પધાર્યો

નિતીન ઠાકર : ચાણસ્મા

ચાણસ્માના જૂના રબારીવાસમાં આવેલા 1200 વર્ષ પૌરાણિક ગોગા મહારાજના મંદિરમાં સ્થાપિત માતાજીઓની મૂર્તિઓની પ્રતિષ્ઠાના 25મા વર્ષે ગોગા મહારાજ પરિવાર અને સમસ્ત ખાંભલ્યા પરિવાર દ્વારા દ્વારકા શારદા પિઠાધિશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી સહિત અનેક સંતો- મહંતોની ઉપસ્થિતમાં તા.17, 18 અને 19 જાન્યુઆરી ભવ્ય રજત જયંતી મહોત્સવનું આયોજન કરાયું છે. આ ધર્મોત્સવની સફળતાની મનોકામના સાથે ગોગા મહારાજ પરિવારના પૌત્ર અમેરિકા સ્થિત પ્રવિણભાઈ હિતેન્દ્રભાઈ દેસાઈની આગેવાનીમાં અમદાવાદથી પગપાળા સંઘ નીકળ્યો હતો. જે મંગળવારે સવારે ચાણસ્મા પહોંચ્યો હતો. પ્રવેશદ્વારથી મંદિર સુધી દંડવત સાથે પ્રવીણભાઈ સહિતના પદયાત્રીઓ ગોગા



મહારાજના મંદિરે આવી પહોંચતાં ભુવાજી મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ, પૂજારી હસુભાઈ ગોસ્વામી, ખેંગારભાઈ દેસાઈ, મુકેશ પિત્રોડા સહિત કુટુંબીજનો અને ગ્રામજનોએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સમગ્ર માહોલ 'બોલ મારા ગોગા જય જય ગોગા'ના જયનાદથી ગૂંજી ઊઠ્યો હતો. ચાણસ્મા ગોગા મહારાજ ધરમોડાના ગોગા તરીકે પૂજાતા હોય આ સંઘ અહીંથી ધરમોડા મંદિરે જઈ ત્યાં પણ પૂજા-અર્ચના કરી હતી.

# ગુજરાત એસ.ટી. નિગમે નાગરિકોની મુસાફરી વધુ આરામદાયક બનાવી : નવી 10 અદ્યતન વોલ્વો બસ ગુજરાતની પ્રજાને અર્પણ કરતા વાહનવ્યવહાર મંત્રી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત સરકારના ગોલ્ડન ગોલને ધ્યાને લઈને ,આજની પ્રજાને મુસાફરી દરમિયાન વધુ સુખાકારી યુક્ત પરિવહન સેવાઓ મળી રહે એ હેતુથી, ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નવી 10 વોલ્વો બસને , આજે લીલી ઝંડી બતાવીને, વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રજાની સેવામાં અર્પણ કરી હતી.આ નવીન બસોને લીધે ગુજરાતની નાગરિકોની સેવા-સુવિધામાં એક મોરપીંછ ઉમેરાયું છે. આ નવી વોલ્વો બસ 47 સીટીંગ કેપેસિટીની છે.વોલ્વો બસ ૨*૨ લેધર અને આરામદાયક પુશ બેક સીટ, સીસીટીવી કેમેરા, મોબાઈલ ચાર્જિંગ ફેસિલીટી , ફાયર



સેફટી માટે અદ્યતન સ્પ્રીન્કલર સિસ્ટમ અને ઈમરજન્સી એક્ઝિટ ડોરની સુવિધાથી સુસજ્જ છે. મુસાફરોને વધુ આરામદાયક સફર પરિવહન સેવાઓ મળી રહે તે માટે, ગુજરાત એસ.ટી. નિગમે, સર્વિસોમાં વધારો કરીને નવી દસ હાઈ એન્ડ વોલ્વો સિટર બસોને આજથી સંચાલનમાં મૂકી છે. અગાઉ સૌ પ્રથમ વર્ષ 2010માં અમદાવાદ થી વડોદરા વચ્ચે 10 હાઇ એન્ડ પ્રકારના પ્રીમિયમ વાહનોને સંચાલનમાં મૂકીને નિગમે પ્રજાની સુવિધામાં વધારો કર્યો હતો. આ સર્વિસોમાં મુસાફરોનો સારો પ્રતિસાદ મળતા નિગમ દ્વારા ઉપરોક્ત વધારો કરીને હાલમાં, 170 હાઈ એન્ડ પ્રકારના સ્લીપર અને સીટર વાહનો ચલાવવામાં આવે છે. આ વાહનો મુખ્યત્વે રાજ્યના અગત્યનાં અમદાવાદ, વડોદરા, રાજકોટ ભુજ ,સુરત જેવાં શહેરોમાં, સોમનાથ, અંબાજી, દ્વારકા, શામળાજી, ચોટીલા, જુનાગઢ, વીરપુર વગેરે જેવાં ધાર્મિક સ્થળોએ, સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા અમદાવાદ અને અન્ય રાજ્યમાં નાથદ્વારા, ઉદેપુર અને કેસરિયાજી જેવાં સ્થળોએ સંચાલન કરવામાં આવે છે.

# અમરેલી જીલ્લા યુવક કોંગ્રેસની જીલ્લા કમિટીની નિમણૂંક કરતા સંદીપ ધાનાણી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

અમરેલી જિલ્લા માં યુવક કોંગ્રેસ ની જીલ્લા કમિટીની નિમણૂક કરવામાં આવી ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ ના પ્રમુખ શ્રી હરપાલસિંહ ચુડાસામા ની સૂચના થી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ ના પ્રમુખ સંદિપ ઘાનાણી દ્વારા અમરેલી જિલ્લા માં યુવક કોંગ્રેસ ને વધુમાં વધુ મજબૂત બનાવી છેવાડા ના માનવી ના પ્રશ્નો ને વાચા આપવા માટે અમરેલી જિલ્લા કમિટી ની નિમણુંક કરવામાં આવી જેમાં અમરેલી જીલ્લા ઉપપ્રમુખ તરિકે અજયભાઈ વાળા,જુનેદભાઈ ડોડીયા, કાનાભાઈ હાડકરડા, જીગ્નેશભાઈ બગડા અમરેલી જીલ્લા મહામંત્રી તરીકે શક્તિભાઈ રાઠોડ,હરેશભાઈ કોટિલા,હિરેનભાઈ ટીમાંણીયા, મહેશભાઈ મકવાણા, મુસ્તાકભાઈ ગાહા જીલ્લા મીડિયા પ્રહલાદભાઈ સોલંકી ની નિમણુંક કરવામાં આવી અમરેલી જીલ્લા મંત્રી તરીકે ચેતનભાઈ ભટ્ટ, ધવલભાઈ ડેર,વનરાજ ભાઈ ખંડેલા અશ્વિનભાઈ ચૌધરી ની નિમણુંક કરવામાં આવી ઉપરોક્ત નિમણુંક ને અમરેલી જિલ્લા ના કોંગ્રેસ ના આગેવાન શ્રી પરેશભાઈ ધાનાણી પૂર્વ વિપક્ષ નેતા ગુજરાત વિધાનસભા,પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમર,અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, જેનીબેન ઠુમર,ઠાકરશીભાઈ મેતલીયા,ટીકુંભાઈ વરુ, ચંદ્રેશભાઈ રવાણી, હસુભાઈ સૂચક, સુરેશભાઈ કોટડીયા,જે ડી કાછડ,ડી.કે. રૈયાણી,અર્જુનભાઈ સોસા,મુજફર હુસેન સૈયદ બાપુ,વલ્લભભાઈ જીંજુ વાડિયા, જમાલભાઈ સરવૈયા,રમેશભાઈ ગોહિલ,મીનાબેન સૌંડાગર , અશ્વિનભાઈ ધામેલિય,સાહિલ શેખ,હસુભાઈ બગડા, જે પી ગોળ વાળા સહિતના કોંગી આગેવાનો એ આવ કારેલ છે.

# આદિજાતી વિસ્તારમાં બાગાયત વિકાસ કાર્યક્રમ એચ.આર.ટી-૩ યોજના હેઠળ આઇ ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવે છે

કમલેશ પટેલ : સંખેડા

છોટાઉદેપુર જિલ્લામાં બાગાયત ખેતી કરતા ખેડૂતો માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં "આદિજાતી વિસ્તારમાં બાગાયત વિકાસ કાર્યક્રમ એચ.આર.ટી-૩ યોજના હેઠળ" આદિજાતી વિસ્તારના મધમાખી પાલકોને વિનામુલ્યે મધમાખી હાઈવ્સ તથા કોલોની પુરી પાડવાની યોજના ( આદિજાતી લાભાર્થી ) નવી બાબત તરીકે મંજુર થયેલ હોઇ, સદરહું કાર્યક્રમ હેઠળ છોટાઉદેપુર જિલ્લાનાં આદિજાતી વિસ્તારના ૪ (છોટાઉદેપુર, ક્વાંટ, જેતપુર પાવી, નસવાડી) તાલુકાઓમાં મધમાખી પાલકોને / સેલ્ફ હેલ્પ ગુપ/સખી મંડળ/ FPO/FPC ના આદિજાતી સભાસદને વિનામુલ્યે બે મધમાખી હાઈવ્સ તથા કોલોની ( મધમાખીની પેટી) પુરી પાડવા માટે આઇ ખેડુત પોર્ટલ પર તા.૨૪/૧૨/૨૦૨૪ થી ૨૩/૦૧/૨૦૨૪ સુધી આઈ ખેડુત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in) ખુલ્લુ મુકવામાં આવેલ છે. જે ખેડુતમિત્રો બાગાયત ખાતાની સદર સહાય યોજનામાં લાભ લેવા માંગતા હોય તેઓએ ઉપરોક્ત જણાવેલ સમયગાળા દરમ્યાન ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ પંચાયત કેન્દ્ર માં VCE મારફત અથવા ખાનગી ઈન્ટરનેટ સોર્સ મારફત પોતાના ૭,૧૨ અને ૮-અ ના તાજા પુરાવા, આધારકાર્ડ, તથા આધાર લીન્ક બેન્ક ખાતાની વિગત તેમજ જાતિનો દાખલો અનુ. જાતિ તેમજ અનુ. જનજાતિના ખેડુતોએ માટે વિગત સાથે લઈ જઈ ને લાભ લેવા માંગતા ઘટક હેઠળ સમયસર અરજી કરવી તથા અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ સાધનિક કાગળો અરજી કર્યા બાદ દીન-૭ માં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી એસ-૧ બીજો માળ, જિલ્લા સેવા સદન છોટાઉદેપુર ખાતે રૂબરૂ જમા કરાવવાનું નાયબ બાગાયત નિયામકશ્રી અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રાજ્ય સરકારના વર્ષ 2025ના કેલેન્ડરનું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરનું આજે ગાંધીનગર ખાતે વિમોચન કર્યું હતું. આ કેલેન્ડર "સફળ અને સક્ષમ નેતૃત્વના ૨૩ વર્ષ" થીમ પર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના વિવિધ ૨૩ આઈકોનિક સ્થળોની નયનરમ્ય તસવીરો અને અગત્યની ટૂંકી વિગતો રજૂ કરવામાં આવ્યા છે. ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતથી લઈને ગિફ્ટ સિટી અને દેશના પ્રથમ બુલેટ ટ્રેનના સૂચિત હબ એવા સાબરમતી સ્ટેશન જેવી આધુનિક માળખાકીય સુવિધા તેમજ દાંડી સત્યાગ્રહ અને પાલ દઢવાવ સ્મારકને પણ કેલેન્ડરમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરને નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી અને એમ.કે.દાસ, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક કે. એલ. બચાણી, સરકારી મુદ્રણ અને છાપકામના નિયામક વી. એમ. રાઠોડ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 13 બાળકો રતન જ્યોતના બી ખાતા બીમાર, ગરુડેશ્વર આરોગ્ય કેન્દ્ર ખાતે લવાયા

ભરત શાહ : નર્મદા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે આવેલ સરકારી દવાખાના માં સોમવારે રાત્રે અચાનક એકસાથે ૧૩ જેટલા બાળકો ને બીમાર હાલત માં લાવવામાં આવ્યા જેમાં મેડિકલ ટીમે જાણકારી



મેળવી સારવાર આપી ત્યારે જાણવા મળ્યું કે આ બાળકો રતનજ્યોત નામના બી ખાઈ જતાં હાલત બગડી હતી.જોકે જાણવા મળ્યા મુજબ આ બી બોર જેવા દેખાતા હોવાથી બાળકો બોર સમજી ખાઈ ગયા બાદ તેમની હાલત બગડી હતી. જાણવા મળ્યા મુજબ આ બાળકો નર્મદા ડેમ ની પાછળ આવેલા રિઝર્વ પાણી મા વસેલા મણીબેલી ગામ ના હતા કે જે મહારાષ્ટ્ર રાજ્ય ની હદ મા આવે છે. જોકે જાણવા મળ્યા મુજબ આ બાળકોને સારવાર આપ્યા બાદ તેમની સ્થિતિ સારી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## યાર્ડ બહાર 4 કિમી વાહનોની કતાર, માવઠાના માર વચ્ચે પોષણક્ષમ ભાવો ન મળવાની પણ ફરિયાદ

# ગોંડલ યાર્ડમાં ગોંડલિયાં મરચાંની 50 હજાર ભારીની આવક

(એજન્સી) ગોંડલ | તા.24

સૌરાષ્ટ્રમાં નંબર વન ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં રોજિંદા વિવિધ જણસીઓની આવક થતી હોય છે ત્યારે યાર્ડમાં ગોંડલિયા મરચાની અઢળક આવક નોંધાઈ છે. યાર્ડમાં એક જ દિવસમાં 40થી 50 હજાર ભારી મરચાની આવક થવા પામી છે. મરચાની આવક પહેલાં જ યાર્ડ બહાર 3થી 4 કિલોમીટર મરચા ભરેલાં વાહનોની કતારો જોવા મળી હતી.

ગોંડલિયું મરચું સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે, સમગ્ર ગુજરાતમાં ગોંડલનાં તીખાં મરચાં વખણાય છે. અહીંનું મરચું તીખાસને લઈને ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યના લોકોને પણ આકર્ષી રહ્યું છે ત્યારે ગોંડલ માર્કેટ યાર્ડમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતનાં અન્ય રાજ્યોમાંથી વેપારીઓ મરચાં ખરીદવા આવ્યા છે. જો કે મરચાની હરાજીમાં 20 કિલોના ભાવ રૂપિયા 1500થી લઈને 3000 સુધીના ભાવ બોલાયા હતા. ગોંડલ પંથકમાં માવઠાના માર વચ્ચે ગત વર્ષ કરતાં આ વર્ષે મરચાના પોષણક્ષમ ભાવો ન મળતા હોવાની પણ ફરિયાદ ઊઠી છે.



### વધારે પડતો વરસાદ થવાના કારણે પાકને નુકસાન પણ થયું છે: ખેડૂત

હડમતાળાના ખેડૂત કિશોર યાદવ જણાવે છે કે મારે મરચાનો પાક સારો એવો આવ્યો છે. વધારે પડતો વરસાદ થવાના કારણે પાકને નુકસાન પણ થયું છે. અંતે થોડો બગાડ બેઠો છે છતાં સારો પાક પણ થયો છે અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાના ભાવ સારા મળ્યા છે. 2751 રૂપિયા ભાવ આવ્યા છે. મને સારો એવો ભાવ મળ્યો છે અને વળતર મળે એવું લાગે છે અને ખેડૂતોને સારા એવા ભાવ મળી રહ્યા છે.

### બીજા પાક જેટલું વળતર માંડ માંડ મળે એવું છે, ખર્ચા વધી ગયા છે: ખેડૂત

પાટીદળના ખેડૂત દિલીપ વરસાણી જણાવે છે કે મેં મરચાનું વાવેતર કરેલું છે. મરચામાં હાલ નુકસાની ઝાઝી છે. 50% સારો ઉતારો છે અને 50% ફોરવર્ડ ઊતરે છે. હાલ મરચામાં બજાર નથી, બીજા પાક જેટલું વળતર માંડ માંડ મળે એવું છે, ખર્ચા વધી ગયા છે. આ વર્ષે મરચામાં વધારે ભીંસ જેવું લાગે છે. આ પહેલાં 2400 રૂપિયા જેવો ભાવ આવ્યો હતો અને ફોરવર્ડમાં તો ભાવ ડાઉન છે.

**સૂકું અને સારું મરચું આવશે એમ થોડો ભાવમાં સુધારો થશે:** ભારતની ટોપ એક્સપોર્ટ કંપનીઓ અમેરિકા, UK જેવા દેશોમાં એક્સપોર્ટ કરતા હોય તે વેપારી જો અહીં મરચાં ખરીદવા આવે તો આપણા ખેડૂતો જે મહામહેનતે મરચાનું ઉત્પાદન તૈયાર લીધું છે એમને એમનો ભાવ સારો મળે. ગયા વર્ષમાં અને આ વર્ષમાં ઝાઝો ફરક નથી પણ અંદાજિત સરખો ભાવ દેખાઈ રહ્યો છે. જેમ જેમ મરચું સૂકું અને સારું મરચું આવશે એમ થોડો ભાવમાં સુધારો થશે. હાલ ગોંડલ યાર્ડમાં રેશમ પટ્ટો, ઘોલર મરચાં વધારે આવતાં હોય છે અને સમગ્ર સૌરાષ્ટ્રના ખેડૂતોને વિનંતી કરીએ છીએ મરચાં વેચવાની ઉતાવળના કરતા અને ખાસ કરીને મરચું સુકાવીને લઈ આવો. તેથી તમે જે મહેનત કરીને જે મરચું તૈયાર કર્યું છે એનો ભાવ સારો મળે. ઉપરાંત માર્કેટ યાર્ડમાં મરચાંની અઢળક આવક થતા હાલ પૂરતી મરચાંની આવક બંધ કરવામાં આવી છે.

### 500થી લઈને 3000 સુધીના ભાવ બોલાયા : યાર્ડ ચેરમેન

ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરિયાએ જણાવ્યું હતું કે, આજે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાંની આવક કરવામાં આવી હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લગભગ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં પોતાનું મરચું વેચવા આવે છે. આજે 50 હજાર ભારી મરચાંની નોંધાઈ છે, અત્યારે મરચાના ભાવ રૂપિયા 1500થી લઈને 3000 સુધીના બોલાય છે. માર્કેટિંગ યાર્ડમાં સમગ્ર ભારતમાંથી મરચાં ખરીદવા ગોંડલ યાર્ડમાં આવે છે અને અમે પણ બધી કંપનીઓને ઈમેઈલ કર્યા છે.

---

## રેપકેસમાં જામીન પર છૂટ્યા બાદ 35 વર્ષના યુવકે ફરી એ જ વૃદ્ધા પર દુષ્કર્મ કરી મારી નાખવાની ધમકી આપી...

# 10 વર્ષની બાળકી બાદ હવે 72 વર્ષનાં વૃદ્ધા પર દુષ્કર્મ...

ભરૂચ | ભરૂચ સહિત દેશભરમાં ચર્ચા જગાવનાર 10 વર્ષીય બાળકી પર દુષ્કર્મની ઘટના બાદ ભરૂચ જિલ્લામાંથી વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી છે. આમોદના એક ગામમાં 72 વર્ષીય વૃદ્ધા પર 35 વર્ષના શખસે દુષ્કર્મ આચરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ આરોપીએ અગાઉ પણ આ વૃદ્ધા પર જ દુષ્કર્મ આચર્યું હતું. એ ઘટનામાં જામીન મળતાં તે બહાર આવ્યો હતો અને ફરીથી વૃદ્ધા પર દુષ્કૃત્ય આચરી મારી નાખવાની ધમકી આપી હતી.



આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના એક ગામમાં વાડીમાં ઝૂંપડી બાંધીને રહેતાં 72 વર્ષીય વૃદ્ધા પર 35 વર્ષના શૈલેષ રાઠોડ નામના શખસે તારીખ 15 અને 22 ડિસેમ્બરે બેવાર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે વૃદ્ધાએ આમોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી સામે દુષ્કર્મ તેમજ ધાકધમકીનો ગુનો દાખલ કર્યો છે.

### આરોપીએ અગાઉ પણ આ વૃદ્ધા પર દુષ્કર્મ આચર્યું હતું: DySP

આ અંગે જંબુસર ડીવાયએસપી પી.એલ. ચૌધરીએ જણાવ્યું હતું કે આ આરોપીએ દોઢ વર્ષ પૂર્વે આ વૃદ્ધા પર જ દુષ્કર્મ કર્યું હતું અને એ સમયે આમોદ પોલીસે તેની ધરપકડ કરી હતી. એ કેસમાં આરોપીને થોડા દિવસ અગાઉ જ જામીન મળતાં તે જેલમાંથી બહાર આવ્યો હતો, ત્યારે ફરીવાર તેણે આ વૃદ્ધા સાથે દુષ્કર્મ આચર્યું છે. આમોદ પોલીસે વિવિધ ટીમ બનાવી ફરાર આરોપીની ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યાં છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ પણ આ તપાસમાં જોડાઇ છે.

**10 વર્ષની માસૂમનું સોમવારે મોત થયું:** 16 ડિસેમ્બર, 2024ના ભરૂચના ઝઘડિયામાં 10 વર્ષીય બાળકી પર થયેલા દુષ્કર્મે દિલ્હીના નિર્ભયાકાંડની યાદ અપાવી હતી. આ બાળકીનું સોમવારે વડોદરાની સયાજી હોસ્પિટલમાં 180 કલાક બાદ મોત થયું હતું. પીડિતાને 23 ડિસેમ્બરના રોજ બે કાર્ડિયાક અરેસ્ટ આવ્યા હતા. બાળકી સાથે ખૂબ બર્બરતાપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ICUમાં દાખલ હતી, જેને સોમવારે બપોરે 2 વાગ્યે કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો.

---

## નવાબંદર પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં સાત માસથી ફરાર આરોપીને રાજુલા પોલીસે ઝડપી લીધો

(એજન્સી) અમરેલી | તા.24

અમરેલી જિલ્લામાં નાસ્તા ફરતા આરોપીઓ અને અન્ય જિલ્લામાં ગુન્હાઓ આચરી આશરો લઈ ફરતા હોય તેવા સહિત ગુન્હેગારો ઉપર વોચ ગોઠવી પકડવા માટેની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે.

ગીર સોમનાથ જિલ્લામાં આવેલ નવાબંદર પોલીસ સ્ટેશનના ગુન્હામાં 7 માસથી ફરાર આરોપી કરશન વજુભાઇ વંશ રે.ચીખલી ફરાર હતો. આ રાજુલા પોલીસ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન આરોપી અને ભોગબનનાર સાથે મળી આવતા હસ્તગત કરી રાજુલા પોલીસ સ્ટેશનમા લાવ્યા બાદ ગીર સોમનાથ જીલામાં આવેલ નવાબંદર મરીન પોલીસને જાણ કરતા પોલીસને આરોપી સોંપવામાં આવ્યો છે.

નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં અપહરણ જેવા ગંભીર ગુન્હામાં 7 માસથી ફરાર આરોપીને રાજુલા પી.આઈ.વી.એમ.કોલાદ્રાની ટીમએ ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી નવા બંદર પોલીસને સોંપતા ધરપકડ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે ઉપરાંત અન્ય નાસ્તા ફરતા આરોપીઓની પણ શોધખોળ હાથ ધરી છે.

---

## ખાંભા પંથકમાં સાવજોના ટોળાથી ફફડાટ, ઘોડીનો શિકાર કરી ઠંડીમાં મિજબાની માણી

# સિંહોએ ગાય નહીં ઘોડીનું મારણ કર્યું

(એજન્સી) અમરેલી | તા.24

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યામાં વધારો થતાં વનવિભાગ માટે પડકારો ઊભા થયા છે. સિંહો હવે જંગલ છોડી રેવન્યુ વિસ્તારમાં વસવાટ કરવાનું પસંદ કરી રહ્યા છે. ખાંભા તાલુકામાં સિંહોના આતંકથી લોકોમાં ભયનો માહોલ છવાયો છે. ત્યારે ગત રાત્રે ખાંભામાં સિંહોએ ઘોડીનું મારણ કરતાં ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. માત્ર ઘોડી જ નહીં, પરંતુ છેલ્લા ત્રણ દિવસથી અન્ય પશુઓના મારણની ઘટનાઓ સામે આવી રહી છે.

સિંહોની આ અવરજવર સીસીટીવી કેમેરામાં કેદ થઈ રહી છે અને સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે. વનવિભાગને રાત્રે સિંહોને દૂર ખસેડવા માટે દોડધામ કરવી પડી રહી છે.

ખાંભા સરપંચના પ્રતિનિધિ બાબભાઈ ખુમાણે જણાવ્યું હતું કે, ખાંભા શહેર અને આજુ બાજુના વિસ્તારમાં ગાઢ જંગલો આવેલા છે. ગામડા જંગલના બોર્ડર વિસ્તારમાં આવેલા તાતણીયા, નાનુડી, ભાણીયા, ગિદરડી સહિત ગામોમાં સિંહો અવારનવાર ઘુસી જાય છે. લગભગ 4 દિવસ પહેલા ખાંભામાં 3 દિવસ પહેલા આનંદ સોસાયટીમાં આખી રાત સિંહો રહ્યા હતા. ગઈ કાલે રાતે



પાલતું ઘોડીનું મારણ કર્યું છે. ખેડૂતોના પાલતું પશુના સાવજો મારણ કરી રહ્યા છે. નિવાસ બનાવી ચૂકેલા સાવજોને જંગલમાં છોડી આવે ખાંભાના ભયમુક્ત બનાવે તેવી માગ છે. રાજુલા તાલુકામાં આવેલા રામપરા ગામમાં સિંહ, સિંહબાળનું આખું ગ્રુપ ગામમાં આવી પહોચ્યું હતું. અહીં એક પશુને રહેણાંક મકાનની સામે જ તરાપ મારી દબોચી લઈ મારણ કરી જંગલની જેમ ગામમાં ભર બજારમાં ભોજન કર્યું હતું. સમગ્ર ઘટના સ્થાનિક લોકોએ મોબાઈલમાં કેદ કરતા વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

---

# થર્ટી ફસ્ટ મનાવા જતા ગુજરાનીઓ ચેતી જજો બનાસકાંઠાની બોર્ડર પર પોલીસ સુરક્ષા વધારાઇ

(એજન્સી) બનાસકાંઠા | તા. 24

બનાસકાંઠા જિલ્લા પોલીસ ચેકપોસ્ટ પર થર્ટી ફસ્ટ ને લઈ સુરક્ષામાં વધારો કરાયો છે. પોલીસ દ્વારા દરેક વાહનોને ઝીણવટભરી તપાસ કરી પ્રવેશ આપવામા આવી રહ્યો છે. જેમાં જિલ્લાની પાંથાવાડા, ખોડા, અમીરગઢ સહિત તમામ ચેક પોસ્ટો પર સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશ કરતા વાહન ચાલકોને પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરથી અને બોડી વોર્ન કેમેરાથી તપાસ કરવામાં આવી રહી છે.

ગુજરાજ-રાજસ્થાનને જોડતી બનાસકાંઠાની અતિસંવેદનશીલ ગણતી અમરીગઢ ચેકપોસ્ટ સહિત જિલ્લાની તમામ ચેકપોસ્ટ પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઇ છે. આવનાર થર્ટી ફસ્ટને લઇ રોઇ નશીલા પદાર્થો ગુજરાતમા ન ઘુસે એ હેતુથી બોર્ડર પર સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. ડીજીપીના આદેશ અનુસાર બનાસકાંઠાની રાજસ્થાનને જોડતી દરેક ચેકપોસ્ટ પર 23 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર સુધી બોર્ડર પર ગુજરાત



મા પ્રવેશતા દરેક વાહનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. જેમા અમીરગઢ ચેકપોસ્ટ પર બે પોલીસ સબ ઈન્સ્પેકટની સાથે પોલીસ જવાનો અને હોમગાર્ડ ચુસ્તપણે 24 કલાક વાહન ચેકીંગ કરી રહ્યા છે. રાજસ્થાનથી આવતી નાની ગાડીઓમા આવતાં શકમંદોની બ્રેથ એનેલાઈઝરથી અને બોડી વોર્ન કેમેરા દ્વારા તપાસ કરવામા આવી રહી છે.

---

## ખસ રોડ ઉપર ગમખ્વાર અકસ્માત એકનું મોત

બોટાદ | શહેરના ખસ રોડપર એક વૃદ્ધ દંપતિ બાઈક લઈને બોટાદ આવતા હતા, તે સમયે આઈસર ટ્રક સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. ત્યારે બાઈકચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું અને એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બોટાદ જિલ્લાના ખસ ગામના ભુપતભાઈ બાવુભાઈ અને તેમના પત્ની બંને બાઈક લઈને બોટાદ આવવા માટે નીકળ્યા હતા, તેવામાં બોટાદ નજીક ખસ રોડ પર પહોંચતાં સામેથી આવી રહેલી આઈસર ટ્રક સાથે અથડતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેથી બાઈકચાલક ભુપતભાઈ અને તેમના પત્નીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે બાઈકચાલક ભુપતભાઈનું ઘટનાસ્થળે મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેમના પત્નીને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા છે. અકસ્માત બાદ આઈસર ટ્રક લઈને ડ્રાઈવર ઘટનાસ્થળેથી નાસી ગયો હતો, પરંતુ રેલવે ફાટક બંધ હોવાને કારણે પકડાય ગયો હતો. સ્થળ પર હાજર લોકોનો કહેવું છે કે, ડ્રાઈવર નશામાં ધૂત હોય જેથી અકસ્માતની ઘટના બનવા પામી હતી.

---

# કરવેરાની બાકી રકમ વસૂલવા આખરી વોરંટ : 10 કચેરીના 3.65 કરોડ બાકી...

(એજન્સી) ગીર સોમનાથ | તા.20

વેરાવળમાં બાકી કરવેરા અને ટેક્સ રકમની વસૂલાત મુદ્દે પાલિકા તંત્ર આકરા પાણીએ આવ્યું. શહેરમાં કાર્યરત સરકારી કચેરીઓ બાકી રકમ ભરપાઈ કરવામાં ઉદાસીન વલણ દાખવી રહી છે, જેથી આખરે પાલિકા તંત્રએ કાર્યવાહી હાથ ધરી મેરીટાઈમ બોર્ડ, જેટકો, રેલવે સ્ટેશન સહિત રાજ્ય અને કેન્દ્ર સરકારની 10 જેટલી કચેરી પાસે બાકી કરવેરાની રૂ.3.65 કરોડની રકમની વસૂલાત કરવા માટે નોટિસ વોરંટ ફટકાર્યો છે. જો ગણતરીના દિવસોમાં બાકી રકમ ભરપાઈ નહીં કરે તો મિલકત જપ્તીની કાર્યવાહી હાથ ધરવાની પાલિકા તંત્રને ફરજ પડશે તેવું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

વેરાવળમાં સરકારી કચેરીઓની ટેક્સ કરવેરાની બાકી લેણી રકમ મુદ્દે પાલિકા કચેરી અધિક્ષક દિગંત દવેએ માહિતી આપતા જણાવ્યું હતું કે, શહેરમાં કાર્યરત કેન્દ્ર-રાજ્ય સરકારની અનેક કચેરીઓ છેલ્લા ઘણા વર્ષોથી પાલિકાના ટેક્સ કરવેરાની બાકી રકમ ભરપાઈ કરવામાં ઉદાસીનતા દાખવી રહી છે. આ તમામ કચેરીઓને કરવેરાની બાકી રકમ ભરવા માટે અનેકવાર નોટિસો પણ પાઠવવામાં આવી, છતાં ભરપાઈ કરી નથી.

આ દરમિયાન તાજેતરમાં મળેલી એક બેઠકમાં આ મુદ્દે ચર્ચાઓ થઇ ત્યારે, આર.સી.એમ. અને જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ બાકી કરવેરાની રકમની વસૂલાત કરવાની કામગીરી ઝડપી અને અસરકારક રીતે કરવા સુચના આપી હતી. જેને લઈને શહેરમાં કાર્યરત 10 જેટલી સરકારી કચેરી પાસે બાકી રૂ.3.65 કરોડની કરવેરાની રકમ વસૂલ કરવા આખરી નોટિસ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા છે.જો સમયસર આ બાકી લેણી રકમ ભરપાઈ નહીં કરાય તો મિલકત જપ્તીની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવ્યું છે.

---

# સાયબર ગઠિયાએ પોણા બે કરોડ ઓળવ્યાં:નવસારીના યુવકને ટેલિગ્રામ અને વોટ્સએપ ગ્રુપથી બોગસ એપ ડાઉનલોડ કરાવી, 15 ખાતાધારકો સામે ફરિયાદ

(એજન્સી) નવસારી | તા. 24

નવસારી શહેરમાં રહેતા યુવાનને ટેલિગ્રામ ચેનલ તેમજ વોટ્સએપ ગ્રુપમાં અલગ અલગ બોગસ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેના ઉપર પોણા બે કરોડ જેટલી મતભર રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતાં કુલ 15 ખાતાધારકો વિરુદ્ધ નવસારી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થઈ છે.

કઈ કઈ ટેલિગ્રામ ચેનલના નામે છેતરપિંડી થઈ

હાલમાં યુવાનોને શેરબજારમાં રોકાણ કરવાનો ચસ્કો લાગ્યો છે,જેમાં ક્યારેક ખોટી દિશામાં જતા કરોડો રૂપિયા ની છેતરપિંડી થયાના અનેક દાખલા પોલીસ ચોપડે નોંધાયા છે, ત્યારે ફરીવાર નવસારી શહેરના એક યુવાન સાથે પણ એક કંઈક આવી જ પ્રકારની ઘટના બની છે. જેમાં શાંતાદેવી રોડના રાજુલ એપાર્ટમેન્ટમાં રહેતા 32 વર્ષીય કેવલ પ્રદીપભાઈ શાહ દ્વારા વોટ્સએપ ટેલિગ્રામ યુઝર ચંદ્રા ટાંકલ તેમજ વોટ્સએપ નંબર સહિત અલગ અલગ ટેલિગ્રામ ચેનલ જેમકે બાબા ટ્રેડર, ડેઇઝી કેટલ ફૂડ, સ્ટેલરેજ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ, હેયક્સ, ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, શ્રદ્ધા ઓટો એન્ટરપ્રાઈઝ, ગણેશ અંબિકા કન્સ્ટ્રક્શન, નવયુગ સ્ટીલ, એપી ટ્રેડર્સ, IDP ડિઝાઈન અને બિલ્ડીંગ, FYERS સિક્યોરિટી, ડાઇવા કેપિટલ, રાજા સબ કન્સ્ટ્રક્શન વર્ક આ તમામના બેંક ખાતામાં અલગ અલગ સમયે અલગ અલગ રકમ નખાવડાવી હતી.

કેવલ શાહને ઈન્વેસ્ટમેન્ટના બહાને ફ્રી માર્કેટ ટ્રેડિંગની લોભામણી જાહેરાત આપનાર ટેલિગ્રામ ચંદ્ર ટાંકલ તથા એકાઉન્ટ મેનેજર ટેલિગ્રામ યુઝર સારાહે ફરિયાદીને ઓનલાઈન બોગસ એપ્લિકેશનની લિંક આપી હતી. તેમાં કેવલ શાહ તથા તેના પરિવારના તમામ સભ્યોનું ખાતું ખોલાવડાવી કેવલને અલગ અલગ તારીખે ચંદ્ર ટાંકલે વોટ્સએપ ગ્રુપમાં શેર ખરીદી કરવા તથા તેમની ટીપ્સ આપી હતી.

---

## ભથવાડા ટોલનાકા પાસે ટ્રેલરે બ્રેક મારતાં બસ ધડાકાભેર ટકરાઈ, એક પ્રેગ્નન્ટ મહિલા સહિત 11 મુસાફરને ઈજા

# અમદાવાદ-દાહોદ ને.હાઈવે પર ટ્રાવેલ્સ-ટ્રેલર વચ્ચે અકસ્માત



(એજન્સી) પંચમહાલ | તા.24

વહેલી પરોઢે અમદાવાદ-દાહોદ નેશનલ હાઈવે પર સંતરોડ નજીકમાં આવેલા ભથવાડા ટોલનાકા પાસે અમદાવાદથી ભોપાલ તરફ જઈ રહેલ ખાનગી ટ્રાવેલ્સ અને એક ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રાવેલ્સમાં સવાર 25થી વધુ મુસાફરો પૈકી 11 મુસાફરોને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. ગોધરા ફાયર બ્રિગેડના જવાનોએ ટ્રાવેલ્સમાં ફસાઈ ગયેલા મુસાફરોનું રેસ્ક્યૂ કરી બહાર કાઢ્યા હતા. 108 એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે 11 ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડ્રાઈવરની હાલત અત્યંત ગંભીર હોવાથી તેને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ભથવાડા ટોલનાકા પાસે ટ્રાવેલ્સની આગળ ચાલી રહેલા ટ્રેલરચાલકે બ્રેક મારતા ટ્રાવેલ્સ ધડાકાભેર ટ્રેલર સાથે અથડાઈ હતી. જેમાં ટ્રાવેલ્સના આગળના ભાગના ફુરચે ફુરચા ઊડી ગયા હતા અને ડ્રાઈવર સહિત 25થી વધુ મુસાફરો ટ્રાવેલ્સમાં ફસાઈ ગયા હતા. એ દરમિયાન ઓફ ડ્યૂટીમાં દાહોદ ગયેલા ફાયર બ્રિગેડના ક્રિષ્ના સોલંકી, રિસી ગુર્જર અને રાજ રાઠવાને ભથવાડા ટોલનાકા પાસે અકસ્માત થયાની જાણ થઈ હતી. જેથી તેઓએ તાત્કાલિક પહોંચી ટ્રાવેલ્સમાં ફસાયેલ 25થી વધુ મુસાફરોનું રેસ્ક્યૂ કરી 108 એમ્બુલન્સ મારફતે 11 મુસાફરોને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા હતા. જ્યારે ડ્રાઈવરની હાલત અત્યંત ગંભીર હોવાના કારણે તેઓને અમદાવાદ રિફર કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદથી ભોપાલ તરફ જઈ રહેલ ટ્રાવેલ્સમાં એક પ્રેગ્નન્ટ મહિલા પણ હતી. જેમને ફાયર બ્રિગેડના ક્રિષ્ના સોલંકીએ સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરી ટ્રાવેલ્સમાંથી બહાર કાઢ્યા હતા. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ તપાસમાં આ ટ્રેલર જ્યારે ભથવાડા ટોલનાકા પરથી પસાર થયું હતું તે વખતના CCTV વીડિયો સામે આવ્યા છે.

1.દીપક વિક્રમલાલ શર્મા દેવાસ ઉજ્જૈન એમપી
2.સપના રાકેશ મગવાની બેરાગઢ ભોપાલ એમપી
3.જાગૃત વિવેકભાઈ રાય ભવડિયા તલા ભોપાલ એમપી
4.રામકુમાર લાલારાવ યાદવ કરમસદ આણંદ
5.રાજાકમલ કિશોર ઈવને કરમસદ આણંદ
6.પ્રહલાદ રામરાવ વાળબંદે હુજુર ભોપાલ એમપી
7.અજય વિશ્વકર્મા ડ્રાઈવર
8.રાઠોડ ફેજલ ફિરોજ આજવા વડોદરા
9.સૌરભદાસ દુર્ગાદાસ ખોખરા મણિનગર અમદાવાદ
10.રાકેશ કૈલાસ સલાક ખોખરા મણિનગર અમદાવાદ
11.અરુંધતી વિકાસદીપ તિવારી સાઉથ ભોપાલ

### મનપાની માસ ડ્રાઈવના આશરે 15 દિવસમાં 583 મિલ્કત ધારકે વેરો ભર્યો

# ભાવનગર મનપાએ મિલ્કત વેરો નહીં ભરનાર કુલ 686 મિલ્કતને સીલ માર્યા




### માસ ડ્રાઈવના પગલે મહાપાલિકાની મિલ્કત વેરાની આવક વધી

ભાવનગર મહાપાલિકાની માસ ડ્રાઈવની કામગીરીના પગલે ચાલુ ડિસેમ્બર માસમાં મિલ્કત વેરાની આવકમાં વધારો થયો છે. ચાલુ ડિસેમ્બર માસમાં મહાપાલિકાને મિલ્કત વેરાની કુલ રૂ. ૫.૦૫ કરોડની આવક થઈ છે, જ્યારે ગત ઓક્ટોબર માસમાં રૂ. ૨.૨૩ કરોડ અને ગત નવેમ્બર માસમાં રૂ. ૨.૫૨ કરોડ મિલ્કત વેરાની આવક થઈ હતી. માસ જપ્તીની કામગીરીના પગલે હજુ આગામી દિવસોમાં મહાપાલિકાની મિલ્કત વેરાની આવક વધશે તેમ ચર્ચાય રહ્યુ છે.

## રૂ. 5.05 કરોડની આવક 70 મિલ્કત સીલ માર્યા, 72 મિલ્કત ધારકે વેરો ભર્યો

(એજન્સી) ભાવનગર તા. 24

મહાપાલિકા દ્વારા દર વર્ષે એપ્રિલ-મે માસમાં રીબેટ યોજના આપવામાં આવે છે છતા ઘણા મિલ્કત ધારકો કોઈને કોઈ કારણસર મિલ્કત વેરો ભરતા નથી તેથી મહાપાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. બાકી મિલ્કત વેરો વસુલવા માટે ભાવનગર મહાપાલિકાએ છેલ્લા કેટલાક દિવસથી માસ ડ્રાઈવ હાથ ધરી છે. મનપાએ કડક કાર્યવાહી કરતા બાકીદારોમાં દોડધામ મચી જવા પામી છે. માસ ડ્રાઈવના પગલે બાકીદારો વેરો ભરી રહ્યા છે અને વેરો ન ભરનારની મિલ્કત સીલ કરવામાં આવી રહી છે.

ભાવનગર મહાનગરપાલિકાના મિલકત કર વિભાગ દ્વારા માસ જપ્તી અંતર્ગત કુલ-૩૫ વિભાગોના કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવી છે. આશરે છેલ્લા ૧૫ દિવસથી મિલ્કત જપ્તીની કામગીરી કરવામાં આવી રહી છે, જેના અનુસંધાને અત્યાર સુધીમાં કુલ ૬૮૬ મિલ્કતને સીલ મારવામાં આવ્યા છે અને ૫૮૩ મિલ્કત ધારકોએ વેરો ભર્યો છે, જ્યારે ૧,૧૫૯ મિલ્કત ધારક ઓટીઆઈએસ સ્કીમમાં જોડાયા છે. મહાપાલિકાને છેલ્લા ૨૩ દિવસમાં કુલ રૂ. ૫.૦૫ કરોડની મિલ્કત વેરાની આવક થઈ છે. આજે સોમવારે મનપાની માસ ડ્રાઈવના પગલે ૭૨ મિલ્કત ધારકે વેરો ભર્યો હતો અને મહાપાલિકાને ૩૨.૩૦ લાખની વેરાની આવક થઈ હતી. મિલ્કત વેરો નહીં ભરનાર ૭૦ મિલ્કતને સીલ મારવામાં આવ્યા હતા, જ્યારે ૧,૧૫૯ મિલ્કત ધારક ઓટીઆઈએસ યોજનામાં જોડાયા હતાં. વધુમાં માસ જપ્તીની સાથે મહાનગરપાલિકા દ્વારા સરકારની સુર્યઘર યોજના તથા ઈ-કેવાયસીની જાગૃતિ માટે પણ પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે, જેમાં જોડાવા પણ ભાવનગર મહાપાલિકાએ અનુરોધ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ભાવનગર મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગને ગત એપ્રિલ માસથી અત્યાર સુધીમાં આશરે કારપેટ સહિતની મિલ્કત વેરાની કરોડો રૂપીયાની આવક થઈ છે અને હજુ ત્રણ માસનો સમય બાકી છે. મહાપાલિકા દ્વારા મિલ્કત વેરો વસુલવા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેમાં મહાપાલિકાના ૩૫ વિભાગના ૫૬૦ કર્મચારી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. દરેક કર્મચારીને ૧૦ જપ્તી વોરંટ આપવામાં આવ્યા હોવાનુ મહાપાલિકાના સુત્રોએ જણાવેલ છે. મહાપાલિકાની માસ ડ્રાઈવના પગલે બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે અને ઘણા બાકીદારો હાલ વેરો ભરી રહ્યા હોવાનુ જાણવા મળેલ છે. આગામી દિવસોમાં પણ માસ ડ્રાઈવ શરૂ રહેશે તેમ મહાપાલિકાના સુત્રોએ જણાવેલ છે.

### ખોટા વાયદા અપાયા, સરપંચે ફોન ઉપાડવાનું બંધ કર્યું

## ઢુંઢસર ગામે એક ફૂટ પાઈપના વાંકે ગ્રામજનો પીવાના પાણીથી વંચિત

(એજન્સી) સિહોર તા. 24

સિહોર તાલુકાના ઢુંઢસર ગામે આવેલી બાપા સીતારામ સોસાયટીના રહિશો છેલ્લા સાત માસથી પીવાના પાણીની પળોજણથી કંટાળ્યા હોય, મહિલાઓ-પુરૂષોનું ટોળું ટીડીઓ કચેરીએ પહોંચ્યું હતું અને તાલુકા વિકાસ અધિકારીની સામે જ ધરણાં ઉપર બેસી જઈ જ્યાં સુધી પાણીનો પ્રશ્ન હલ નહીં થાય ત્યાં સુધી ઉભા થવાના નથી તેવો મક્કમ નિર્ધાર કરી રામધૂન બોલાવી હતી. ગ્રામજનોની વ્યાજબી માંગણીની ગંભીરતાને ધ્યાને રાખી ટીડીઓએ ઢુંઢસર ગામે સ્થળ પર દોડી જવું પડયું હતું. સિહોરના ઢુંઢસર ગામે બાપા



સીતારામ સોસાયટીમાં સાતેક માસથી પીવાના પાણીની અનિયમિતતા છે. આ મામલે સ્થાનિક રહિશોએ તલાટી-કમ-મંત્રી અને સરપંચને અસંખ્ય વખત લેખિત તેમજ મૌખિક રજૂઆત કરી હોવા છતાં આજદિન સુધી પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવ્યું ન હોવાથી રોષે ભરાયેલા ગ્રામજનો-રહિશો, ટીડીઓ સમક્ષ રોષપૂર્વક રજૂઆત કરી સ્થાનિક કક્ષાએ રજૂઆત કરવામાં આવે ત્યારે 'થઈ જશે, થઈ જશે..' તેવા ખોટા વાયદા કરવામાં આવી રહ્યા હોવાના તેમજ સરપંચે ફોન ઉપાડવાનું જ બંધ કરી દીધાની હૈયાવરાળ ઠાલવી હતી. રજૂઆત કરવા પહોંચેલા રહિશોએ એવો પણ આરોપ મુક્યો હતો કે, માત્ર એક ફૂટનો લોખંડનો કટકો જોડવાનો છે. સિહોર તાલુકા વિકાસ અધિકારી સ્થળ પર દોડી ગયા હતા.

### લાખણકા રોડ પર ડમ્પરે બે નેપાળી યુવાનને અડફેટે લેતાં અકસ્માત, ડમ્પર ચાલક ફરાર

## પાન મસાલો ખાઈ પરત આવી રહેલા બે યુવકને હાથબ નજીક કાળમુખું ડમ્પર ભરખી ગયું

(એજન્સી) ભાવનગર તા. 24

**મૃતક બંને યુવાનો થોડા દિવસ પહેલા કોળીયાક પેટ્યું રળવા માટે આવ્યા હતા |** હાથબ ગામ નજીક અકસ્માતની ઘટનામાં મૃત્યુ પામનાર બંને યુવાનો નેપાળમાં વતની હોવાનું તેમજ મૃતક સન્ત બહાદુર લોકવીર કામી છેલ્લા ૨૦ દિવસથી આ હોટલમાં કામ માટે આવ્યા હતા. સંત બહાદુરને સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોવાનું તેમજ મહેન્દ્ર ધન બહાદુર છેલ્લા બે મહિના આ હોટલમાં કામ કરવા આવ્યો હતો અને સંતાનમાં તેને ચાર વર્ષની પુત્રી છે.

ઘોઘા પંથકના આજુબાજુના વિસ્તારોમાં જાણે કાળચક્ર સ્થિર થયું હોય તેમ વધુ એક અકસ્માતની ઘટના ઘટી છે. ઘોઘા તાબેના હાથબ ગામમાં ગત મોડી રાત્રિના ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટનામાં બે નેપાળી યુવાનોના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે અકસ્માતની ઘટના બાદ ડમ્પરનો ચાલક ડમ્પર મૂકીને ફરાર થઈ ગયો હતો. સામાન્ય વ્યક્તિને વિચલિત કરી દે તેવા ભયાવહ દ્રશ્યો આ અકસ્માતમાં સર્જાયા હતા. ભાવનગર પંથકમાં ડમ્પર ટ્રક જાણે કે, યમદૂત બન્યા હોય તેમ ડમ્પર સાથે અકસ્માતની ઘટનામાં માનવ જિંદગીઓ હોમાઈ રહી છે. ભાવનગર પંથકમાં છેલ્લા આઠ દિવસથી ડમ્પર વાહનમાં જાણે કે કાળ પ્રવેશ્યો હોય તેમ ત્રાપજ અને ગારિયાધારની અકસ્માતની બે અલગ-અલગ ઘટનામાં આઠ વ્યક્તિઓના મોત થયાની ઘટના હજુ ભૂલાઈ નથી ત્યાં વધુ એક અકસ્માતની ઘટના બની છે.

## ઈકો કારની ટક્કરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત

નડિયાદ : નડિયાદના પીજ રોડ ઉપર નહેરના ગરનાળા નજીક કાર અને બાઈક સામસામે અથડાયા હતા. જેમાં નડિયાદના બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.નડિયાદ-પીજ રોડ ઉપર નહેરના ગરનાળા નજીકથી સોમવારે બપોરે પુરઝડપે જતી ઈકો કાર અને સામેથી આવતી બાઈક અથડાયા હતા. અકસ્માતમાં નીચે પટકાતા બાઈક ચાલક નીરજ રાજકુમાર યાદવને ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં નડિયાદ પશ્ચિમ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે લાશનો કબજો લઈ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી.

## વિદ્યાર્થિની ઉપર બળાત્કારના કેસમાં શખ્સને 20 વર્ષની કેદ

(એજન્સી) ભાવનગર તા. 24

ભાવનગરમાં પાંચ વર્ષ પૂર્વે વિદ્યાર્થિની ઉપર શખ્સે બળાત્કાર ગુજાર્યાના કેસમાં કોર્ટે ૨૦ વર્ષ સખત કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. શહેરના ગોળીબાર હનુમાનજી મંદિરની બાજુમાં શાંતિનાથ એપાર્ટમેન્ટ, રૂમ નં.૩૮માં રહેતો અંકીત દીપકભાઈ દોશી નામના શખ્સે સવા પાંચ વર્ષ પૂર્વે ધો.૧૦માં અભ્યાસ કરી રહેલી એક સગીરાને તેના માતા-પિતાને મારી નાંખવાની ધમકી આપી અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. જે બનાવ અંગે ગત તા.૧૧-૦૯-૨૦૧૯ના રોજ ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે અંકિત દોશી નામના શખ્સની ધરપકડ કરી જરૂરી તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી હતી. દરમિયાન આજે સોમવારે આ અંગેનો કેસ ભાવનગરના ત્રીજા એડીશિનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એમ.બી. રાઠોરની કોર્ટમાં ચાલી જતાં મદદનીશ જિલ્લા સરકારી વકીલ જે.એ. પંડયાની અસરકારક દલીલો, આધાર-પુરાવા, સાક્ષીઓ વગેરે ધ્યાને રાખી આરોપી અંકિત દોશી સામે આઈપીસી ૩૭૬ (૨) (એફ) (એન), ૫૦૬ (૨), પોક્સો એક્ટની કલમ ૬ ગુના સાબીત માની પોક્સો એક્ટની કલમ ૬ અન્વયે ૨૦ વર્ષ સખત કેદની સજા, રૂા.૫૦ હજારનો રોકડ દંડ ફટકાર્યો છે. તેમજ ભોગગ્રસ્તને છ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

# ચરોતરમાં મેથી, ગુંદર, સૂંઠ, ખજૂરમાંથી બનતા આરોગ્યવર્ધક વસાણાની માંગ

(એજન્સી) નડિયાદ I તા. 24

શિયાળાના આગમન સાથે જ લોકોએ ઠંડીથી આંતરિક રક્ષણ મેળવવા વિવિધ વસાણાઓ આરોગવાના શરૂ કરી દીધા છે. વર્ષભર માટે ઈમ્યુનિટી મેળવવા મેથી પાક, ગુંદર પાક, અડદિયા પાક, ચીકી, આદુ પાક, ગજક, મેથીના લાડુ સહિતના વસાણાઓનું બજારમાં આગમન થઈ ગયું છે. ચાલુ વર્ષે ખાંડ, ઘી, ગોળ, દૂધ સહિતના ખાદ્યપદાર્થના ભાવોમાં વધારો થતાં વસાણાના ભાવોમાં પણ વધારો નોંધાયો છે. ખેડા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ઠંડીનું જોર વધતા લોકો ઉની વસ્ત્રો અને તાપણાનો સહારો લઈ રહ્યાં છે. માત્ર બાહ્ય નહીં પરંતુ ઠંડીથી આંતરિક રક્ષણ માટે, શિયાળામાં શરીરનું તાપમાન જળવાઈ રહે, ઠંડીના કારણે થતાં રોગો સામે બચવામાં ઉપયોગી બને તે માટે વર્ષોથી વસાણા આરોગવામાં આવે છે. ઠંડીનું પ્રમાણ વધતા જ બજારમાં



વિવિધ ચિકી, મેથી પાક, અંજીર પાક, સૂંઠ પાક, અડદિયા પાક સહિતના વસાણાઓનું આગમન થઈ ગયું છે. આખા વર્ષ માટેની ઈમ્યુનિટી મેળવવા માટે શિયાળો ઉત્તમ ઋતુ ગણાય છે. જેથી ઠંડીની શરૂઆતથી જ મેથી પાક, સાલમ પાક, અડદિયા પાક, ખજૂર પાક, ગુંદર પાક, અખરોટ પાક, આદુ પાક, અંજીર પાક, ગોળના લાડુ, મિક્સ ડ્રાયફ્રુટ પાક, સૂંઠ પાક, સિંગ પાક સહિતના વસાણાની માંગ વધી છે.

ઉપરાંત વિવિધ પ્રકારની ચીકીઓ, કચરિયા, ગજક સહિતના વસાણા પણ લોકોની પ્રથમ પસંદગી બન્યાં છે. વસાણાઓમાં સૂંઠ, ગુંદ, કોપરૂ (નારીયેળ), ખજૂર સહિતના આયુર્વેદિક ગુણો ધરાવતા પદાર્થોનો ઉપયોગ થતો હોવાથી આખા વર્ષ માટે બિમારીઓથી રક્ષણ માટે ઈંધણ મળી જતું હોય છે. ચાલુ વર્ષે ખાંડ, ઘી, ગોળ, દૂધ સહિતના ખાદ્યપદાર્થના ભાવોમાં વધારો થતાં વસાણાના ભાવોમાં પણ વધારો નોંધાયો છે.

### ઉચ્ચકક્ષાએ રજૂઆત

## ભવન્સ ઈંગ્લીશ સ્કૂલના કરાટેના શિક્ષકે વિદ્યાર્થીને 8 લાફા ફટકાર્યા



(એજન્સી) ડાકોર I તા.24

ડાકોર-ઉમરેઠ રોડ ઉપર આવેલી ભવન્સ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના કરાટેના શિક્ષકે થોડા દિવસ પૂર્વે ધો.પાંચમાં અભ્યાસ કરતા ૧૩ વર્ષના બાળકને ૮ લાફા માર્યા હોવાની વિદ્યાર્થીના પિતાએ ડાકોર પોલીસ મથક, ખેડા જિલ્લા ડીવાયએસપી, જિલ્લા શિક્ષણાધિકારી સહિત ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆત કરી છે. તેમજ શિક્ષક સામે કાર્યવાહીની માંગ કરી છે. ડાકોર-ઉમરેઠ રોડ ઉપર આવેલી ભવન્સ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ધો.૫માં અભ્યાસ કરતો એક ૧૩ વર્ષનો વિદ્યાર્થીને ગત તા.૨૬ નવેમ્બર,૨૦૨૪ના રોજ ક્લાસમાં હાજર હતો. ત્યારે સ્કૂલના કરાટેના શિક્ષકે તેને અંગુઠા પકડવાનું કહેતા વિદ્યાર્થીએ અંગુઠા પકડયા હતા. બાદમાં શિક્ષકે વિદ્યાર્થીને ડાબા ગાલે એક અને જમણા ગાલે એકપછીએક સાત લાફા માર્યા હતા. જોકે, ગભરાયેલા બાળકે ઘરમાં આ અંગે જાણ કરી ન હતી. ૩ દિવસ બાદ બાળકને કાનમાં દુઃખાવો થતાં અને કાન ઉપર સોજો આવી જતાં પિતાએ પુછપરછ કરતા બાળકે સમગ્ર હકિકત જણાવી હતી. બાળકને ઘરે સારવાર આપ્યા બાદ પણ સોજો ના ઉતરતા તા.૩ ડિસેમ્બર,૨૦૨૪ના રોજ તેને ઉમરેઠ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ અંગે પિતાએ શિક્ષક સાથે વાતચીત કરતા શિક્ષક ઉશ્કેરાઈ ગયો હતો અને વિદ્યાર્થીનો વાંક હતો, જે થાય તે કરી લેજો કહી ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું. આ અંગે સ્કૂલ મેનેજમેન્ટને જાણ કરી શિક્ષક સામે પગલાં લેવા જણાવવાં છતાં સ્કૂલ સંચાલકોએ મૌન સેવી કોઈ કાર્યવાહી કરી નહતી. તેમજ વહીવટકર્તાઓએ યેનકેન પ્રકારે શાળાનું નામ ન બગડે તેવા પ્રયત્નો કરી કોઈ કાર્યવાહી કરી ન હતી. શાળા સંચાલકો દ્વારા રાજકીય પીઠબળ ધરાવતા શિક્ષક વિરૂદ્ધ કોઈ પગલાં ન લેતા કે વિદ્યાર્થીની હજૂ સુધી કોઈ ખબર ન લેતા વિદ્યાર્થીના પિતાએ ડાકોર પોલીસ મથક, ખેડા જિલ્લા ડીવાયએસપી, ખેડા જિલ્લા શિક્ષણાધિકારી સહિત ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆત કરી હતી. સ્કૂલ દ્વારા શિક્ષકને કાઢી મુકવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

## એસ.એન. વાણિયા એજન્સીને કાંસની સફાઇ માટે કરોડ ફાળવ્યા છતાં પણ સ્થિતિ યથાવત્

(એજન્સી) નડિયાદ I તા. 24

નડિયાદ નગરપાલિકા દ્વારા છેલ્લા ૩ વર્ષમાં વરસાદી કાંસની સફાઈ માટે એસ.એન. વાણિયાની એજન્સીને રૂ.૧ કરોડ ચૂકવવામાં આવ્યા હોવાનું આરટીઆઈમાં ખૂલ્યું છે. તેમ છતાં ત્રણ વર્ષથી માત્ર દેખાડા પુરતી કાંસની સફાઈ કરી, ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપ સાથે તકેદારી આયોગને પત્ર લખવામાં આવ્યો છે. નડિયાદ નગરપાલિકા દ્વારા વરસાદી પાણીની કાંસની સફાઈ માટે છેલ્લા ત્રણ વર્ષમાં એસ.એન. વાણિયા (સંજય વાણિયા)ની એજન્સીને વાર્ષિક રૂ.૩૦થી ૪૦ લાખનું ટેન્ડર આપેલું હોવાનું આરટીઆઈ હેઠળ માહિતી પ્રાપ્ત થઈ છે. જેમાં ૩ વર્ષ દરમિયાન પાલિકા દ્વારા સ્વભંડોળમાંથી આ એજન્સીને વરસાદી કાંસની સફાઈ બદલ રૂ.૧ કરોડથી વધુની રકમ ચુકવાઈ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, શહેરમાં ત્રણ વર્ષ દરમિયાન માત્ર દેખાડા પુરતી કાંસની સફાઈ કરી એજન્સીને નાણાં ચૂકવી દીધા હોવાના આક્ષેપ ઉઠયા છે. આ અંગે તકેદારી આયોગને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં સમગ્ર મામલે તપાસ કરાવવા અને યોગ્ય પગલાં લેવા માંગ કરવામાં આવી છે. ચોમાસામાં નડિયાદ શહેરમાં જળબંબાકાર થતાં કાંસની સફાઈની પોલ ખૂલી હતી, ગત ચોમાસામાં નડિયાદમાં પડેલા ભારે વરસાદના પગલે શહેર સહિત પાલિકા વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં જળમગ્નની સ્થિતિ સર્જાઈ હતી. પાલિકાની પ્રિ-મોન્સૂનની પોલ ખૂલતા તંત્ર દ્વારા શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં કાંસ ઉપર આવેલી દુકાનોના ભાડૂઆતોને નોટિસ ફટકારી કાંસની સફાઈ શરૂ કરી હતી.

### પાસ કન્વિનર દિનેશ બાંભણિયાની સુરક્ષા પણ પાછી ખેંચી

## ગુજરાતના પાંચ MLA સાથે 30 વીઆઈપીની સુરક્ષા વ્યવસ્થા પાછી ખેંચી

(એજન્સી) ગાંધીનગર I તા. 24

ગુજરાતમાં કોઈ મહાનુભાવને ધમકી મળતી હોય અથવા તો તેમને જાનનું જોખમ હોય ત્યારે આઈબીના ઈનપુટના આધારે સલામતી વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હોય છે. પરંતુ સમય જતાં પાછી પણ ખેંચી લેવામાં આવે છે. પાંચ ધારાસભ્યો સાથે આવા 30 જેટલા વીઆઈપીની સુરક્ષા વ્યવસ્થા પાછી ખેંચી લેવામાં આવી છે. રાજ્યના આઈબી સહિતના ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓની મળેલી સમીક્ષા બેઠકના અંતે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમની સુરક્ષા પાછી ખેંચવામાં આવી છે તેમાં કેટલાક ધારાસભ્યો અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. આશ્ચર્ય સાથે પાસ કન્વિનર દિનેશ બાંભણિયાની સુરક્ષા પણ પાછી ખેંચી લેવામાં આવી છે. એકમાત્ર કલ્પેશ ગોસ્વામીએ સુરક્ષા સામેથી પાછી લેવા વિનંતી કરી હતી.

સામાન્ય રીતે દર છ મહિને ગૃહ વિભાગના અધિકારીઓની બેઠકમાં વીઆઈપી સલામતી વ્યવસ્થા અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવતી હોય છે. આ એક રૂટીન પ્રક્રિયા છે, આઈબી ઈનપુટના આધારે તેનો નિર્ણય કરવામાં આવતો હોય છે.




કોઈપણ રાજનેતાને ધમકી મળતી હોય ત્યારે તમામ પાસા ચકાસીને ગૃહ વિભાગ સલામતી વ્યવસ્થા આપે છે તેવી રીતે સમય જતાં પાછી પણ ખેંચવામાં આવે છે. રાજ્યમાં ધારાસભ્યો, રાજકીય નેતાઓ, પાર્ટીના આગેવાનો અને અન્ય વીઆઈપીને પ્રોટોકોલ પ્રમાણે ગૃહના સલામતી વિભાગ કે જિલ્લા પોલીસ કચેરી તરફથી સુરક્ષા આપવામાં આવે છે. આ સુરક્ષામાં હથિયારી પોલીસ ગાર્ડ કે એસઆરપીએફના સલામતી જવાનો ફરજ બજાવતા હોય છે. આ યાદીમાં વીઆઈપી સાથે અનેક એવા લોકો પણ છે કે જેમને જોખમ લાગ્યું છે તેમને સુરક્ષા આપવામાં આવી હતી.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની અસર


## વીજળીના ફ્યુલ ચાર્જમાં યુનિટ દીઠ 40 પૈસાનો નજીવો ઘટાડો

(એજન્સી) ગાંધીનગર I તા. 24

ગુજરાત સરકારે પ્રજાને રાહત આપતો નિર્ણય કર્યો છે. રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ પત્રકાર પરિષદ યોજી ફ્યુલ ચાર્જમાં યુનિટ દીઠ 40 પૈસાનો ઘટાડો કર્યો હોવાની જાહેરાત કરી છે. ઓક્ટોબર 2024થી ડિસેમ્બર 2024માં વસૂલાત પાત્ર ફ્યુલ સરચાર્જમાં 40 પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જે બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે.


આ દરમિયાન તેમણે કહ્યું કે, ફ્યુલ સરચાર્જમાં 40 પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે 1.75 કરોડ ગ્રાહકોને ઓક્ટોબરથી ડિસેમ્બર 2024 દરમિયાન કરાયેલા વીજ વપરાશ પર આશરે રૂ.1,120 કરોડનો લાભ થશે. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલા ફ્યુલ સરચાર્જની ફોર્મ્યુલા મુજબ એપ્રિલ-2024થી સપ્ટેમ્બર 2024ના સંબંધિત ત્રિમાસિક સમયગાળામાં વીજ બળતણના ભાવોમાં થયેલા ફેરફાર મુજબ રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. 2.85 પ્રતિ યુનિટ ફ્યુલ સરચાર્જ (FPPPA) વસૂલાતો હતો. આ અંગે કનુ દેસાઈએ વધુમાં કહ્યું કે, ઓક્ટોબર 2024થી ડિસેમ્બર 2024ના પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળામાં પણ રૂ. 2.85 પ્રતિ યુનિટના દરે ફ્યુલ સરચાર્જ (FPPPA)ની વસૂલાત કરાય છે. રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ચાલુ વર્ષ દરમિયાન અસરકારક રીતે ફ્યુલ સરચાર્જના દર જાળવી રાખ્યો છે. રાજ્ય સરકારનો દાવો છે કે, નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદીના સંચાલન અને સ્થિર વીજ ખરીદના દરને ધ્યાને લઈ ગ્રાહકોના હિતમાં ફ્યુલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ 40 પૈસાનો ઘટાડો કર્યો છે. જે મુજબ પહેલી ઓક્ટોબર 2024થી પ્રવર્તમાન ત્રિમાસિક ગાળામાં કરેલા વીજ વપરાશ ઉપર ગ્રાહકોને પ્રતિ યુનિટ 40 પૈસાનો લાભ થશે. જો કે, સામાન્ય લોકોનું કહેવું છે કે, આ ગ્રાહકોના હિતના દાવા પોકળ છે, 40 પૈસાનો ઘટાડો મોંઘવારીથી પીડાતી પ્રજાની મજાકથી વિશેષ કશું નથી. કનુ દેસાઈએ કહ્યું કે, ઓક્ટોબરથી ડિસેમ્બર 2024ના સમયગાળામાં ફ્યુલ સરચાર્જનો દર રૂ. 2.85થી ઘટાડીને રૂ. 2.45 પ્રતિ યુનિટના દરની વસૂલાત કરાશે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

પારિવારિક વાતાવરણ સુખદ તથા પ્રેમ પૂર્ણ રહી શકે છે. રાજકીય કાર્યોમાં કોઇ મહત્ત્વપૂર્ણ વ્યક્તિની મદદ મળી શકે છે. કોઇ વિવાદિત મામલો કોઇની દખલ દ્વારા ઉકેલાઇ શકે છે.




**વૃષભ (બ,વ,ઉ)**

અકારણ કોઇ વિવાદમાં પડશો નહીં. આજે કંઇક નવું કરવાની ઇચ્છા અને જોશ રહેશે. પારિવારિક પરિસ્થિતિઓ સુખદ અને સુખમય રહેશે.




**મિથુન (ક,છ,ઘ)**

આજે મોટાભાગનો સમય માર્કેટિંગને લગતા કાર્યોમાં પસાર થશે. આજે સ્વાસ્થ્યમાં થોડી નબળાઇ અને થાક અનુભવ થશે.




**કર્ક (ડ,હ)**

કાર્યસ્થળમાં કોઇ મુશ્કેલી આવવાથી કોઇ અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન અને સલાહ તમારા માટે ઉપયોગી રહેશે. પ્રેમ સંબંધમાં ભાવનાત્મક સ્તર ગાઢ બનશે.




**સિંહ (મ,ટ)**

નોકરી કે વ્યવસાયમાં કોઇ પ્રકારે પેપરને લઇને ગડબડી થઇ શકે છે. આ સમયે ઘરના કોઇ વડીલ સભ્યના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે.




**કન્યા (પ,ઠ,ણ)**

દિવસની શરૂઆતમાં થોડો તણાવ રહી શકે છે. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે. ધનના લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની શકે છે.




**તુલા (ર,ત)**

જીવનસાથી સાથે ઘરની વ્યવસ્થાને લઇને થોડો તણાવ રહી શકે છે. કોઇ વસ્તુના ખોવાઇ જવાથી કે રાખીને ભૂલી જવાની સ્થિતિ બની શકે છે.




**વૃશ્ચિક (ન,ય)**

કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી તમે ફ્રેશ રહેશો. વ્યવસાયમાં આ સમયે આર્થિક સ્થિતિ અનુકૂળ રહેશે. પારિવારિક મામલાઓને શાંતિથી ઉકેલો.




**ધન (ભ,ધ,ફ)**

જીવનસાથીનો ઘર-પરિવાર પ્રત્યે પૂર્ણ સહયોગ રહેશે. તમારા ઈગો અને ગુસ્સા જેવી ખામીઓ ઉપર કાબૂ મેળવવાની કોશિશ કરો.




**મકર (ખ,જ)**

આજનો દિવસ સફળતા આપનાર રહેશે. પ્રેમ સંબંધ ગાઢ બનશે. શરદી, તાવ વગેરે થઇ શકે છે. તમારી કાર્યપ્રણાલીમાં ફેરફાર વ્યવસાય માટે પોઝિટિવ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**

પતિ-પત્ની એકબીજાની ભાવનાઓનું સન્માન કરશે. તમે વ્યસ્ત રહી શકો છો. કામ વધારે હોવા છતાં તમે ઘર-પરિવાર માટે પણ સમય કાઢી લેશો.



**મીન (દ,ચ,ઝ,થ)**


વ્યવસાયિક બધા જ કાર્યો યોગ્ય રીતે ચાલતાં રહેશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ સમયે તમારા વ્યવહારને સહજ જાળવી રાખો તો સારું રહેશે.

## ટોચના શહેરો કે જ્યાંથી આઈપીઓમાં રોકાણ આવે છે તેમાં મુંબઈ હજી પણ દેશમાં સૌથી આગળ છે

# IPOમાં રોકાણ કરવામાં ગુજરાત દેશમાં અવ્વલ: દર ચારમાંથી ત્રણ IPOમાં નફો મળ્યો

(એજન્સી) મુંબઈ | તા 24

શેરબજારમાં રોકાણ કરવામાં ગુજરાતીઓ આગળ રહ્યા છે. છેલ્લા 3 વર્ષમાં શેરબજારમાં જોવા મળી રહેલી અભૂતપૂર્વ તેજીના કારણે તેમજ પ્રાયમરી માર્કેટમાં ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO)માં રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ મળતા વળતરના કારણે હવે ગુજરાત આઈપીઓમાં અરજી કરવામાં અને રોકાણ કરવામાં દેશમાં પહેલું રાજ્યું બન્યું છે. આ ઉપરાંત હૈદરાબાદ, બેંગ્લોર કે દિલ્હી જેવા શહેરોને પાછળ રાખી ગુજરાતના નાના શહેરોમાંથી આઈપીઓમાં વધારે રોકાણ થઈ રહ્યું છે.




વર્ષ 2021-22માં આઈપીઓમાં થયેલા કુલ ભરણમાં (એલોટમેન્ટ નહીં, કુલ અરજીની રકમ)ની દ્રષ્ટિએ 8.69 લાખ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર પહેલા સ્થાને અને 88,819 કરોડ રૂપિયા સાથે ગુજરાત દેશમાં બીજા સ્થાને હતું. એ પછી વર્ષ 2022-23માં મહારાષ્ટ્રમાંથી કુલ 32, 887 કરોડ રૂપિયા સામે ગુજરાતમાંથી 21,960 કરોડની અરજીઓ થઈ હતી. પરંત 2023-24માં 1,35,05 કરોડ રૂપિયા સાથે ગુજરાત પ્રથમ ક્રમે અને 94,617 કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે આવી ગયું હતું.

મુંબઈ દેશની આર્થિક રાજધાની છે, દેશની નાણા સંસ્થાઓ અને રોકાણકારની દ્રષ્ટિએ દેશમાં અવ્વલ હોવા છતાં ગુજરાત હવે તેનાથી આગળ નીકળી ગયું છે. ટોચના શહેરો કે જ્યાંથી આઈપીઓમાં રોકાણ આવે છે તેમાં મુંબઈ હજી પણ દેશમાં સૌથી આગળ છે. પરંતુ આઈપીઓમાં કુલ રોકાણમાં સૌથી વધુ હિસ્સો ધરાવતા ટોચના 20 શહેરોમાં ગુજરાતના 9 શહેરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણા અને જામનગર જેવા નાના કેન્દ્રો પણ આ ટોચના 20 શહેરોની યાદીમાં જોવા મળે છે. વર્ષ 2021-22માં કુલ 7 શહેરો હતા જે હવે વધીને 9 થઈ ગયા છે. ભુજ હવે ટોચના શહેરોની યાદીમાં નથી પણ સામે સુરેન્દ્રનગર, જામનગર, મહેસાણા જેવા શહેરોનો ઉમેરો થયો છે. ઉપલબ્ધ વિગતો વધુમાં દર્શાવે છે કે બેંગ્લોર, પૂણે, હૈદરાબાદ કે ચેન્નાઈ જેવા મેટ્રો સેન્ટર આ યાદીમાં ગુજરાતના મોટાભાગનાં શહેરો કરતા પાછળના ક્રમે આવે છે.

### બેન્ક ડિપોઝીટ કરતા ઊંચા વળતરનું આકર્ષણ

કોરોના બાદ શેરબજારમાં જોવા મળેલી અભૂતપૂર્વ તેજીમાં વધુને વધુ રોકાણ સેકન્ડરી માર્કેટમાં - સીધા શેરની ખરીદી કરી કે મ્યુચ્યુઅલ ફંડ-તરફ ફંટાઈ રહ્યું છે. એવામાં પ્રાયમરી માર્કેટમાં શેરના લિસ્ટિંગ સમયે જંગી નફો રળવાની એક તક મળતા રોકાણકારો બેન્કમાં ફાજલ પડી રહેલી બચતનો ઉપયોગ કરી વધારે વળતર મેળવવા શેરબજારમાં આઈપીઓ થકી આવી રહ્યા હોવાનું પણ જોવા મળી રહ્યું છે. વર્ષ 2021-22થી 2023-24ના આંકડા દર્શાવે છે કે ગુજરાતીઓ તક મળતા જ પબ્લિક ઈસ્યુમાં નાણા ભરી વળતર મેળવવા રોકાણ કરી રહ્યા છે. વર્ષ 2023-23 કરતા 2023-24માં રાજ્યની બન્ક ડિપોઝીટમાં 1.66 લાખ કરોડ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. તેની સામે પબ્લિક ઈસ્યુમાં ગુજરાતીઓએ 1.35 લાખ કરોડ રૂપિયાનું રોકાણ માત્ર પબ્લિક ઈસ્યુમાં કર્યું હતું. આ વર્ષે મૂડીબજારમાં કુલ 76 ઈસ્યુ આવેલા અને તેમાંથી 58 કે 76 ટકા ઈસ્યુમાં રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ વળતર મળ્યું હતું.

**દર ચારમાંથી ત્રણ આઈપીઓમાં નફો મળ્યો |** ત્રણ વર્ષના ઉપલબ્ધ આંકડા અનુસાર કુલ 166 પબ્લિક ઈસ્યુ થકી કંપનીઓએ નાણા એકત્ર કર્યા હતા. આ આઈપીઓમાં લિસ્ટિંગના દિવસે જ 120 કંપનીઓમાં ઈસ્યુ પ્રાઈસ કરતા લિસ્ટિંગનો ભાવ વધારે રહેતા રોકાણકારોને વળતર મળ્યું હતું. જ્યારે 46માં ખોટ સહન કરવી પડી હતી. દર ચારમાંથી ત્રણ કંપનીઓમાં વળતર મળ્યું હોવાથી રોકાણકારો બેન્કમાં પડેલી ફાજલ બચત આઈપીઓમાં ભરણમાં અરજી તરીકે કહી રહ્યા હાવાનું નિષ્ણાંત માને છે.

## સિગારેટ, પાન મસાલાની સમગ્ર સપ્લાય ચેઈન પર સોફ્ટવેરથી નજર રખાશે

મુંબઈ | ટોબેકો ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, સરકારને દર વર્ષે સિગારેટના ગેરકાયદેસર વેપારથી રૂ.21,000 કરોડનું નુકસાન થાય છે ત્યારે આ ગેરકાનૂની પ્રવૃત્તિ પર નિયંત્રણ મેળવવા સૌ પ્રથમ વખત જીએસટી કાઉન્સિલ દ્વારા કોઈ પ્રોડક્ટ્ના ટ્રેક એન્ડ ટ્રેસ પર નિર્ણય લેવામાં આવ્યો છે. સિગારેટ પર આચરવામાં આવતી જીએસટીની ચોરીને ડામવા તેના વેપાર પર સોફ્ટવેરથી નજર રાખવામાં આવી શકે છે. એટલે કે, સિગારેટ પ્રથમ એવી પ્રોડક્ટ્ બની શકે છે, જેની પર ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમ લાગુ પડશે. જીએસટી કાઉન્સિલે 21મી ડિસેમ્બરના રોજ સિગારેટ પર ટ્રેક એન્ડ ટ્રેસ મેકેનિઝમ લાગુ કરવાનો માર્ગ મોકળો કર્યો હતો. જેનો અર્થ એ થાય છે કે, સિગારેટની સમગ્ર સપ્લાઈ ચેઈન દરમિયાન તેના સ્ટેટસ પર સોફટવેરથી નજર રાખવામાં આવશે. સિગારેટ બાદ પાનમસાલા માટે પણ આ નિર્ણય લાગુ થઈ શકે છે. જો કે આ સમગ્ર ઘટનાક્રમ અંગે અંતિમ નિર્ણયની રાહ જોવાઈ રહી છે. ટ્રેક એન્ડ ટ્રેસની આ સિસ્ટમ યૂનિક આઈડેન્ટિફિકેશન માર્કિંગ પર આધારિત હશે. વસ્તુ કે તેના પેકેટ પર આ ખાસ પ્રકારનું માર્કિંગ કરવામાં આવશે. જે ટ્રેક એન્ડ ટ્રેસ જેવી સિસ્ટમ વિકસાવવા માટે કાયદાકીય ફ્રેમવર્ક ઉપલબ્ધ કરાવશે અને ચોક્કસ વસ્તુની સપ્લાઈ ચેઈન પર નજર રાખવા માટે આવી પદ્ધતિને લાગુ કરવામાં મદદ મળશે.

## ટાટા ગ્રૂપની બીજી એક કંપનીનો આવી રહ્યો IPO ! ₹15000 કરોડની હોઈ શકે છે સાઈઝ

મુંબઈ | ટાટા ટેક્નોલોજીસના લિસ્ટિંગના લગભગ એક વર્ષ બાદ ટાટા ગ્રૂપ શેરબજારમાં બીજી કંપની લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. ટાટા ગ્રૂપની ફ્લેગશિપ ફાઈનાન્શિયલ સર્વિસ યુનિટ ટાટા કેપિટલના IPO માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ બાબતની જાણકારી ધરાવતા લોકોને ટાંકીને મીડિયા રિપોર્ટ્સમાં આ વાત કહેવામાં આવી છે. ટાટા કેપિટલ એ નોન-બેંકિંગ નાણાકીય સેવાઓ (NBFC) કંપની છે. આ કંપની ટાટા સન્સની પેટાકંપની પણ છે. મીડિયા રિપોર્ટમાં મુજબ ટાટા કેપિટલના IPO પર કામ શરૂ થઈ ગયું છે. જો કે આ આઈપીઓ કેટલો મોટો હશે તે હાલમાં નક્કી નથી થયું. પરંતુ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે કંપની રૂ. 15,000 કરોડનો IPO લાવવાની તૈયારી કરી રહી છે. ટૂંક સમયમાં અન્ય બેંકોનો પણ આ પ્રક્રિયામાં સમાવેશ કરવા માટે સંપર્ક કરવામાં આવશે. આ પબ્લિક ઈશ્યૂમાં પ્રાયમરી અને સેકેન્ડ્રી શેરનો ઈશ્યૂ હશે.વાસ્તવમાં, આરબીઆઈએ એક પરિપત્રમાં કહ્યું હતું કે ઉપલા સ્તરની NBFCs માટે 3 વર્ષની અંદર લિસ્ટિંગ થવું ફરજિયાત છે. RBIએ સપ્ટેમ્બર 2022માં આ પરિપત્ર જાહેર કર્યો હતો. ત્રણ વર્ષનો આ સમયગાળો સપ્ટેમ્બર 2025માં પૂરો થઈ રહ્યો છે.

## એનર્જી કંપનીની મોટું એલાન, શેર ખરીદવા ધસારો, બે મહિના પહેલા જ આવ્યો હતો IPO

મુંબઈ | આ કંપનીનો શેર સોમવારે અને 23 ડિસેમ્બરના રોજ 3% થી વધુ વધીને રૂ. 2967.95 ની ઈન્ટ્રાડે હાઈ પર પહોંચ્યો હતો. કંપનીના શેર વધવા પાછળ એક મોટું કારણ છે. કંપનીએ કહ્યું કે તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 850 કરોડ રૂપિયાના ત્રણ રોકાણ પ્રસ્તાવોને મંજૂરી આપી છે. આ અંતર્ગત ઈલેક્ટ્રોલાઈઝર અને સ્ટોરેજ સેલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. બોર્ડે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની વારી પાવર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ઈન્વર્ટર બિઝનેસમાં રૂ. 130 કરોડના મૂડી ખર્ચને પણ મંજૂરી આપી હતી. વારી એનર્જીએ સ્ટોક એક્સચેન્જને વધુમાં જણાવ્યું હતું કે બોર્ડે PLI સ્કીમ હેઠળ તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની વારી ક્લીન એનર્જી સોલ્યુશન્સમાં 300 મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન પ્લાન્ટ માટે રૂ. 551 કરોડના મૂડી ખર્ચ અને રૂ. 200 કરોડના રોકાણને મંજૂરી આપી હતી, માલિકીની પેટાકંપની, વારી એનર્જી સ્ટોરેજ સોલ્યુશન્સ, પાસે 3.5 GWh લિથિયમ-આયન સ્ટોરેજ સુવિધા છે. કેમિકલ સ્ટોરેજ સેલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. 2,073 કરોડના મૂડી ખર્ચ અને રૂ. 650 કરોડના રોકાણને પણ મંજૂરી આપવામાં આવી છે. કંપનીએ જણાવ્યું હતું કે મૂડી ખર્ચ દેવું અને આંતરિક ઉપાર્જન દ્વારા ધિરાણ કરવામાં આવશે.

## મયંક કેટલ ફૂડ લિમિટેડ નોંધપાત્ર રીતે વિસ્તરે છે

(એજન્સી) અમદાવાદ | તા 24

મયંક કેટલ ફૂડ લિમિટેડે ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદન પોર્ટફોલિયોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રદેશોમાં 78 પસંદ કરેલ વ્યક્તિઓ અને સંસ્થાઓને સફળતાપૂર્વક ડીલરશીપ અને સબ-ડીલરશીપની તકો ફાળવી છે. આ વ્યૂહાત્મક પગલું બજારમાં હાજરી વધારવા અને કંપનીની આવક વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપવા માટે છે. ડીલરો/સબ-ડીલરોને ઉત્પાદનોનું વિતરણ તેમના પદચિહ્નને વિસ્તૃત કરવા અને વિવિધ પ્રદેશોમાં તેમની બ્રાન્ડ શક્તિનો લાભ લેવાના લાંબા ગાળાના ઉદ્દેશ્યો સાથે સંરેખિત થાય છે. મયંક કેટલ ફૂડ લિમિટેડ એ ઉત્પાદનોની વિશાળ શ્રેણી ધરાવતી અગ્રણી ઓઈલ કંપની છે, જે વ્યાપક ગ્રાહક અને ડીલર નેટવર્કને આવરી લેતા એકંદર પશુ ખોરાક સેગમેન્ટમાં નોંધપાત્ર બજારહિસ્સો ધરાવી રહી છે. વધુમાં, મયંક કેટલ ફૂડ લિમિટેડ તેની પેટાકંપની નેનોજેન એગ્રોકેમ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા એગ્રો કેમિકલ અને ખાતરના વ્યવસાયમાં પણ સંકળાયેલી છે. મયંક કેટલ ફૂડ લિમિટેડ, મકાઈનું તેલ (અખાદ્ય) અને મકાઈની કેક (કેટલ ફીડ) ના ઉત્પાદનનો વ્યવસાય કરે છે. અગ્રણી ઓઈલ કંપની તરીકે, ખાદ્ય તેલ, મકાઈનું તેલ કાઢવા, પશુ આહાર, પશુ આહાર અને ઢોરની ખાદ્ય કેકનો સમાવેશ કરતી પ્રીમિયમ ઉત્પાદનોની વ્યાપક શ્રેણી ઓફર કરીને એક સ્થળ તૈયાર કર્યું છે.

## IPO દ્વારા વિક્રમી રૂ. 1.8 લાખ કરોડ એકત્ર કરાયા

(એજન્સી) મુંબઈ | તા 24

વર્ષ ૨૦૨૪ ભારતના પ્રાયમરી બજાર માટે અસાધારણ વર્ષ સાબિત થયું છે. વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૧૭થી વધુ આઈપીઓ દ્વારા રૂપિયા ૧.૮ લાખ કરોડ એકત્ર કરવામાં આવ્યા છે, જે અત્યાર સુધીમાં સૌથી વધુ ભંડોળ છે. આ આંકડો કેલેન્ડર વર્ષ ૨૦૨૧માં ઊભા કરાયેલા રૂ. ૧.૩ લાખ કરોડના રેકોર્ડને પણ વટાવી ગયો છે અને કેલેન્ડર વર્ષ ૨૦૨૩માં ઊભા કરાયેલા રૂ. ૫૭૬ અબજ કરતાં ઘણો વધારે છે. પ્રાયમરી બજારથી રોકાણકારો ખુશ જોવા મળ્યા છે. ભારતીય માર્કેટ કેપિટલાઈઝેશનમાં આઈપીઓના યોગદાનમાં નોંધપાત્ર વધારો થયો છે. તે વર્ષ ૨૦૨૩માં ૧.૪%થી વધીને વર્ષ ૨૦૨૪માં ૨.૯% થયું છે. જો કે, આ ઉછાળા છતાં, તે હજુ પણ વર્ષ ૨૦૧૭ (૩.૭%) અને વર્ષ ૨૦૨૧ (૩.૪%) પાછળ છે. જો કે વર્ષ ૨૦૨૪માં એસએમઈ આઈપીઓનું યોગદાન ઓછું હતું. જે કુલ આઈપીઓ પ્રવૃત્તિનો ૫.૩% છે, જે વર્ષ ૨૦૨૩માં ૮.૬% કરતા ઓછો છે. ઓછો હિસ્સો હોવા છતાં, ૨૦૨૪માં એસએમઈ દ્વારા એકત્ર કરાયેલ કુલ મૂડી રૂ. ૯૨ અબજ હતી, જે ૨૦૨૩માં રૂ. ૪૯ અબજની કુલ મૂડી કરતાં બમણી હતી. એસએમઈ હજુ પણ આઈપીઓ લેન્ડસ્કેપમાં વૈવિધ્ય લાવવાનું મહત્વનું પરિબળ છે. હ્યુન્ડાઈ મોટરએ ભારતમાં સૌથી મોટા આઈપીઓ સાથે ઈતિહાસ રચ્યો છે. તેણે ઓક્ટોબર ૨૦૨૪માં આઈપીઓ દ્વારા રૂ. ૨૭૮.૬ અબજ એકત્ર કર્યા હતા, જે મે ૨૦૨૨માં એલઆઈસી દ્વારા નિર્ધારિત અગાઉના રેકોર્ડ (રૂ. ૨૦૫.૬ અબજ)ને વટાવી ગયો હતો. આ વર્ષે ભારતમાં સૌથી મોટી ફોલો-ઓન પબ્લિક ઓફર (એફપીઓ) પણ જોવા મળી હતી, જેમાં વોડાફોન-આઈડિયાએ એપ્રિલ ૨૦૨૪માં ૧૮૦ બિલિયન ડોલરએકત્ર કર્યા હતા. તેણે જુલાઈ ૨૦૨૦માં યસ બેંક (રૂ. ૧૫૦ અબજ) અને માર્ચ ૨૦૦૪માં ઓએનજીસી (રૂ. ૧૦૬.૯ અબજ)ના અગાઉના રેકોર્ડને વટાવી દીધા હતા. ભારતના હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ સેક્ટરે ૨૦૨૪માં આઈપીઓ દ્વારા રૂ. ૧૪,૮૧૧ કરોડ ઊભા કર્યા છે. વધતી વૈશ્વિક તકો વચ્ચે મજબૂત સ્થાનિક માંગને કારણે ૨૦૧૯ પછી એકત્ર કરવામાં આવેલી આ સૌથી વધુ રકમ છે.

## બિટકોઈનમાં હવે તેજીના વળતા પાણી 96000 ડોલરની સપાટી ગુમાવી દીધી

(એજન્સી) મુંબઈ | તા 24




વૈશ્વિક ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં સતત તેજીના વળતા પાણી થઈ રહ્યા છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ આવેલી વિક્રમી તેજીને બ્રેક લાગીને છેલ્લા કેટલાક દિવસોથી સતત વિવિધ ક્રિપ્ટોકરન્સીના ભાવો તૂટતાં જોવાઈ રહ્યા છે. યુ.એસ. ફેડરલ રિઝર્વના ગત સપ્તાહમાં સાવચેતીભર્યા આઉટલૂકના પરિણામે બિટકોઈનના ભાવ ગત સપ્તાહથી સતત તૂટી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ બિટકોઈનના ભાવમાં ગત સપ્તાહમાં પ્રથમ વિકલી ઘટાડો નોંધાયો હતો. જે ઘટાડો સતત આગળ વધતો જોવાઈ રહ્યો છે. આ દરમિયાન બિટકોઈન(બીટીસી)નો ઉછાળો સતત ધોવાતો રહી ભાવ ૯૬,૦૦૦ ડોલરની સપાટી પણ ગુમાવી દઈ ૯૫૫૧૯ ડોલર આવી ગયા છે. કોઈનમાર્કેટકેપ મુજબ બિટકોઈનના ભાવમાં એક દિવસમાં ૦.૭૬ ટકા જેટલો ઘટાડો થયો છે. ભારતીય એક્સચેન્જ મુજબ બીટીસીનો ભાવ રૂ.૮૧.૩૪ લાખ જેટલો રહ્યો છે. અન્ય ક્રિપ્ટોકરન્સીમાં ઈથેરમનો ઈટીએસનો ભાવ ૦.૦૩ ટકા ઘટીને ૩૩૧૯.૧૮ ડોલર એટલે કે રૂ.૨.૮૨ લાખ જેટલા રહ્યા છે. ડોજેકોઈનના ૧.૬૩ ટકા વધીને ૦.૩૧૫૨ ડોલર એટલે કે ભારતમાં રૂ.૨૬.૮૭ જેટલા રહ્યા છે. લિટેકોઈનના ભાવ ૪.૧૭ ટકા વધીને ૧૦૨.૬૪ ડોલર એટલે કે રૂ.૮૭૩૨ જેટલા છે.

## સેન્સેક્સ 78,472 પર બંધ થયો : નિફ્ટીમાં 25 પોઈન્ટ ઘટાડો નોંધાયો

### BSE સ્મોલકેપમાં 205 પોઈન્ટની તેજી રહી

(એજન્સી) મુંબઈ | તા 24

આજે એટલે કે 24મી ડિસેમ્બરે સેન્સેક્સ 67 પોઈન્ટના ઘટાડા સાથે 78,472 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 25 પોઈન્ટ ઘટીને 23,727ના સ્તરે બંધ થયો હતો. તેમજ, BSE સ્મૉલકેપ 205 પોઈન્ટની તેજી સાથે 55,023ના સ્તરે બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 17 ઘટ્યા અને 13માં તેજી રહી. તેમજ, નિફ્ટીના 50 શેરોમાંથી 28માં તેજી અને 22માં ઘટાડો રહ્યો હતો. NSE સેક્ટરલ ઈન્ડેક્સમાં મેટલ સેક્ટર સૌથી વધુ 0.83%ના ઘટાડા સાથે બંધ થયું. એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કેઈ 0.27% અને કોરિયાનો કોસ્પી 0.17%નો ઘટાડો છે. તેમજ, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.68%ની તેજી છે. NSEના ડેટા અનુસાર, 20 ડિસેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) દ્વારા નેટ સેલ રૂ. 168 કરોડ હતું. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DII) એ 2,227 કરોડના શેર ખરીદ્યા હતા. 23 ડિસેમ્બરે અમેરિકાનો ડાઓ જોન્સ 0.16%ની તેજી સાથે 42,906 પર બંધ થયો હતો. S&P 500 ઈન્ડેક્સ 0.73% વધીને 5,974 પર અને નેસ્ડેક 0.98% વધીને 19,764 પર બંધ થયો. 23 ડિસેમ્બરે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ 498 પોઈન્ટની તેજી સાથે 78,540 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 165 પોઈન્ટ વધીને 23,753ની સપાટીએ બંધ થયો. તેમજ, BSE સ્મોલકેપ 331 પોઈન્ટ ઘટીને 54,817ના સ્તરેબંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 20નીંમાં તેજી અને 10 ઘટ્યા હતા. નિફ્ટીના 50 શેરોમાંથી 32માં તેજી અને 18 ડાઉન રહ્યા હતા. રિયલ્ટી સેક્ટર સૌથી વધુ 1.47%ની તેજી સાથે બંધ થયું હતું.

## કલ્પતરુ રિયલ એસ્ટેટ વિખ્રોલી પશ્ચિમની કોમર્શિયલ સ્પેસને ધબકતું બનાવી રહ્યું છે રૂપાંતર

(એજન્સી) મુંબઈ | તા 24

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર કલ્પતરુ વિખ્રોલી પશ્ચિમમાં કામકાજના સ્થળોને (વર્કસ્પેસ) વધુ અનુકૂળ બનાવવાના નવા ધોરણો ઊભા કરવાના ભાગરૂપે પ્રીમિયમ કોમર્શિયલ પ્રોપર્ટી, કલ્પતરુ વર્ટસ લોન્ચ કરવાની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે. કલ્પતરુ વર્ટસ વ્યૂહાત્મક રીતે જોગેશ્વરી વિખ્રોલી લિંક રોડ પર મુંબઈના ઉભરતા વ્યાપારિક કેન્દ્ર ગાંધી નગર જંક્શનમાં સ્થિત છે અને પવઈ તેમજ આગામી સમયમાં ઊભા થનારા મેટ્રો સ્ટેશનો સાથે જોડાયેલું છે. પવઈથી માત્ર 300 મીટરના અંતરે અને આગામી બે મેટ્રો સ્ટેશનોની નજીક સ્થિત આ પ્રોજેક્ટ કર્મચારીઓ અને ગ્રાહકો માટે સહેલાઈથી પરિવહન કરી શકે છે. સર્વોચ્ચ સ્થાયીપણાં ધોરણોને અનુસરતા ગ્રેડ A બિલ્ડિંગ તરીકે તૈયાર કરાયેલા કલ્પતરુ વર્ટસ સોલાર રૂફટોપ, ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર, ઈન્ટેલિજન્ટ LED લાઈટિંગ અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી અદ્યતન અને ઊર્જાની કાર્યક્ષમ પદ્ધતિઓથી સજ્જ છે. અદ્યતન 30 માળનું ટાવરનો આગળનો ભાગ ઝગમગતા ગ્લાસ વડે તેજસ્વી અને આવકારતો અદભૂત માહોલ ઊભો કરે છે. 2.5 લાખ ચોરસ ફૂટ કરતાં વધુ કાર્પેટ વિસ્તારમાં કલ્પતરુ વર્ટસ 352 ચોરસ ફૂટથી 13,000 ચોરસ ફૂટના મોકળાશભર્યા એકમો સુધીની વિવિધ પ્રકારની કૉમર્શિયલ સ્પેસ પૂરી પાડે છે. એટેચ્ડ વોશરૂમ અને આંશિક રીતે તૈયાર એકમો કામ-ધંધા માટેની તેમની ખાસ જરૂરિયાતો અનુસાર તેયાર કરી શકવાની સુગમતા પણ ધરાવે છે. ઊર્જાના કાર્યક્ષમ વપરાશ પ્રમાણેના મકાનો (ગ્રીન બિલ્ડિંગ)ના ધારાધોરણોને અનુસરીને સ્થાયીપણાને ધ્યાનમાં લઈ આરામ અને ઉપયોગીતાનો સમન્વય પૂરો પાડવાનો પ્રોજેક્ટનો ધ્યેય છે. વ્યૂહાત્મક રીતે વિખ્રોલી પશ્ચિમમાં સ્થિત, તે પવઈ અને આગામી મેટ્રો સ્ટેશનોની ઉન્નત કનેક્ટિવિટી પ્રદાન કરે છે. અહીં સર્વોપરી એવાં સુરક્ષા અને આરામ માટે હાઈ-સ્પીડ એલિવેટર્સ, બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા અને મુલાકાતીઓ માટે નોંધણીની ખાસ ડેસ્ક પણ છે.

## હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા દ્વારા નવી 2025 SP160 લોન્ચ કરાઈ

(એજન્સી) ગુરુગ્રામ | તા 24

હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા (એચએમએસઆઈ) દ્વારા આજે નવી OBD2B કોમ્પ્લાયન્ટ SP160 રજૂ કરવામાં આવી. આધુનિક રાઈડર માટે ઘડવામાં આવેલી અપડેટેડ SP160 રાઈડિંગ અનુભવને વધુ બહેતર બનાવવા માટે ઉત્તમ પરફોર્મન્સ અને હાય-ટેક ફીચર્સ સાથે બોલ્ડ નવી ડિઝાઈન ઓફર કરે છે. નવી 2025 હોંડા SP160ની કિંમત Rs. 1,21,951થી શરૂ થાય છે, એક્સ- શોરૂમ દિલ્હી. અપડેટેડ SP160 રજૂ કરતાં હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાના પ્રેસિડેન્ટ અને સીઈઓ શ્રી ત્સુત્સુમુ ઓટાનીએ જણાવ્યું હતું કે, "અમને અપડેટેડ નવી SP160 લોન્ચ કરવાની ઘોષણા કરવામાં બેહદ ખુશી થાય છે. તેના લોન્ચના એક વર્ષમાં SP160 ગ્રાહકોમાં અત્યંત લોકપ્રિય બની છે. હવે OBD2B-કોમ્પ્લાયન્ટ એન્જિન અને હોંડા રોડસિન્ક એપ થકી બ્લુટૂથ કનેક્ટિવિટી સાથે TFT ડિસ્પ્લે જેવા આધુનિક ફીચર્સ ઉમેરાતાં SP160 અમારા ગ્રાહકોનો રાઈડિંગ અનુભવ વધુ બહેતર બનાવવા માટે સુસજ્જ છે." આ લોન્ચ વિશે બોલતાં હોંડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર



ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગના ડાયરેક્ટર શ્રી યોગેશ માથુરે જણાવ્યું હતું કે, "SP160 જીવનમાં બોલ્ડ બનવા માગતા મહત્ત્વાકાંક્ષી યુવા રાઈડિંગ શોખીનો દ્વારા પ્રેરિત છે. આધુનિક ડિઝાઈન, ફીચરથી સમૃદ્ધ ટેકનોલોજી અને આકર્ષક મૂલ્ય સાથે નવી SP160 સ્ટાઈલ અને ફંકશનાલિટી પણ જોતા યુવા, ટેક-સાવી ગ્રાહકોને પહોંચી વળશે. અમે માનીએ છીએ કે અપડેટેડ SP160નું લોન્ચ 160cc પ્રીમિયમ કમ્યુટર સેગમેન્ટમાં નવાં સીમાચિહનો સ્થાપિત કરશે."

## ગલ્ફ ઓઈલે પ્રિમિયમ ઓટોમોટિવ લ્યુબ્રિકન્ટ્સ અને Adblueને દેશભરમાં 6500 કરતા વધારે ફ્યૂઅલ સ્ટેશન પર ઉપલબ્ધ કરાવવા માટે નયારા એનર્જી સાથે ભાગીદારી કરી

(એજન્સી) મુંબઈ | તા 24

લ્યુબ્રિકન્ટ અને ઓટોમોટિવ પ્રોડક્ટ સ્પેસમાં અગ્રણી તથા સૌથી ઝડપથી વૃદ્ધિ પામી રહેલી ગલ્ફ ઓઈલ લ્યુબ્રિકન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ આજે નયારા એનર્જી સાથે એક વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરે છે. નયારા એનર્જી ભારતની સૌથી મોટી ખાનગી ફ્યૂઅલ રિટેલર અને એક સંકલિત ડાઉનસ્ટ્રીમ કંપની છે જે રિફાઈનિંગથી રિટેલ સુધી હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનમાં મજબૂત હાજરી ધરાવે છે. આ ભાગીદારી હેઠળ ટૂ-વ્હીલર્સ માટે લ્યુબ્રિકન્ટ્સ, પેસેન્જર કાર્સ, કોમર્શિયલ વેહિકલ્સ અને કૃષિ આધારિત વાહનો સહિતની ગલ્ફની સમગ્ર ઓટોમોટિવ પ્રોડક્ટ રેન્જને નયારા એનર્જીનાં દેશભરમાં 6500 કરતા વધારે ફ્યૂઅલ રિટેલ આઉટલેટ્સનાં વ્યાપક નેટવર્ક પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ વ્યૂહાત્મક ભાગીદારી એ 3-વર્ષના કરારનો એક ભાગ છે જે ગલ્ફ ઓઈલની બ્રાન્ડની હાજરી અને પ્રોડક્ટની ઉપલબ્ધતાને વધુ મજબૂત કરવા માટે નયારા એનર્જીની પહોંચનો લાભ લે છે, ખાસ કરીને ભારતમાં દેશના ઝડપથી વિકાસ પામતા હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે. આ ભાગીદારી હેઠળ, ગલ્ફ ઓઈલનું AdBlue - ઉચ્ચ ગુણવત્તાની ડીઝલ એક્ઝોસ્ટ પ્રવાહી જે હાનિકારક ઉત્સર્જન ઘટાડે છે, તે નાયરાના સમગ્ર નેટવર્ક પર છૂટક વેચાતુ વિશિષ્ટ AdBlue પ્રોડક્ટ હશે, જેમાં ટુ-




વ્હીલર બેટરીની વિશિષ્ટ રેન્જ ઓફર કરવામાં આવશે, જેમાં બંને કંપનીઓના પોર્ટફોલિયોને વિકસતા ક્ષેત્રે વિસ્તૃત કરવામાં આવશે. ગલ્ફ પહેલેથી જ AdBlue માટે ડેપો અને અન્ય વિવિધ ટચપોઈન્ટ્સ દ્વારા સ્થાપિત ડિસ્ટ્રીબ્યૂશન નેટવર્ક ધરાવે છે અને આ ભાગીદારી તે પહોંચને વધારે છે. ગલ્ફ અને નયારા એનર્જી સમગ્ર શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપક ગ્રાહકો સુધી વિશ્વ સ્તરીય, વિશ્વસનીય ઓટોમોટિવ પ્રોડક્ટ્સ લાવવા માટે સંયુક્ત રીતે પ્રતિબદ્ધ છે. સિલવાસા અને ચેન્નાઈમાં તેનું અત્યાધુનિક ઉત્પાદન અને આર એન્ડ ડી સુવિધાઓ લ્યુબ્રિકન્ટ્સ અને AdBlue® માટે 332,000 KL ની સંયુક્ત ક્ષમતા ધરાવે છે, જે વૈશ્વિક અગ્રણી તરીકે કંપનીને તેનું સ્થાન જાળવી રાખવામાં સક્ષમ બનાવે છે. ગુણવત્તા અને પ્રીમિયમાઈઝેશન પર ગલ્ફનું સતત ફોકસ બ્રાન્ડને 40 કરતા વધારે OEM તેમજ 80000 કરતા વધારે ટચપોઈન્ટ અને 10000 કરતા વધારે ગલ્ફ બાઈક સ્ટોપ્સ અને કાર સ્ટોપ્સ પરના ગ્રાહકો માટે પસંદ બનાવે છે. ગલ્ફ ઓઈલ લ્યુબ્રિકન્ટ્સ ઈન્ડિયા લિમિટેડનાં મેનેજીંગ ડિરેક્ટર અને સીઈઓ રવિ ચાવલાએ આ ભાગીદારી અંગે ઉત્સાહ વ્યક્ત કરતા કહ્યું કે, "નયારા એનર્જી સાથે અમારી ભાગીદારી ભારતના હાઈ-વેઝ અને ફ્યૂઅલ સ્ટેશન્સ પર ગલ્ફની હાજરીને વિસ્તારવા માટેનું નોંધપાત્ર પગલું છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, માગશર વદ-10

# ધર્મની સમજ, સંઘ પ્રમુખનો મહત્વપૂર્ણ સંદેશ



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે રવિવારે અમરાવતીમાં એક કાર્યક્રમ દરમિયાન જે પણ કહ્યું તે તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે દુનિયામાં ધર્મના નામે જે પણ અન્યાય અને અત્યાચાર થાય છે તેની પાછળ ધર્મની ખોટી સમજ છે. ગયા અઠવાડિયે જ આરએસએસના વડાએ પણ કહ્યું હતું કે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ સારી વાત છે, પરંતુ વિવિધ સ્થળોએ મંદિરોને લઈને વિવાદ ઉભો કરવો યોગ્ય નથી. સંઘ પ્રમુખના આ નિવેદનો પાછળની ગંભીર ચિંતાને સમજવાની જરૂર છે. સંઘના વડાએ સાચું જ કહ્યું કે ધર્મ ખૂબ જ જટિલ વિષય છે અને તેને સમજવામાં ઘણી વખત ભૂલ થવાની સંભાવના રહે છે. ઘણી વખત એ સમજાતું નથી કે ક્યારે ધર્મનું ઉદાર સ્વભાવ કોઈ ચોક્કસ સમુદાયની સંકુચિત દ્રષ્ટિથી પકડાઈ જાય છે અને ક્યારે ધાર્મિક સર્વસમાવેશકતા સાંપ્રદાયિક કટ્ટરતાથી ઢંકાઈ જાય છે. જો ભારતીય ઉપખંડના સંદર્ભમાં જોવામાં આવે તો, બાંગ્લાદેશમાં તાજેતરના સત્તા પરિવર્તને સમાજને કટ્ટરપંથી તત્વોની ચુંગાલમાં કેવી રીતે લાવ્યો તે દરેક માટે બોધપાઠ બની શકે છે. વિશ્વના અન્ય ભાગોમાં પણ આવા ઉદાહરણો જોવા મળે છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં વિશ્વભરમાં કોઈ ચોક્કસ ધર્મના નામે આતંકવાદનું જે ભયાનક અભિયાન ચલાવવામાં આવ્યું છે તેને તે ધર્મની સાચી સમજણનું ઉદાહરણ ગણી શકાય નહીં. પરંતુ સંઘના વડાની વાત માત્ર અન્ય દેશોના સંદર્ભમાં જ કહેવામાં આવી ન હતી. ધર્મના ખોટા અર્થઘટનને કારણે 'સબકા સાથ, સબકા વિકાસ'ના એજન્ડાને પાછળ છોડી દેવાનો ખતરો આપણા દેશમાં ઓછો નથી. આ ખતરો તરફ ઈશારો કરતા સંઘ પ્રમુખે કહ્યું છે કે વિવિધ સ્થળોએ મંદિરોને લઈને વિવાદ ઉભો કરવો યોગ્ય નથી. વિવિધતા માત્ર આપણા વર્તમાન જ નથી, તે આપણા ભૂતકાળનો પણ એક ભાગ રહી છે. વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓના લોકો અહીં આવતા રહ્યા, તેમના પ્રારંભિક મતભેદો અને કડવાશને દફનાવીને અને વિશાળ ભારતીય સંસ્કૃતિ સાથે ભળી ગયા. ત્યારે જ આ વિવિધતાઓ વચ્ચે એકતાના મજબૂત દોરો વિકસ્યા. દેશભરમાં આવા હજારો પૂજા કેન્દ્રો છે જ્યાં એક કરતા વધુ ધર્મના સંકેતો, સંકેતો અને પુરાવાઓ મળી શકે છે. અત્યારે આના આધારે વિવાદ ઊભો કરવો આપણને ક્યાંય લઈ જશે નહીં. આ ખતરાને ટાળવા માટે, કાયદા દ્વારા નિર્ણય લેવામાં આવ્યો કે દેશની આઝાદી સમયે જે રીતે પૂજા સ્થળ અસ્તિત્વમાં હતું, તેને અંતિમ માનવામાં આવે. હવે ગમે તે બહાને આવા વિવાદો ઉભા કરવામાં આવે તો તે સામાજિક સમરસતા માટે સારા નહિ હોય અને દેશના વિકાસમાં અવરોધરૂપ બનશે.

## નર્મદા જિલ્લાના ડેડીયાપાડાની મોસદા આશ્રમ શાળામાં અભ્યાસ કરતા...

# બાળકો પાસે ત્રિકમ પાવડાથી મજુરી કરાવાતા રોષ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના મોસદામાં આવેલ આશ્રમ શાળામાં આદિવાસી બાળકો પાસે બાળ મજુરી કરાવાઈ રહી હોવાની એક ઘટના સામે આવી છે. આ મુદ્દે નર્મદા જિલ્લા આશ્રમ શાળા અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સંયુક્ત રીતે તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરે એવી માંગ ઉઠી છે.

સ્વ.રત્નસિંહ મહિડાએ આદિવાસીઓ શિક્ષિત બને એ માટે આ વિસ્તારમાં આશ્રમ શાળાઓ સ્થાપી છે ત્યારે હાલમાં અહીંયા આદિવાસી બાળકો બદતર હાલતમાં છે, આ આશ્રમ શાળા હાલ તો બાળ મજૂરીનું કેન્દ્ર બન્યું છે એમ કહીએ તો ખોટું નથી.

ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ રાજપીપળા સંચાલિત ડેડીયાપાડાના મોસદા ખાતે આવેલી મહાત્મા ગાંધી આશ્રમ શાળામાં આચાર્યની હાજરીમાં બાળકો પાસે ત્રિકમ અને પાવડા વડે મોટા મોટા ખાડા ખોદાવી પ્લંબિંગનું કામ અને બાળ મજુરી કરાવાઈ રહી હોવાની એક અત્યંત દયનિય ઘટના વિડિયો ના માધ્યમ થી સામે આવી છે.એક તરફ બાળ મજુરી કરાવવી એક મોટો ગુનો છે અને એને અટકાવવા માટે સરકાર કમર કસી રહી છે તો બીજી બાજુ શિક્ષકો જ જ્યારે શાળામાં ભણતા બાળકોને શિક્ષણ આપવાની જગ્યાએ બાળ મજુરી કરાવી રહ્યા હોય તો એ ખરેખર નિંદનીય કહેવાય.કદાચ આવા જ શિક્ષકોને લીધે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ખુબ ઓછું હોવું જોઈએ એમ કહી શકાય.



મોસદા આશ્રમ શાળામાં બાળકો પાસે બાળ મજુરી કરાવવાના બદલામાં ચોકલેટ સહિત અન્ય પ્રલોભનો અપાય છે, શિક્ષકો નિયમિત પણે હાજર રહેતા નથી એવી ચર્ચાઓ પણ ચાલી રહી છે.તો બીજી બાજુ આ આશ્રમ શાળા પણ અત્યંત જર્જરિત હાલતમાં છે.ત્યારે આ તમામ મુદ્દે આશ્રમ શાળાના આચાર્ય ભુપેન્દ્ર ત્રિવેદીનો સંપર્ક સાધવાનો પ્રયત્ન કર્યો પણ એમનો ટેલીફોનીક સંપર્ક થઈ શક્યો ન હતો.

### નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારની આશ્રમ શાળાઓમાં ભણતરના નામે શિક્ષણ માફીયાઓ ધંધો કરતા હોવાની ભારે ચર્ચા

**અમે સંસ્થાને નોટીશ આપી છે : રવીન્દ્ર વસાવા, નર્મદા જિલ્લા આશ્રમ શાળા અધિકારી**

નર્મદા જિલ્લા આશ્રમ શાળા અધિકારી રવીન્દ્ર વસાવાએ જણાવ્યું હતું કે બાળકોને કામ કરાવાય જ નહિ, બાળ મજુરીનો કાયદો લાગે.અમે જર્જરિત આશ્રમ શાળાઓ મુદ્દે ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘને નોટીશ પણ આપી જ છે.આ બાબતે તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

**જવાબદારો સામે કડક પગલાં લેવાશે: ભાઈલાલ પરમાર, નર્મદા જિલ્લા બાળ કલ્યાણ સમિતિ ચેરમેન**

આ બાબતે નર્મદા જિલ્લા બાળ કલ્યાણ સમિતિ ચેરમેન ભાઈલાલ પરમારે જણાવ્યું હતું કે ભણતા બાળકો પાસે આવી કામગીરી ન કરાવાય.આ બાબતે લાગતા વળગતા અધિકારીને જાણ કરી અમે અમારી ટીમ ત્યાં તપાસ માટે મોકલીશું. અને કસુરવારો સામે કડકમાં કડક પગલાં લેવા ભલામણ કરીશું.

**નર્મદા જિલ્લાની અમુક આશ્રમ શાળાઓમાં ગ્રાન્ટ લેવા ડમી વિદ્યાર્થીઓ ઉભા કરાતા હોવાની બુમ**

નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોની કેટલીક આશ્રમ શાળાઓમાં સરકારની પુરે પુરી ગ્રાન્ટ મેળવવા ડમી વિદ્યાર્થીઓ ઉભા કરાતા હોવાની બુમો ઉઠી છે.ત્યારે કલેક્ટર આ બાબતે તપાસ હાથ ધરે તો મોટું કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ નકારી શકાય નહી.

## NEWS BRIEF

### ચાણસ્મા પ્રા.કન્યાશાળામાં "રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ" પ્રોજેક્ટ અમલી



નિતીન ઠાકર | ચંદ્રુમાણા

સમગ્ર રાજયમાં શાળાઓની કન્યાઓને સ્વરક્ષણ તાલીમ અપાઈ રહી છે.આ 'રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ' પ્રોજેક્ટ અંતર્ગત કરાટે, પંચ , સામનો કેવી રીતે કરવો તેનું એજન્સી દ્વારા નિયુકત થયેલ ખાસ મહિલાકૉચ દ્વારા બાળાઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે.કોઈપણ પ્રકારની આપત્તિ સામે રક્ષણ મેળવી શકે એ હેતુ સ્વરક્ષણ તાલીમ અપાઈ રહી છે.ગુજરાત સરકારે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે.આ પ્રશિક્ષણનો ઉપયોગ પોતાના માટે જ સંકટ સમયે કરી શકે તે મુજબ બાળાઓને તૈયાર કરવામાં આવે છે.વાલીજનોએ આ પ્રોજેક્ટને આવકાર્યો છે.આ પ્રશિક્ષણ થકી બાળાઓના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો.આમ 'હમ ભી કિસી સે કમ નહી ની પ્રતિતિ બાળાઓમાં જોવા મળી.

### બસપા પાર્ટી દ્વારા ગૃહમંત્રી શાહના વિરુદ્ધમાં કલેકટર મારફતે રાષ્ટ્રપતિને આવેદનપત્ર



ડાંગ | ચંદ્રુમાણા

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરને લઈને સંસદ ભવનમાં જે નિવેદન આપવામાં આવ્યુ હતુ.તેને લઈને ઠેરઠેર સખત વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.ત્યારે ડાંગ જિલ્લા બહુજન સમાજ પાર્ટી દ્વારા જિલ્લા કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સંસદ ભવનમાં ડો. બાબાસાહેબનું નામ ફેશન બનાવી આંબેડકર આંબેડકર આંબેડકર બૂમો પાડતા દેખાઇ છે, અને ભગવાનનું નામ લીધુ હોત તો સાત જન્મો સુધી સ્વર્ગ મળી ગયું હોત.આ વાણી આપીને પોતાની માનસિકતા દર્શાવેલ છે. અને બાબા સાહેબ આંબેડકરનું તેઓએ અપમાન કર્યું છે. દેશ જાણે છે કે એસ.ટી.,એસ.સી.,ઓબીસી સમાજ માટે ડૉ.બાબા સાહેબ આંબેડકર ભગવાન તરીકે પૂજે છે.એવા અનેક દાવા અને આક્ષેપો સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.અને ભારતના ગુહમંત્રી પોતાના હોદ્દા પરથી રાજીનામું આપે અને જાહેરમાં માફી માંગે તેવી માંગ ઉઠવા પામી છે.

### ચાણસ્મા તાલુકા ભાજપ ના અધ્યક્ષ તરીકે કિરણભાઇ જાનીની નિમણુંક કરાઇ

નિતીન ઠાકર | ચાણસ્મા



ઘણા વર્ષો પછી પ્રદેશ ભાજપ સંગઠને ચાણસ્મા ભાજપ ના અધ્યક્ષ તરીકે બ્રહ્મસમાજના યુવા અગ્રણી ને નિયુક્ત કરાતાં બ્રહ્મસમાજમાં આનંદ ની લાગણી છવાઈ. તાંજેતરમાં પ્રદેશ ભા જ. પ સંગઠન દ્વારા સંગઠન માળખુ મજબૂત બને તે માટે પાટણ જિલ્લા ના તાલુકા દીઠ શહેર / તાલુકા પ્રમુખો ની નિમણુંક પ્રક્રિયા હાથ ધરવામાં આવતાં ચાણસ્મા તાલુકા ભાજપ ના અધ્યક્ષ (પ્રમુખ) તરીકે. .બ્રહ્મસમાજ ના યુવા અગ્રણી કિરણકુમાર ભાનુપ્રસાદ ની નિમણૂંક થતાં ચાણસ્મા તાલુકા માં બ્રહ્મસમાજ સહિત તમામ સમાજ માં આનંદ ની લાગણી છવાઈ છે ઘણા વર્ષે ચાણસ્મા તાલુકા ભાજપ સંગઠન ના મહત્વના હોદ્દા પર નિમણુંક કરતાં બ્રહ્મ સમાજ માં વિશેષ આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

### ચીખલદા ગામ નજીક સામાન ભરેલ ટ્રક પુલ પરથી નીચે ખાબકી જતા અકસ્માત



ડાંગ | ચંદ્રુમાણા

પ્રાપ્ત વિગતો અનુસાર ગતરોજ સુરત તરફથી માલસામાનનો જથ્થો ભરી નાસિક તરફ જઈ રહેલ ટ્રક. ન.એમ.એચ.14.જે.એલ.9885 જે સાપુતારાથી વઘઇને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં ચીખલદા ગામ નજીક ચાલક દ્વારા સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ ટ્રક પુલની રેલીંગ તોડી નદીનાં પટમાં ખાબકી પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રક સહિત માલસામાનનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ.જ્યારે ચાલક અને ક્લીનરને નાની મોટી ઇજાઓ પોહચતા તેઓને તાત્કાલીક સારવારનાં અર્થે સાકરપાતળ પી.એચ.સી ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

### નાની ચીખલી ગામમાં ખેતરમાં કામ કરતા વ્યક્તિ પર દીપડાએ હુમલો કરતા આબાદ બચાવ

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નાની ચીખલી ગામમાં ખેતરમાં કામ કરતા વ્યક્તિ પર દીપડા એ હુમલો કરતા આબાદ બચાવ થયો હતો. મળતી માહિતી અનુસાર દિનેશભાઈ જેસીંગભાઈ વસાવા ઉ.વ.૪૫ ધંધો-ખેત મજુરી રહે. મોવી બોરીદ્રા તા.નાંદોદ જી. નર્મદા નાઓ પોતાનાં નાની ચીખલી ગામની સીમમાં આવેલ ખેતરે ગયા હતા તે વખતે રાતનાં આશરે આઠેક વાગ્યાનાં અરસામાં એક દિપડાએ કુદકો મારી બચકુ ભરતા તેમને ડાબા પગનાં થાપાનાં ભાગે તથા ડાબા હાથનાં કાંડા ઉપર ઈજાઓ પહોંચી હતી, જોકે દીપડા એ હુમલો કરતા જ દિનેશભાઈ એ બૂમાબૂમ કરતા દીપડો ત્યાંથી ભાગી જતા તેમનો આબાદ બચાવ થયો હતો. જોકે બૂમાબૂમ થતા આસપાસ ના લોકો દોડી આવ્યા હતા અને દિનેશભાઈ ને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આમલેથા પોલીસે આ મુદ્દે નોંધ લીધી છે.

### જૂનાગઢના સાહસવીરો ખેડશે જૂનાગઢથી કન્યાકુમારી સુધી બાઈક પર સાહસયાત્રા



મહેશ એલ.સોની | નખત્રાણા

જૂનાગઢના બાઈક સાહસ વિરો જશરાજ નિલેશ ભાઈ મેવચા તેમજ હાર્દિક નિતીનભાઈ કારીયા તા. ૦૧/૦૧/૨૦૨૫થી ૨૦/૧૨૦૨૪ સુધીના ૨૦ દિવસિય પ્રવાસમાં જૂનાગઢથી નિકળી કુલ ૯ રાજ્યોની સફર બાઈક પર ખેડશે. આ યાત્રાનો મુખ્ય હેતું યુવા ધનને ડ્રગ્સ ના વ્યસન થી મુક્ત કરાવવાનો છે તેઓ SAY NO TO DRUGS નો સ્લોગન લઈ ને નિકળશે. જશરાજ તેમજ હાર્દિકે આ અગાઉ આ ભારતના વિવિધ વિસ્તારો જેવા કે જમ્મુ કાશ્મીર લેહ ,લદાખ, આસામ અરુણાચલ, અને વિશ્વના સૌથી ઊંચા રોડ ઉમલિંગ્લા પણ બાઈક પર સર કરેલા છે. મજાની વાત એ છે કે તેમનાં પ્રવાસમાં કોઈ પણ હોટેલમાં રાત્રી રોકાણ હોતું નથી સાંજ પડે ત્યારે ટેન્ટ નાખી અને હાથે જમવાનું બનાવી આરામ કરવાનો આ રીત દરેક પ્રવાસ માટે હોય છે.

### પાંચપીપરી | ચોરાયેલ મુદ્દામાલ સાથે ત્રણને પકડી પાડતી સાગબારા પોલીસ

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબે નાઓએ આપેલ સુચના અનુસંધાને સાગબારા પો.સ્ટે ખાતે નોંધાયેલ અનડીટેક ગુનાઓને તાત્કાલીક શોધી કાઢવા માટે પી.જે. પંડયા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર ડેડીયાપાડા, નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ, સી.ડી.પટેલ પોલીસ સબ ઈન્સ્પેકટર તથા પોલીસ સ્ટાફના માણસોએ તા.૨૨/૧૨/૨૦૨૪ નારોજ નોંધાયેલ સાગબારા પોલીસ સ્ટેશન ચોરી ના ગુનામાં કમલેશભાઈ સોની ની બંધ દુકાનના છતના ભાગે ચઢી, છતના ભાગે આવેલ સીમેન્ટનુ પતરૂ તોડી દુકાનમાં પ્રવેશ કરી રોકડા રૂપિયા-૨,૬૭,૦૦૦/- ની ચોરી કરી લઈ જવાના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ ઝડપી પાડી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રિકવર કરી અનડીટેક ગુનાને ડીટેકટ કર્યો છે.

### પાટડી ગામમાં આવેલી જમીન પચાવી પાડનાર ચાર વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના પાટડી ગામમાં આવેલી જમીન પચાવી પાડનાર ચાર વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ નો ગુનો દાખલ થયો છે પ્રાપ્ત વિગતો અનુસાર શાંતીલાલ આંટીયાભાઇ વસાવા, રહે. પાટડી તા. ડેડીયાપાડા જિલ્લો-નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ (૧) અમરસીંગભાઇ વસાવા (૨) રમીલાબેન વસાવા (૩) રાકેશભાઇ વસાવા તથા (૪) તથા રોશનભાઇ વસાવા તમામ રહે. પાટડી, તા.ડેડીયાપાડા, જી.નર્મદા નાઓએ તેમની પાટડી ગામની સીમમા આવેલ સનદવાળી જંગલ જમીન રૂ. ૩.૮૫ વાળી જમીનમાં સને-૨૦૦૭ થી આજદિન સુધી કબ્જો કરી દબાણ કરેલ હોય જે જમીનનો કબ્જો પરત મેળવવા માટે તેમણે અવાર નવાર આ લોકો ને જણાવવા છતા જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી કબ્જો કરેલ જમીન આજદિન સુધી પરત નહીં આપી જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડી ગુનો કરતા દેડિયાપાડા પોલીસે આ બાબતે ગુનો દાખલ કર્યો છે.

## નિરોણાના યુવા રોગાન કલાકારને મળ્યો ઈંગ્લેન્ડનો પ્રતિષ્ઠીત ગ્લોબલ બૂક ઓફ એકસેલન્સ એવોર્ડ

મહેશ એલ.સોની | નખત્રાણા

કચ્છની રોગાન , ખરકી, ચર્મ, લાખ, વણાટ જેવી પાંચ કલા માટે વિખ્યાત પાવરપટ્ટીના મુખ્ય મથક એવા નિરોણાની રોગાન કલા હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી ચૂકી છે.

આમતો રોગાન કલા લગભગ ચારસો વર્ષ જુની કલા છે સદીઓ પહેલા આ કલા કચ્છ ઉપરાંત રાજ્યના ઘણા બધા સ્થળે વિકસીત હતી. પણ વચ્ચગાળાના સમય દરમ્યાન આ કળા લુપ્ત થવાના આરે આવીને ઉભી રહી ગઈ હતી. જોકે કચ્છમાં જ મહદઅંશે કલા જીવીત હતી. કેમકે રોગાન કલાના અથાગ મહેનતના પ્રમાણમાં મહેનતાણું નહિવત મળવાને કારણે ધીરે ધીરે રોગાન કલાકારો એ કલાથી વિમુખ થતાં ગયા પરંતુ નિરોણાના બે પરિવારોએ પોતાની આગવી સૂઝબૂઝથી ફરી ધબકતી કરી અને કલાનો વિશ્વમાં ડંકો વગાડી દિધો આજે દોઢેક દાયકામાં તો એ કલા એવી લોકપ્રિય બની ગઈ છે કે આ કલા શિખવા યુવા વર્ગ ઉત્સાહી બન્યો છે. વિદેશીઓ પણ રોગાન કલા શિખવા હજારો કિલોમીટર અંતર કાપીને નીરોણા આવી રહ્યા છે.



રોગાન આર્ટના કલાકાર અબ્દુલ ગફુર ખત્રીને તો પદ્મશ્રી એવોર્ડ પણ મળી ચૂક્યો છે તે ઉપરાંત અન્ય પણ ઘણા બધા એવોર્ડ પણ મેળવ્યા છે.

જે વ્યકિત પાસે સારા ભવિષ્યનું યોગદાન આપવાની ક્ષમતા છે. એવા સુંદર સર્જન કરતા કલાકાર , વૈજ્ઞાનિક કે સકારાત્મક પરિણામ લાવી શકે એવા નેતાઓને ગ્લોબલ બૂક ઓફ એકસે લન્સ એવોર્ડ્સથી નવાજીશ કરવામાં આવે છે.

૨૦૧૯ માં સ્ટેટ એવોર્ડ તેમજ ૨૦૨૧ માં નેશનલ કમલાદેવી એવોર્ડ મેળવનાર નિરોણાના યુવા રોગાન કલાકાર મહમદ રિઝવાન ખત્રીને પણ ગ્લોબલ બૂક ઓફ એકસેલન્સ એવોર્ડની પસંદગી થતાં સગા સબંધીઓ તેમજ મિત્ર વર્તુળ તરફથી અભિનંદનની વર્ષા વર્ષી રહી છે.

## સંખેડા ખાતે કિસાન દિવસની ઉજવણીના ભાગરૂપે ખેડૂતોએ ખરીદેલા 197 ઓજારોનો વેરિફિકેશન કેમ્પ યોજવામાં આવ્યો

કમલેશ પટેલ | સંખેડા

સંખેડા ખાતે કિસન દિવસની ઉજવણીના ભાગરૂપે ખેડૂતોએ ખરીદેલા અને સબસીડી પાત્ર સાધનોનું વેરિફિકેશન કરાયું હતું. 197 ખેડૂતો તેઓના વિવિધ ખેતઓજારો લઈ ઉપસ્થિત રહ્યા હતા. સંખેડામાં યમુના ફાર્મ પાસે કિસાન દિવસની ઉજવણીના ભાગરૂપે સંખેડા તાલુકાના વિવિધ ગામોમાંથી 197 જેટલા ખેડૂતો દ્વારા વિવિધ ખેતીને લગતા ઓજારો જેમકે ટ્રેક્ટર, કલ્ટીવેટર, રોટાવેટર, પ્લાઉ, પાવર થ્રેસર, ડિસ્ક થ્રેસર વિગેરે ખરીદ્યા હતા. એમાં ખેડૂતોને એ ઓજારોનું વેરિફિકેશન થયા બાદ જ સબસીડી મળતી હોય છે.

આ વેરિફિકેશન માટેનો કાર્યક્રમ યોજાયો હતો. વેરિફિકેશન કાર્યક્રમમાં સંખેડા ધારાસભ્ય અભેસિંહ તડવી, એપીએમસી વાઈસ ચેરમેન સંજયભાઈ દેસાઈ, જિલ્લા ખેતીવાડી અધિકારી જીગ્નેશ પંચાલ, બાગાયત વિભાગના કૃણાલ પટેલ, સંખેડા સરપંચ નીતિનભાઈ શાહ, વિ.અ. મગનભાઈ, ગ્રામ સેવકો વિગેરે હાજર રહ્યા હતા. સંખેડા



ધારાસભ્ય અભેસિંહ તડવી જણાવ્યું હતું કે, ખેડૂતોને આખા ગુજરાતમાં તેમણે ખરીદેલ સાધનોમાં નિયત જોગવાઈ મુજબ સબસીડી આપવામાં આવે છે. ખેડૂત દિવસ છે. હજી બીજા ખેડૂતોને લાભ મળે એ માટે ખેતીવાડી શાખાની વિવિધ યોજનાઓનો ગ્રામ સેવકો મારફતે વધુ પ્રયાસ થાય એ માટેની કાર્યવાહી પણ હાથ ધરાશે. સરકાર ખેડૂતો માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકે છે.

### કેશોદમાંથી મગરના ટુકડા કરેલા અવશેષો મળી આવતાં ચકચાર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

કેશોદમાં એનપી કોલેજ પાસે ઝાડી ઝાખરાવાળા વિસ્તારમાં મગરના ટુકડા કરેલા અવશેષો હોવાની વન વિભાગને જાણ થઈ હતી. કેશોદ આરએફઓની ટીમ દ્વારા સ્થળ પર પહોંચી મગરના અવશેષો એકત્ર કરવામાં આવ્યા હતા. મગરની ઉંમર અઢીથી ત્રણ વર્ષ હોવાનું પણ અનુમાન સેવાઈ રહ્યું છે.મગરના ટુકડા કરવામાં આવ્યા છે કે કોઈ અન્ય કારણ છે તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે. કેશોદ વન વિભાગ દ્વારા અવશેષોને એફએસએલમાં મોકલવાની કાર્યવાહી કરી તપાસ હાથ ધરવામાં આવી છે.

## રાજપીપળા શહેર બીજેપી પ્રમુખ તરીકે અજીતભાઈ પરીખની નિમણુંક થતા લોકો એ આતબાજીથી વધાવી

ભરત શાહ | નર્મદા

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા સંગઠનાત્મક સંરચનાને અનુરૂપ ચૂંટાયેલ રાજપીપલા શહેર ના પ્રમુખ તરીકે અજીતભાઈ કિશોરચંદ્ર પરીખ ની નિમણુંક થતા રાજપીપલા શહેર ની જનતા એ ફટાકડા ફોડી અને મોઢું મીઠુ કરી સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

આજથી લગભગ 15 વર્ષ પેહલા અજીતભાઈ કે પરીખ એ દેશના વડાપ્રધાન અને ગુજરાત રાજ્ય ના પૂર્વ મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદી ની કામગીરી થી પ્રભાવિત થઇ ભારતીય જનતા પાર્ટી માં સક્રિય સભ્ય બની એક નાના કાર્યકર તરીકે પ્રજાજન તેમજ દેશની પ્રગતિ અને સેવા કરવાની શરૂઆત કરી હતી અને સેવા કરતા કરતા તેઓની રાજપીપલા પ્રજાજનો માં નિસ્વાર્થ સેવાભાવી વ્યક્તિ તરીકે અને ભારતીય જનતા પાર્ટી ના સૈનિક તરીકે ની છાપ ઉભી થઇ હતી તેઓ હર હંમેશ કોઈ પણ નાત જાત ના ભેદભાવ વગર કોઈ પણ વ્યક્તિ માટે કોઈ પણ પ્રકારની સેવા માટે ગમે તે સમયે હાજર રહેતા.

કોરોના ના કપરા સમયમાં પણ તેઓએ પોતાના પરિવાર અને પોતાના જીવની પરવા કર્યા વગર ખુબજ આગવી સમાજસેવા માં પોરવાયેલા રહી લોકોને ભોજન થી લઈ દવાખાના સુધીની તમામ સેવાઓ ખડે પગે રહી અને લોકો સુધી પોહચાડી છે.

પોતાના વણિક સમાજ માં પણ તેઓ એ આગેવાન તરીકે ની આગવી છાપ ઉભી કરી છે અને હાલ માં પોતાના સમાજ માં પણ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે. ત્યારે સમગ્ર રાજપીપલા ની જનતા દ્વારા તેમને ભારતીય જનતા પાર્ટી ના રાજપીપલાના પ્રમુખ બનવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા.





**રામેશ્વરમ મંદિરનું પ્રવેશદ્વાર 40 ફીટ ઊંચું છે, જે ભારતીય નિર્માણ કલાનો એક આકર્ષક નમૂનો છે. મંદિરમાં અનેક વિશાળ સ્તંભ છે અને દરેક સ્તંભ પર અલગ અલગ પ્રકારની બારીક કલાકૃતિઓ બનાવવામાં આવી છે..**

# 12 જ્યોતિર્લિંગોમાં રામેશ્વરમ મંદિરનો સમાવેશ થાય છે

રામેશ્વરમ મંદિરને રામનાથ સ્વામી મંદિર પણ કહેવામાં આવે છે. રામેશ્વરમ મંદિર તમિલનાડુ રાજ્યના રામનાથપુરમ જિલ્લામાં આવેલું છે. જે રીતે ઉત્તર ભારતમાં કાશીનું મહત્ત્વ છે, એ જ રીતે દક્ષિણ ભારતમાં રામેશ્વરમનું મહત્ત્વ છે. આ મંદિરમાં સ્થાપિત શિવલિંગ બાર જ્યોતિર્લિંગોમાંનું એક મનાય છે. રામેશ્વરમ હિન્દ મહાસાગર અને બંગાળની ખાડીથી ચારે બાજુથી ઘેરાયેલું છે. એ શંખના આકારનો દ્વીપ છે. સદીઓ પહેલાં આ દ્વીપ ભારતની મુખ્ય ભૂમિ સાથે જોડાયેલો હતો, પરંતુ ધીરે ધીરે સાગરની લહેરોથી કપાઈને અલગ થઇ ગયો અને આ ટાપુ ચારેબાજુથી પાણીથી ઘેરાઇ ગયો. પછી એક જર્મન એન્જિનિયરે રામેશ્વરમને જોડવા પુલનું નિર્માણ કર્યું હતું. ભગવાન શ્રીરામે શ્રીલંકાથી પરત ફરતી વખતે દેવોના દેવ મહાદેવની આ જગ્યા ઉપર પૂજા કરી હતી. એમના નામ પરથી રામેશ્વર મંદિર અને રામેશ્વર દ્વીપનું નામ પડ્યું. એવી માન્યતા છે કે રાવણનો વધ કર્યા બાદ ભગવાન રામ પત્ની સીતા સાથે રામેશ્વરના તટ પર પરત ફર્યા હતા. દ્વીપમાં કોઈ મંદિર નહોતું. રામ ભગવાને રાવણનો વધ કર્યો હતો. રાવણ બ્રાહ્મણ કુળનો હોવાથી રામને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું હતું. એ પાપનું નિવારણ કરવા ઋષિ-મુનિએ રામને ભગવાન શિવની પૂજા કરવાનું સૂચન કર્યું હતું, તેથી ભગવાન શિવની મૂર્તિ લાવવા શ્રી હનુમાનને કૈલાસ પર્વત મોકલવામાં આવ્યા હતા. જ્યારે હનુમાન સમય પર શિવલિંગ લઈને પરત ન ફર્યા ત્યારે દેવી સીતાએ સમુદ્રની રેત વડે શિવલિંગ બનાવ્યું હતું. ભગવાન રામે આ જ શિવલિંગની પૂજા કરી હતી. પછીથી હનુમાન દ્વારા લાવવામાં આવેલા શિવલિંગની પણ ત્યાં જ સ્થાપના કરી દેવામાં આવી હતી. 15મી શતાબ્દીમાં રાજા ઉડૈયાન સેતુપતિ અને નાગુર નિવાસી વૈશ્યે 78 ફીટ ઊંચા ગોપુરમનું નિર્માણ કરાવ્યું હતું. સોળમી શતાબ્દીમાં મંદિરના દક્ષિણમાં બીજા ભાગની દીવાલનું નિર્માણ તિરુમલય સેતુપતિએ કરાવ્યું હતું. આમ, સમયની સાથે મંદિરનું નિર્માણ થતું ગયું. આ મંદિર એક હજાર ફૂટ લાંબું અને 650 ફૂટ પહોળું છે. ચાલીસ ફૂટ ઊંચા બે પથ્થરો પર એટલા જ એક લાંબા પથ્થરને લગાવીને તેનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે દર્શકોમાં આકર્ષણનું કેન્દ્ર છે. રામેશ્વરમનું ગલિયારું વિશ્વનું સૌથી લાંબું ગલિયારું હોવાનું મનાય છે. રામેશ્વરમ મંદિરના નિર્માણ માટેના પથ્થરોને શ્રીલંકાથી હોડી દ્વારા લાવવામાં આવ્યા હતા. એક દંતકથા અનુસાર રામેશ્વર મંદિર પરિસરની અંદરના બધા કૂવાને ભગવાન રામે પોતાનાં અમોઘ બાણોથી તૈયાર કર્યા હતા. તેમણે આ કૂવામાં અનેક તીર્થોનું પાણી છોડ્યું હતું. આ જ્યોતિલિંગની વિધિ અનુસાર પૂજા કરવાથી વ્યક્તિને બ્રહ્મહત્યા જેવાં પાપોમાંથી મુક્તિ મળે છે એવું કહેવાય છે. રામેશ્વરમ મંદિરનું પ્રવેશદ્વાર 40 ફીટ ઊંચું છે, જે ભારતીય નિર્માણ કલાનો એક આકર્ષક નમૂનો છે. મંદિરમાં અનેક વિશાળ સ્તંભ છે અને દરેક સ્તંભ પર અલગ અલગ પ્રકારની બારીક કલાકૃતિઓ બનાવવામાં આવી છે. આ મંદિરનું નિર્માણ દ્રવિડ સ્થાપત્ય શૈલીમાં કરવામાં આવ્યું છે. મંદિરમાં લિંગના રૂપમાં પ્રમુખ દેવતા રામનાથ સ્વામી એટલે કે શિવને માનવામાં આવે છે. મંદિરના ગર્ભગૃહમાં બે લિંગ છે. એક સીતા દ્વારા રેતીથી બનાવેલ જેને મુખ્ય દેવતા માનવામાં આવે છે અને તેને રામલિંગમ નામ આપવામાં આવ્યું છે. બીજું હનુમાન દ્વારા લાવવામાં આવેલ શિવલિંગ જેને વિશ્વલિંગમ નામથી ઓળખવામાં આવે છે. રામેશ્વરમ મંદિરને સવારે પાંચ વાગ્યે ખોલવામાં આવે છે. શ્રદ્ધાળુઓ સવારે પાંચથી બપોરે એક વાગ્યા સુધી દર્શન કરી શકે છે. એક વાગ્યે મંદિર બંધ થઈ જાય છે અને ત્રણ વાગ્યે ખોલવામાં આવે છે. ત્રણથી રાતના નવ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહે છે. રામેશ્વરમ મંદિરમાં મહાશિવરાત્રિને દસ દિવસ સુધી અદ્ભુત રીતે ઊજવવામાં આવે છે. તમે આ તહેવારની મજા માણવા ઈચ્છો છો તો એ દરમિયાન રામેશ્વરમ મંદિર જવાનું પ્લાનિંગ કરી શકો છો.

# પર્વત પર ચઢવા માટે આપવી પડે છે ફી?

**પર્વતોની પોતાની આગવી ઓળખ છે, કારણ કે તે માત્ર પ્રાકૃતિક સૌંદર્યનો જ એક ભાગ નથી, પરંતુ તે આપણી જીવનશૈલી, આબોહવા અને જૈવવિવિધતા સાથે પણ ઊંડે સુધી જોડાયેલા છે, જ્યારે ઘણા લોકો પર્વતારોહણના શોખીન હોય છે, જ્યારે ઘણા લોકો માટે ઊંચા શિખર પર ચડવું એ સૌથી મહત્વપૂર્ણ છે. સૌથી મહત્વની વસ્તુ એ એક સ્વપ્ન છે. દર વર્ષે લાખો લોકો વિવિધ પર્વતો પર પર્વતારોહણ માટે જાય છે. પરંતુ સવાલ એ છે કે પર્વત પર ચઢવા માટે કેટલી ફી ચૂકવવી પડે છે અને આ માટે કયા ડોક્યૂમેન્ટ્સની જરૂર છે?**

## પર્વતારોહણની ફી કેટલી છે?

પર્વતારોહણ, ખાસ કરીને ઊંચા પર્વતોમાં, એક ખર્ચાળ અને પડકારજનક કાર્ય હોઈ શકે છે. વિશ્વની ઘણી મોટી પર્વતારોહણ સ્થળોએ તમારે ચઢવા માટે ફી ચૂકવવાની જરૂર પડે છે, જે વિવિધ પરિબળો પર આધાર રાખે છે, જેમ કે પર્વતની ઊંચાઈ, ચઢવામાં મુશ્કેલી અને પર્વતારોહણ કંપની દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ. સાથે જ અલગ-અલગ પર્વતો પર ચઢવા માટે અલગ-અલગ ફી ચૂકવવી પડે છે.



**માઉન્ટ એવરેસ્ટ |** વિશ્વના સૌથી ઊંચા પર્વત માઉન્ટ એવરેસ્ટ પર ચડવું ઘણું મોંઘું છે. એવરેસ્ટ પર ચઢવા માટે લગભગ $30,000 (લગભગ 22 લાખ રૂપિયા)ની ફી ચૂકવવી પડે છે. આમાં માત્ર ટ્રેકિંગ પરમિટ ફી સામેલ છે. આ સિવાય પર્વતારોહણના સાધનો, ગાઈડ, ખચ્ચર (દૂધ આપનારા પ્રાણીઓ) અને અન્ય સેવાઓ માટે અલગથી ચાર્જ છે.

**કિલીમંજારો |** આફ્રિકાના સૌથી ઊંચા પર્વત કિલીમંજારો પર ચઢવાની ફી $1,500 (આશરે રૂ. 1 લાખ) થી શરૂ થાય છે. આમાં ટ્રેકિંગ પરમિટ, ગાઈડ અને પોર્ટર સેવાઓનો સમાવેશ થાય છે.

**કાંચનજંઘા અને અન્નપૂર્ણા |** નેપાળમાં સ્થિત કાંચનજંઘા અને અન્નપૂર્ણા જેવા પર્વતો પર ચઢવાની ફી $5,000 (આશરે રૂ.3.7 લાખ) થી $10,000 (લગભગ રૂ. 7.4 લાખ) સુધીની હોઈ શકે છે, જેમાં ગાઈડ, ભોજન અને રહેવાની સગવડનો સમાવેશ થાય છે.

**પર્વતારોહણ માટે જરૂરી આ ડોક્યૂમેન્ટ્સ |** પર્વતારોહણ માટે, સૌથી પહેલા આધાર કાર્ડ, પાસપોર્ટ જેવા આઈડી પ્રૂફ જરૂરી છે. આ સિવાય ટ્રેકિંગ પરમિટ, હેલ્થ સર્ટિફિકેટ, હેલ્થ સર્ટિફિકેટ, ઈન્સ્યોરન્સ અને વિઝા જરૂરી છે.

# પ્લેનનું માઈલેજ કેટલું હોય છે તે જાણો છો? કેટલો થાય છે ખર્ચ

જ્યારે આપણે કાર અથવા બાઈકના માઈલેજ વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણે શોધી કાઢીએ છીએ કે એક લિટર પેટ્રોલ પર કાર કે બાઈક કેટલા કિલોમીટર ચાલે છે? પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે પ્લેનનું માઈલેજ કેટલું છે? શું વિમાન પણ કાર કે બાઈકની જેમ ઈંધણ વાપરે છે અને તેનું માઈલેજ શું છે? આ સવાલ ઘણા લોકોના મનમાં આવે છે, ખાસ કરીને જ્યારે તેઓ પ્લેનમાં ક્યાંક જઈ રહ્યા હોય અને તેઓ પ્લેનના ઈંધણના વપરાશ વિશે જાણવા માંગતા હોય. આવી પરિસ્થિતિમાં તમને જણાવી દઈએ કે પ્લેનનું માઈલેજ શું છે અને તેમાં કેટલું તેલ વપરાય છે.



## પ્લેનનું માઈલેજ કેટલું છે?

પ્લેનની માઈલેજને "ઈંધણ કાર્યક્ષમતા" તરીકે સમજી શકાય છે. તે જણાવે છે કે એક વિમાન કેટલા કિલોમીટરની મુસાફરી કરે છે અને તેના માટે કેટલા લિટર ઈંધણની જરૂર પડે છે. પ્લેનનું માઈલેજ કારના માઈલેજ કરતાં તદ્દન અલગ હોય છે, કારણ કે પ્લેન ઘણાં વજન સાથે ઉડે છે અને તેમાં વધુ એન્જિન પાવર અને ઈંધણનો વપરાશ જરૂરી છે. સામાન્ય રીતે, કોમર્શિયલ એરલાઈન પ્લેન (જેમ કે બોઈંગ 737 અથવા એરબસ A320) નો ઈંધણ વપરાશ પ્રતિ કિમી 3 થી 4 લિટરની વચ્ચે હોય છે. એટલે કે વિમાન એક કિમી ઉડવા માટે 3 થી 4 લીટર ઈંધણ વાપરે છે. આ એક કારના માઈલેજ કરતાં ઘણું વધારે છે, કારણ કે એક સામાન્ય કાર પ્રતિ લિટર લગભગ 15 થી 20 કિલોમીટર જેટલું ઈંધણ વાપરે છે.

**ઈંધણની કિંમત કેટલી છે? |** જેટ ઈંધણની કિંમત સમય અને સ્થળ પ્રમાણે બદલાય છે, પરંતુ સામાન્ય રીતે 1 લીટર જેટ ઈંધણની કિંમત 60 થી 80 રૂપિયાની આસપાસ હોય છે. જો વિમાનને એક કલાકની ઉડાન માટે અંદાજે 5000 થી 6000 લીટર ઈંધણની જરૂર પડે છે, તો વિમાનના પ્રકાર અને તે કેટલા અંતરે મુસાફરી કરે છે તેના આધારે અંદાજિત ઈંધણ ખર્ચ રૂ. 3 લાખ સુધી હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, બોઈંગ 737 ફ્લાઈટના કલાક દીઠ આશરે 2500-3000 લિટર ઈંધણનો વપરાશ કરે છે, જ્યારે બોઈંગ 747 જેવા મોટા એરક્રાફ્ટ માટે, આ સંખ્યા 10,000 લિટર સુધી પહોંચી શકે છે.

# સતરંગી બાંધણી ઓઢીને ઝરૂખે ઊભી નાર, એની મેઘધનુષી બાંધણી આભલે મઢી....



**સતરંગી બાંધણી ઓઢીને ઝરૂખે ઊભી નાર, એની મેઘધનુષી બાંધણી આભલે મઢી..**



**બાંધણી કલા**

**- રુપાલી દવે**



ક્યારેય અથમશે "બંધેજ" ની ફેશન,કેમ? લગ્ન પ્રસંગ ની પ્રથમ પસંદ લાલ ચટાક બાંધણી માં વિવિધ પ્રકારના વર્ક ની ડીઝાઈન.નવરાત્રી માં ચણીયા ચોળી અને દુપટ્ટો કે કેડયું,પાઘડી તો બાંધણી ના જ વધારે ઉઠાવ આપશે. વર્તમાન સમયના મોટા મોટા ફેશન ડિઝાઈનર એ પણ "બાંધણી" આગળ હથિયાર હેઠા મૂકી દીધા છે. પ્રાચીન,અર્વાચીન કે મોર્ડન પ્રત્યેક સમયમાં બાંધેજ ની ડીઝાઈનની ટક્કરનું નવું લોકો ના ફેવરિટ લીસ્ટ માં આવવું અશક્ય છે. રાજસ્થાન ગઈ ત્યારે ત્યાંની બજાર માં રંગબેરંગી બાંધણી પર મારી નજર પડતાં જ એની ડીઝાઈન કલર પર મારું મન મોહિયું ને થયું ખરીદી લઉં બાંધણી ની યાદો ને.નાના ટપકા થી બનેલ સુંદર રીતે બાંધેલી ભાત ભાતની મોર, પોપટ, ફૂલ,વૃક્ષો, લહેરિયું વગેરે.આ ડીઝાઈનને વિવિધ પ્રકારના રેશમ,મલમલ, કોટન વગેરે રંગબેરંગી કાપડમાં સુંદર રીતે રચેલી હતી. રાજસ્થાની બાંધણી પટ્ટીની સાડી કલેક્શન ખૂબ સુંદર હતું એને જોતાજ મને જામનગર ની બાંધણી ની સાડી ની યાદ આવી ગઈ.તમે જામનગર ની ડીઝાઈનર બાંધેજ લગડી પટ્ટા ની સાડી જોશો ને ખુદને ખરીદતા રોકી શકશો નહિ. અદભૂત.. અદભૂત.વાહ!!આટલી સુંદર..રચના ને શક્ય કરતા પહેલા કેટલી મહેનત થઈ હશે? જ્યારે મે કુતૂહલ વશ દુકાનદાર ને પૂછ્યું કે આ લગડી પટ્ટા ની વર્ક વાલો પીસ બનાવતા કેટલો સમય લાગે છે? ત્યારે એની વાત સાંભળતા થયું કે જે કિંમતની સાડી છે એના કરતાં એની પાછલ ની મહેનત વધારે છે.ગુજરાત માં જામનગર બાદ જેતપુર ની બાંધણી પણ દેશ વિદેશ માં ખૂબ ફેમસ છે. જામનગર,જેતપુરની બાંધણી એ રાજસ્થાનની બાંધેજ કરતા સહેજ અલગ છે. રાજસ્થાન,જામનગર અને જેતપુર બન્નેની કળા પોતપોતાની રીતે અલગ અને ખાસ છે બધા વચ્ચે ખાસ ફર્ક નથી. છતાંય બાંધેજ બધાની પ્રથમ પસંદગી યુગો ના યુગો સુધી બની છે.બાંધણી રાજસ્થાન ની હોય કે જેતપુરની કે પછી જામનગર નિહાળતા જ પ્રશ્ન એ થાય કે બાંધેજ ની કળા ક્યારે વિકસી હશે? એને વિકસાવવા માટે ક્યાં સમાજ નું સૌથી મોટું યોગદાન રહ્યું હશે?

ચાલો ત્યારે આપણે બાંધણી ના ઈતિહાસ ને ઓળખીએ ગુજરાત ની સંસ્કૃતિ માં બાંધણીનું યુગો અસ્તિત્વ છે અને ભારત માં બાંધેજ પ્રસંગો ની રોનક છે.બાંધેજનો ઉલ્લેખ હિન્દુ ધર્મના શાસ્ત્ર માં અને સાહિત્ય માં વર્ણવેલ છે. યુગોથી રાંગારા સમાજ છપાઈ કામ મતલબ કાપડ માં કલર અને ડિઝાઈન ના કામ માં નિષ્ણાત છે.

કાપડ માં કલર કામ ના લીધે રંગારા સમાજના નામે ખાસ ઓળખ બનાવી છે.જે માટી નું માટલું કુંભાર વગર અશક્ય નથી એજ રીતે કાપડ માં કલર ડીઝાઈન રંગારા વગર શક્ય નથી.પ્રાચીન સમયમાં કપડા વગેરે માટે આધુનિક ટેકનોલોજી ધરાવતી મિલો નહતી એટલે કાપડ હાથ વણાટ થી તૈયાર થતા હતા.તૈયાર કાપડ પર કલર નું કામ પણ દેશી પદ્ધતિ અનુસાર હળદર,ફૂલો ના રંગ કે અન્ય પદાર્થો માંથી થતા હતા. રંગરા સમાજની સ્ત્રીઓ અને પુરુષો વિવિધ પ્રકારની ફૂલો, પાન,વગેરે ડિઝાઈન નુ ખાસ હુન્નર હતું. આ કારણોસર પ્રાચીન સમયમાં રાજ મહેલ ની રાણીઓ ના કપડા થી લઈને દીવાલ પર ની ડિઝાઈન પણ સમાજ ની સ્ત્રીઓ નક્કી કરતી હતી. યુદ્ધ ના મેદાન મા લડવું એ પુરુષો નું કામ અને સ્ત્રીઓ કાપડ પર કલર કર્યા બાદ ડિઝાઈન દ્વારા આકર્ષક બનાવતી હતી. સ્ત્રીઓની સુઝબુઝ ના લીધે એ સમય માં રંગકામ બિઝનેસ વેગેથી ચાલતો હતો.આ સમાજ ભારત માં મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન,મધ્ય પ્રદેશ, હરિયાણા, દિલ્હી, ઊતર પ્રદેશ માં વસવાટ કરે છે.પાકિસ્તાન માં સિંધ પ્રદેશ અને કરાચી માં વસવાટ કરે છે.સમાજ ની મુખ્ય બોલી કચ્છી,મારવાડી અને ગુજરાતી છે. ઈતિહાસ કરો અનુસાર છઠ્ઠી સદી માં થઈ હશે.

ઈ. સ પૂર્વે ૪૦૦૦ પહેલા સિંધુ ખીણ ની સંસ્કૃતિ માં બાંધણી અવેશસો મળીયા હતા. જ્યાં વિવિધ રંગો ની છાટ થી દીવાલ પર બાંધણી ના આકાર આપવામાં આવ્યા હતા. છઠી સદી માં અજતાં ની ગુફા નંબર ૧ ની દીવાલ પર બૌદ્ધ ધર્મ ના જીવન પ્રદર્શિત કરતાં ચિત્રો માં જોવા મળે છે. બાંધણી ને પ્રાદેશિક ભાષા માં વિવિધ નામે જેમ કે બંધની, પીલીયા, અને તમિલ માં ચુંગડી ના નામે ઓળખાય છે. બાંધણી વિવિધ પ્રકાર એ બનતી હોય છે મોથરી, એકડલી અને શિકારી ઓનાં જેવા વિવિધ પ્રકાર થી બાંધણી બનતી હોય છે. બાંધણી બંધાઈ ને તૈયાર થઈ જતાં ખોમ્બી,ઘર ચોળા, પટોરી,ચંદ્રખાની જેવા નામથી બઝાર માં વેચાઈ છે. ઐતિહાસિક ગ્રંથો ના પુરાવા અનુસાર પહેલી બાંધણી બાણ ભટ્ટ ના હર્ષ ચરિતા સમય માં શાહી લગન માં બાંધણી પહેરવા માં આવી હતી. એલેક્ઝાન્ડર ના કાલ માં લખાયેલ ઘણા લેખો માં બાંધણી નો ઉલ્લેખ છે.

સદીઓ થી રંગ રેઝો એ પ્રાકૃતિક અને માનવસર્જિત રંગો બનાવી ને એની ભેળસેળ થી સફેદ કાપડ ને રંગીન બનાવવાનું અને સફેદ કાપડ પર વિવિધ ભાત ની બાંધણી બાંધવાનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે.ભારત દેશ માં બાંધણી એ પ્રાચીન કળા નો અદભુત નમૂનો છે એટલે બાંધણી એ સુતરાઉ કાપડ ની માફક ભારત ની કળા નો અદભૂત વરસો છે.ભારતીય સંસ્કૃતિ ના ઈતિહાસ અનુસાર બાંધણી ની કળા એ મૂળ રાજપૂત કે ક્ષત્રિય સમાજ ની મહિલાઓની માનવા માં આવે છે. એ સમય માં યુદ્ધ કાળા પારંગત રાજપૂત અને ક્ષત્રિય પુરુષો મોટાભાગે યુદ્ધ ના મેદાન મા અને રાજ્ય ના સુરક્ષા મા રહેતા હતા.ક્ષત્રિય અને રાજપૂત નો પહેરવેશ સૈનિક જેવો હતો ને રાજા રજવાડા ના સમય માં લશ્કર માં સૈનિક નું કાર્ય કરવાનું પસંદ કરતા હતા. પ્રાચીન સમયમાં રાજપૂત રાજાઓની ઐયાશી લાઈફ સ્ટાઈલ ના લીધે મુઘલોના આક્રમણમાં રાજપૂત રાજા રજવાડાનો સમગ્ર વિનાશ થયો. રાજપૂત રાજા નું અસ્તિત્વ સમાપ્ત થતા સમગ્ર ભારત માં એ દાયકાઓ બાદ મુઘલો નું શાસન દાયકાઓ સુધી સ્થાપિત થતા ભારતના મોટાભાગ ના સમાજે ઈચ્છા અનિચ્છા એ ઈસ્લામ ધર્મ કબૂલ કરી લીધો હતો.

રાજસ્થાનની બુંદી બંધેજ પાઘડી,બ્લોક પ્રિન્ટ,વગરે દ્વારા સમાજ પેઢી દર પેઢી એનું ગુજરાન ચલાવી શકે એનાથી વધારે કમાતી હતી.આધુનિક ભારત પ્રગતિ ના પંથે હરણફાળ આગળ વધી રહીયો છે એટલે ઔધ્યોગિક પ્રગતિ માં કાપડ ઉદ્યોગ ધોરણે આધુનિક મશીનરી દ્વારા ડિઝાઈન થી લઈને કલર બધું થઈ જતું હોવાના લીધે આ સમાજ ના પારંપરિક બિઝનેસ પર ખૂબ ઊંડી અસર થઈ છે. રાજસ્થાન માં અધિકાંશ રંગ રેઝ સમાજ ની મજબૂત આર્થિક સ્થિતિ ના કારણે અને આ ઉદ્યોગ દ્વારા હજારો લોકો ને રોજગાર મળી રહેતો હોવાના લીધે રાજસ્થાન સરકાર બાંધણી ઉદ્યોગ ને વિશેષ સહાયતા આપે છે. આવી પરિસ્થતિ માં પણ સમાજ ની પુસ્તેની પરંપરા ને વળગી ને થતા લગ્ન પ્રસંગોમાં દહેજ,દેખાદેખી માં વ્યાજે રૂપિયા લાવીને પણ હદ બહાર ખર્ચ કરે છે જે સમાજ ની ખામી ગણી શકાય.

કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ ના હરણફાળ વિકાસ ના લીધે પરંપરાગત બાંધણી ઉદ્યોગ ને ઘણું નુકશાન થયું છે. આ કારણોસર ગુજરાતના જેતપુર માં જેતપુર ની બાંધણી ઉદ્યોગ એકદમ નબળો પડી ગયો છે.ત્યાં ના મોટાભાગ ના કારખાના બંધ થઈ ગયા છે ને ખાસ કારીગરો પલાયન કરી ગયા છે.ધંધા માં થતું મૂડીરોકાણ માલ ની માંગ ઓછી થતાં નબળી આર્થિક સ્થિતિ ના લીધે સમસ્યા વધી છે. જામનગર ની બાંધણી કે જેતપુર ની બાંધણી ઉદ્યોગ ને આંતર રાષ્ટ્રીય બજાર માં ચાઈના થી આવતા ડુપ્લીકેટ બાંધણી પટોળા માલ ને લીધે નુકશાન વધારે થયું છે. ગુજરાત સરકારે પરંપરાગત બાંધણી ઉદ્યોગ ને પુનઃ ધમધમતો કરવા ખાસ ઓછા વ્યાજે બેંક લોન મળી શકે એવી વ્યવસ્થા કરી છે.

બાંધણી ઉદ્યોગ ને પુનઃ જીવિત કરવા ભાવ કરતાં નકલ નહિ રિયલ માં વિશ્વાસ મૂકવાની જરૂર છે. દર વર્ષે ગુજરાત સરકાર હસ્તકલા કારીગરો અને કાપડ ઉદ્યોગ ભરત કામ,બાંધણી ઉદ્યોગ વગેરે ને પ્રોત્સાહન મળે એ માટે એવોર્ડ એનાયત કરતી હોય છે.

**પોલીસે 8 પ્રશ્નો પૂછ્યા, સીન રિ-ક્રિએટ કરી શકે છે; નાસભાગમાં મહિલાએ જીવ ગુમાવ્યો હતો**

# 2 કલાક સુધી 'પુષ્પા'ની પૂછપરછ ચાલી...!

'પુષ્પા-2'ના પ્રીમિયર દરમિયાન થયેલી નાસભાગના કેસમાં આજે અલ્લુ અર્જુનની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે મોડી રાત્રે તેને નોટિસ મોકલી હતી. અલ્લુ અર્જુન ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશન પહોંચી ગયો છે.
જતા પહેલા તે તેની પુત્રી આરાહને વ્હાલ કરતો જોવા મળ્યો . પોલીસે અલ્લુ અર્જુનના રિલેટિવ્સને અલર્ટ રહેવા કહ્યું છે કારણ કે 22 ડિસેમ્બરે અલ્લુ અર્જુનના ઘરમાં તોડફોડ કરવામાં આવી હતી. આ પહેલા અલ્લુ અર્જુનની આ કેસમાં 10 ડિસેમ્બરે પૂછપરછ કરવામાં આવી હતી.



**(એજન્સી) મુંબઈ | તા.24**

તેલંગાણા કોંગ્રેસના સિનિયર નેતા થેનામર મલ્લાનાએ 'પુષ્પા-2'ના એક સીન અંગે અલ્લુ અર્જુન, ડિરેક્ટર સુકુમાર અને પ્રોડ્યુસર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ સીનમાં એક્ટર સ્વિમિંગ પુલમાં પેશાબ કરતો જોવા મળે છે અને એક પોલીસ ઓફિસર પણ પૂલમાં હાજર છે. મલ્લાનાએ કહ્યું કે આ દ્રશ્ય પોલીસ અધિકારીઓની ગરિમા વિરુદ્ધ છે.
પોલીસ એક્ટરને સંધ્યા થિયેટર લઈ જઈ શકે છે પોલીસે કહ્યું છે કે પૂછપરછ દરમિયાન વાસ્તવિક હકીકતો જાણવા માટે તેમને ઘટના સ્થળ (સંધ્યા થિયેટર) પર પણ લઈ જઈ શકાય છે. આ સિવાય સીનને રિક્રિએટ કરવાની પણ શક્યતા છે.

એસીપી રમેશ અને સીઆઈ રાજુની દેખરેખ હેઠળ અલ્લુ અર્જુનની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ દરમિયાન અલ્લુ અર્જુનની સાથે તેના વકીલ અશોક રેડ્ડી પણ છે. આ પ્રશ્નોના જવાબો જાણવાનો પ્રયાસ કરવામાં આવશે.

- શું તમને સંધ્યા થિયેટરના પ્રીમિયર શોમાં આવવાની મંજૂરી આપવામાં આવી હતી?
- શું મેનેજમેન્ટે તમને પહેલા સંધ્યા થિયેટરમાં ન આવવા કહ્યું હતું?
- શું તમે જાણો છો કે પોલીસે ઘટનાને મંજૂરી આપી ન હતી?
- તમે આ વિશે માહિતી નથી લીધી? શું તમે અને તમારી પીઆર ટીમે પોલીસ પાસેથી ક્લિયરન્સ લીધું હતું?
- શું તમારી પીઆર ટીમે તમને સંધ્યા થિયેટરની આસપાસની પરિસ્થિતિ વિશે પહેલેથી જ માહિતી આપી છે કે નહીં?
- તમે ત્યાં કેટલા બાઉન્સરો ગોઠવ્યા?
- ઘટનાસ્થળે તે સમયે શું સ્થિતિ હતી?
- શું તમે ઘટના સમયે હાજર હતા અને જો હા, તો તમે પરિસ્થિતિ કેવી રીતે સંભાળી?
- પોલીસ સ્ટેશન જતાં પહેલાં દીકરીને વહાલ કર્યું

### મોડી રાત્રે મળી હતી નોટિસ

પીડિતાનો પતિ કેસ પાછો ખેંચવા તૈયાર નાસભાગમાં માર્યા ગયેલા મહિલાનો પતિ ભાસ્કર અલ્લુ અર્જુન સામેનો કેસ પાછો ખેંચવા તૈયાર છે. તેઓ આ ઘટનામાં અલ્લુ અર્જુનને દોષિત માનતા નથી.
અલ્લુ અર્જુને શનિવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું- 'પુષ્પા 2'ના પ્રીમિયરમાં હૈદરાબાદમાં થયેલી નાસભાગ માટે મને જવાબદાર ગણવામાં આવી રહ્યો છે. કેટલાક લોકો જાણીજોઈને મારા ચરિત્રની હત્યા કરી રહ્યા છે. હું ઈન્ડસ્ટ્રીમાં 20 વર્ષથી છું. મેં જે સન્માન અને વિશ્વસનીયતા કમાવી છે તે એક જ દિવસમાં નાશ પામી છે. આ કારણે હું અપમાન અનુભવી રહ્યો છું

# મિકા સિંહે આકાંક્ષા સાથે કેમ સંબંધ તોડ્યો?

**સિંગરે ખુલાસો કરતા કહ્યું- સારું થયું લગ્ન ન થયા, બિગ બોસમાં અસલી રંગો સામે આવ્યા**

**(એજન્સી) મુંબઈ | તા.24**

મિકા સિંહે હાલમાં જ પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વિશે વાત કરી છે. આ દરમિયાન સિંગરે આકાંક્ષા પુરી સાથેના સંબંધો તોડવાનું કારણ પણ શેર કર્યું હતું. મિકાએ ખુલાસો કર્યો કે તેને અનંત અંબાણીના લગ્નમાં પરફોર્મ કરવા માટે મોટી ફી મળી હતી અને ઘડિયાળ ન મળવા પર નારાજગી વ્યક્ત કરી હતી.
હું પાંચ ચોપડી ફેલ છું- મીકા મીકા સિંહે ધ લલનટોપ સાથે વાત કરતા કહ્યું - હું પાંચ ચોપડી ફેલ છું. મેં આગળ એટલે ન અભ્યાસ કર્યો કારણ કે મારા ભાઈ અને ગુરુ દલેર મહેંદી છઠ્ઠા ધોરણમાં નાપાસ થયા હતા. હું તેમનાથી આગળ વધવા માંગતો ન હતો.
મિકા સિંહે લગ્ન વિશે વાત કરી હતી ઈન્ટરવ્યુ દરમિયાન, સિંગરને તેના લગ્ન વિશે પૂછવામાં આવ્યું હતું. જેના જવાબમાં તેણે કહ્યું કે તે એક દિવસ ચોક્કસ લગ્ન કરશે અને પછી તે તેની પત્નીની જ વાત સાંભળશે.





આકાંક્ષા પુરી સાથેના સંબંધ તૂટવા પર મિકા શું બોલ્યો આ દરમિયાન મિકાએ આકાંક્ષા પુરી સાથેના સંબંધો વિશે વાત કરી હતી. તેણે કહ્યું- તે સ્વયંવરમાં એક છોકરી પસંદ કરવાની હતી. મને ત્રણ છોકરીઓ ગમતી હતી પણ ચેનલવાળાઓએ ના પાડી. મને ફક્ત એક જ પસંદ કરવાનું કહેવામાં આવ્યું તેથી મેં આકાંક્ષાને પસંદ કરી. તે ખૂબ જ સારી છોકરી હતી. અમારું પ્રેમપ્રકરણ 2-3 અઠવાડિયા સુધી ચાલ્યું પરંતુ પછી તેણે બિગ બોસમાં જઈને પોતાનો અસલી રંગ બતાવ્યો. તેથી મેં વિચાર્યું કે આ શો હતો. મને ખબર નથી કે જો લગ્ન ખરેખર થયા હોત તો શું થાત. અનંત અંબાણી પાસે ઘડિયાળ માગી મીકા સિંહ સાથેની વાતચીત દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે અનંત અંબાણીના લગ્ન માટે તેમને કેટલી ફી મળી છે. જેના જવાબમાં સિંગરે કહ્યું- લગ્નમાં કેટલી ફી મળી તે હું કહી શકતો નથી. પણ એટલું મળ્યું છે કે હું મારા પાંચ વર્ષ આરામથી પસાર કરી શકું છું. મારો કોઈ ખાસ ખર્ચ નથી. હું બહુ ઓછો ખર્ચ કરું છું. મીકા સિંહે આગળ હાથ જોડીને કહ્યું, અનંત ભાઈ, તમે સાંભળી રહ્યા છો તો હું તમારો નાનો ભાઈ છું, કૃપા કરીને મને પણ ઘડિયાળ મોકલાવી દો યાર.

# રણબીર, આલિયાની લવ એન્ડ વોરમાં દીપિકાનો પણ કેમિયો...

**સોશિયલ મીડિયાના નખરેબાજ ઓરીને પણ ફિલ્મમાં ભૂમિકા મળી : સંજય ભણશાળીએ દીપિકા માટે ખાસ રોલ શોધ્યો**



મુંબઈ : રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલની ફિલ્મ 'લવ એન્ડ વોર'માં દીપિકા પદુકોણ પણ એક કેમિયોમાં દેખાશે. આ ઉપરાંત આ ફિલ્મમાં સોશિયલ મીડિયા પર પોતાની ચિત્રવિચિત્ર ચેષ્ટાઓ અને બોલીવૂડના યંગ સ્ટાર્સ સાથેની આત્મીય દોસ્તીના કારણે ચર્ચામાં રહેતા ઓરીને પણ એક નાનો રોલ અપાયો હોવાનું કહેવાય છે.
દીપિકા આ અગાઉ સંજય લીલા ભણશાળીની 'ગોલીયોં કી રાસલીલા, રામલીલા', 'બાજીરાવ મસ્તાની' તથા 'પદ્માવત' જેવી ફિલ્મો કરી ચૂકી છે. આથી, સંજય લીલા ભણશાળીએ પોતાની ફેવરિટ દીપિકા માટે અલાયદો રોલ લખાવ્યો હોવાનું કહેવાય છે.
અહેવાલો મુજબ ઓરી આ ફિલ્મમાં એક સમલૈંગિક રોલમાં નજર આવશે જે આલિયાનો સોથી નજીકનો મિત્ર હશે. આલિયા આ ફિલ્મમાં એક કેબરે ડાન્સરની ભૂમિકામાં જોવા મળવાની છે. જ્યારે રણબીર અને વિક્કી ભારતીય આર્મ ફોર્સેના ઓફિસરોના રોલમાં હશે.

# સલમાનના બર્થડે પર મળશે ડબલ સરપ્રાઈઝ..!

**વરુણે કહ્યું- 'સિકંદર'ના ટીઝરની સાથે ફર્સ્ટ લુક પણ રિલીઝ થશે, BB18માં પહોંચ્યો હતો એક્ટર**



**(એજન્સી) મુંબઈ | તા.24**

સલમાન ખાન તેની આગામી ફિલ્મ 'સિકંદર'ને લઈને ચર્ચામાં છે. ફિલ્મનું ટીઝર 27 ડિસેમ્બરે રિલીઝ થશે. આ દિવસે એક્ટરનો 59મો જન્મદિવસ છે. તાજેતરમાં જ બિગ બોસમાં ખુલાસો થયો હતો કે માત્ર ટીઝર જ નહીં પરંતુ સલમાનના જન્મદિવસના અવસર પર તેનો ફર્સ્ટ લુક પણ રિલીઝ કરવામાં આવશે.
જન્મદિવસ નિમિત્તે ફર્સ્ટ લુક રિલીઝ થશે વરુણ ધવન તાજેતરમાં જ 'બિગ બોસ 18'ના સેટ પર પહોંચ્યો હતો. એક્ટર તેની આગામી ફિલ્મ 'બેબી જ્હોન'ના પ્રમોશન માટે સલમાન ખાનના શોમાં જોડાયો હતો. આ દરમિયાન તેણે કહ્યું- 'સિકંદર ફિલ્મનો ફર્સ્ટ લૂક પણ સલમાન ભાઈના જન્મદિવસ 27મી ડિસેમ્બરે રિલીઝ થવા જઈ રહ્યો છે. ફિલ્મના પ્રમોશન માટે 'બિગ બોસ' પહોંચ્યો હતો વરુણ વરુણની સાથે કીર્તિ સુરેશ અને વામિકા ગબ્બી પણ ફિલ્મ 'બેબી જ્હોન'ના પ્રમોશન માટે સલમાનના શોમાં જોડાયા હતા. આ ફિલ્મમાં વરુણ ધવનની સાથે બંને એક્ટ્રેસ પણ લીડ રોલમાં છે. ફિલ્મમાં જેકી શ્રોફ વિલનની ભૂમિકા ભજવી રહ્યો છે.
'બેબી જ્હોન'માં સલમાન ખાન જોવા મળશે વરુણ ધવનની આ ફિલ્મમાં સલમાન ખાન પણ જોવા મળશે. આ ફિલ્મમાં એક્ટર કેમિયો કરવા જઈ રહ્યો છે. સલમાનનો કેમિયો ડિઝાઈન અને ડિરેક્ટ ડાયરેક્ટર એટલીએ પોતે કર્યો છે.
સલમાન ખાનની 'સિકંદર' ઈદ પર રિલીઝ થશે સલમાન ખાનની ફિલ્મ સિકંદરની વાત કરીએ તો ફિલ્મમાં એક્ટરની સાથે રશ્મિકા મંદન્ના જોવા મળશે. 'બાહુબલી' ફિલ્મમાં કટપ્પાની ભૂમિકા ભજવનાર સત્યરાજ પણ આ ફિલ્મનો એક ભાગ છે. તે નેગેટિવ પાત્રમાં જોવા મળશે.







# રણવીર અને દીપિકા પુત્રી દુઆને મીડિયા સાથે કરાવી મુલાકાત

**(એજન્સી) મુંબઈ | તા.24**

બોલીવુડના પાવર કપલ રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ થોડા મહિના પહેલા જ એક પુત્રીના માતા-પિતા બન્યા છે. જેનું નામ કપલે દુઆ રાખ્યું છે. દુઆના જન્મથી જ આ કપલના ફેન્સ તેનો ફેસ જોવા માટે એક્સાઈટેડ છે. પરંતુ કપલે હજુ સુધી દુઆનો ચહેરો જાહેર કર્યો નથી.
આજે પેપ્સ દીપિકા અને રણવીરની પુત્રીને મળ્યા છે. કપલે તેમની પુત્રી દુઆને મળવા માટે મીડિયાને તેમના ઘરે આમંત્રણ આપ્યું હતું. તેની ઘણી તસવીરો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.
રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જે કપલના ઘરની છે. દીપિકા અને રણવીરે પેપ્સને પોતાના ઘરે બોલાવ્યા હતા. જ્યાં તેમને પોતાની પુત્રી દુઆ સાથે સૌનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે રણવીર અને દુઆએ પણ પાપારાઝીનો આભાર માન્યો અને તેમના સતત પ્રેમ અને સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો.

### આ કપલે મીડિયાની સામે વ્યક્ત કર્યો પ્રેમ

તેમની પુત્રીને મળ્યા પછી પાવર કપલ મીડિયા સાથે ફોટો ક્લિક કરાવતા પણ જોવા મળ્યા હતા. આ સિવાય રણવીર-દીપિકાએ કેમેરાની સામે એકબીજા સાથે ફ્લર્ટ પણ કર્યું હતું. આ બંનેની આ તસવીરો ઈન્ટરનેટ પર ધૂમ મચાવી રહી છે. આ કપલના ફેન્સ તેમના પર અપાર પ્રેમ વરસાવી રહ્યા છે. તસ્વીરોમાં રણવીર ઓલ વ્હાઈટ લુકમાં જોવા મળ્યો હતો. તો દીપિકાએ લોંગ પીચ કલરનો ડ્રેસ પહેર્યો હતો.

### રણવીર-દીપિકાએ વર્ષ 2018માં કર્યા લગ્ન

તમને જણાવી દઈએ કે રણવીર સિંહ અને દીપિકા પાદુકોણે વર્ષ 2018 માં લગ્ન કર્યા હતા. બંનેના લગ્ન ઈટાલીમાં થયા હતા. વર્ષ 2024માં આ કપલ એક પુત્રીના માતા-પિતા બન્યા છે. જેનું નામ તેમને દુઆ રાખ્યું છે. મીડિયા બાદ હવે ફેન્સ પણ દુઆની તસવીરો જોવા આતુર છે.

# મુંબઈની બિલ્ડિંગમાં અડધી રાતે લાગી આગ, માંડ માંડ બચ્યો સિંગર શાનનો પરિવાર



**(એજન્સી) મુંબઈ | તા.24**

મુંબઈમાં મંગળવારે સવારે એક બહુમાળી રહેણાંક બિલ્ડિંગના એક એપાર્ટમેન્ટમાં આગ લાગી ગઈ. જાણકારી અનુસાર આ બિલ્ડિંગમાં ફેમસ સિંગર શાનનો પણ એપાર્ટમેન્ટ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર જ્યારે આગે એપાર્ટમેન્ટના એક ફ્લેટને પોતાની ચપેટમાં લઈ લીધો તો માહિતી મળતાં જ ફાયર વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી અને ઘણી ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે મોકલવામાં આવી.
ફાયર કર્મચારીઓએ મહેનતથી આગ પર કાબૂ મેળવી લીધો છે. આ ઘટનામાં કોઈની જાનહાનિની હાલ માહિતી સામે આવી નથી. સાથે જ આગ લાગવાના કારણોની પણ અત્યાર સુધી જાણકારી મળી નથી.
આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં કાળા ધૂમાડાના ગોટેગોટાને જોઈ શકાય છે. જેમાં બિલ્ડિંગની નીચે મોટી સંખ્યામાં ફાયર વિભાગની ગાડીઓ પણ નજર આવી રહી છે.
રિપોર્ટ અનુસાર ઘટના સમયે શાન પોતાના પરિવારની સાથે તે બિલ્ડિંગમાં જ હતો પરંતુ તે તમામ સુરક્ષિત જણાવી રહ્યાં છે. આ જાણકારી સામે આવતાં જ સિંગરના ચાહકોએ રાહતનો શ્વાસ લીધો. આ આગ સાતમા માળે લાગી હતી જ્યારે ગાયક 11 માં માળ પર રહે છે. હાલ ઘટનાનું કારણ સ્પષ્ટ રીતે સામે આવ્યું નથી પરંતુ એવી અટકળો લગાવાઈ રહી છે કે શોટ સર્કિટના કારણે આ આગ લાગી હશે.
શાન બોલિવૂડનો ફેમસ સિંગર છે. તે પોતાના મખમલી અવાજ માટે જાણીતો છે. શરૂઆતી કરિયરમાં તે જાહેરાતો માટે જિંગલ્સ ગાતો હતો. તે બાદ તેણે ફિલ્મોમાં પણ ગાવાનું શરૂ કરી દીધું. અત્યાર સુધી તે શાહરુખ, રણબીર કપૂર, આમિર ખાન જેવા ઘણા સુપરસ્ટાર્સ માટે ગીત ગાઈ ચૂક્યો છે. સિંગિંગની સાથે અભિનયમાં પણ તે પોતાની કિસ્મત અજમાવી ચૂક્યો છે.



**સુજોય ઘોષના સ્થાને સિદ્ધાર્થ આનંદ ગોઠવાયો...**

# શાહરૂખની કિંગનું શૂટિંગ શરૂ થતાં પહેલાં જ દિગ્દર્શક બદલાયા...

મુંબઈ : શાહરુખ ખાનની તેની દીકરી સાથેની ફિલ્મ 'કિંગ'નું શૂટિંગ શરુ થાય તે પહેલાં જ તેના દિગ્દર્શક બદલાઈ ગયા છે. આ ફિલ્મ માટે અગાઉ સુજોય ઘોષ દિગ્દર્શક તરીકે નક્કી કરાયો હતો પરંતુ તેને બદલે હવે સિદ્ધાર્થ આનંદને જવાબદારી સોંપાઈ છે. શાહરુખની 'પઠાણ'નો દિગ્દર્શક સિદ્ધાર્થ આનંદ હતો. સિદ્ધાર્થની એક્શન ફિલ્મોના દિગ્દર્શનમાં માસ્ટરી ગણાય છે. અગાઉ સિદ્ધાર્થ આનંદ આ ફિલ્મમાં એક્શન દ્રશ્યો માટે ગાઈડ તરીકે નક્કી થયો જ હતો પરંતુ હવે તેણે સમગ્ર દિગ્દર્શનનો દોર પોતાના હાથમાં લઈ લીધો છે. ફિલ્મમાં આ બીજો મોટો ફેરફાર છે.
અગાઉ આ ફિલ્મની સ્ટોરી એ રીતે વિચારાઈ હતી કે સુહાના ખાન મુખ્ય ભૂમિકામાં હોય અને શાહરુખ માત્ર એક સુદીર્ઘ કેમિયોમાં જ દેખાય. જોકે બાદમાં શાહરુખે દીકરીની મોટા પડદા પરની ફિલ્મને સફળ બનાવવા માટે પોતે મુખ્ય ભૂમિકા કરવાનું નક્કી કર્યું હતું.
આ ફિલ્મમાં અભિષેક બચ્ચન પણ મહત્વના રોલમાં છે. શાહરૂખની આ ફિલ્મની તૈયારી છેલ્લા છ મહિનાથી ચાલી રહી છે.આ ફિલ્મમાંઆંતરરાષ્ટ્રીય સ્તરના સ્ટંટ દિગ્દર્શકોની સાથે પાથ-બ્રેકિંગ એકશન સીકવન્સ પણ તૈયાર કરવામાં આવી છે. ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫માં શરૂ કરવામાં આવશે.

**અગાઉ સિદ્ધાર્થ આનંદ ફક્ત ગાઈડ કરવાનો હતો : પઠાણની જોડી ફરી રીપિટ...**




# રોહિતે કયા નંબર પર બેટિંગ કરવી જોઈએ: 1 અથવા 6?

## શાસ્ત્રીના નિવેદન પર સોશિયલ મીડિયા પર શરૂ થઈ ચર્ચા; ફેન્સ ઈચ્છે છે કે હિટમેન...

(એજન્સી) સિડની તા 24

હવે રોહિતના બેટિંગ ઓર્ડરને લઈને પણ ચર્ચાએ જોર પકડ્યું છે. ઘણા ભૂતપૂર્વ દિગ્ગજો માને છે કે રોહિતે ઓપનિંગ કરવું જોઈએ, જ્યારે કેટલાક ક્રિકેટ પંડિતો ઈચ્છે છે કે રોહિત છઠ્ઠા નંબર પર બેટિંગ કરે પણ બેટિંગ કરતી વખતે આક્રમકતા પણ બતાવે. ભારતીય કેપ્ટન રોહિત શર્માને રવિવારે અહીં MCG ખાતે ટ્રેનિંગ સત્ર દરમિયાન ડાબા ઘૂંટણમાં ઈજા થઈ હતી, પરંતુ ઈજાની ગંભીરતા હજુ સુધી જાણી શકાઈ નથી. ભારતીય ટીમે અહીં સમગ્ર પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો હતો અને રોહિતને તેના બેટિંગ સત્રના અંતે સપોર્ટ સ્ટાફ દયાનંદ ગરાણીના થ્રોડાઉન બોલ પર ઘૂંટણમાં ઈજા થઈ હતી. રોહિત પીડામાં હતો અને તેના ડાબા ઘૂંટણ પર આઈસ પેક લગાવતો જોવા મળ્યો હતો. બાદમાં ફાસ્ટ બોલર આકાશ દીપે કહ્યું કે, કેપ્ટન ઠીક છે. બીજી તરફ રોહિત શર્માના ખરાબ ફોર્મને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. એક તરફ રોહિત રન બનાવી શકતો નથી તો બીજી તરફ તેના બેટિંગ ઓર્ડરને લઈને પણ ચર્ચાએ જોર પકડ્યું છે. હકીકતમાં, ઓપનિંગને બદલે રોહિત શર્મા હવે 6ઠ્ઠા નંબર પર આવી રહ્યો છે.

### છઠ્ઠા નંબર પર વધુ આક્રમક બેટિંગ કરવી જોઈએઃ રવિ શાસ્ત્રી

ભૂતપૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે, રોહિત શર્માને 6 નંબર પર બેટિંગ કરવા આવવું જોઈએ, પરંતુ તેણે આ નંબર પર વધુ આક્રમક રીતે રમવાની જરૂર છે. શાસ્ત્રીનું કહેવું છે કે, આ સ્ટાઈલિશ બેટ્સમેને સ્પષ્ટ માનસિકતા સાથે આવવું જોઈએ અને પોતાની રણનીતિ બદલવી જોઈએ અને બોલરો સામે આક્રમકતા અપનાવવી જોઈએ. ICC સમીક્ષા પર શાસ્ત્રીએ કહ્યું, હું રોહિત શર્માને સારું કરતા જોવા માગુ છું. તેની રણનીતિમાં થોડો ફેરફાર થવો જોઈએ કારણ કે તે છઠ્ઠા નંબર પર હજુ પણ ખૂબ જ ખતરનાક બની શકે છે. તમને જણાવી દઈએ કે રોહિતે 2013માં છઠ્ઠા નંબર પર ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું અને સદી પણ ફટકારી હતી.

### પૂજારાએ રોહિતને મિડલ ઓર્ડરમાં બેટિંગ કરવા કહ્યું

બીજી તરફ, પૂજારાનું માનવું છે કે રોહિતને ઓપનિંગને બદલે મિડલ ઓર્ડરમાં બેટ બનાવવાથી ખેલાડીના મોમેન્ટમ પર અસર પડી શકે છે. પૂજારાએ કહ્યું, રોહિત પહેલા ઓપનર હતો, હવે તે છઠ્ઠા નંબર પર બેટિંગ કરી રહ્યો છે. આવું કરવાથી તમને બેટિંગમાં કોઈ ફાયદો નથી થતો, આમ કરવાથી તમને લય પણ નથી મળતી. દક્ષિણ આફ્રિકાના પૂર્વ ક્રિકેટર હર્ષલ ગિબ્સે રોહિતની મેચમાં ઓપનિંગ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે. હર્ષલ ગિબ્સે કહ્યું છે કે, રોહિત ઓપનિંગમાં વધુ આરામદાયક છે.

# 48 કલાકમાં બદલાયું અર્જુનનું નસીબ, એક પણ વિકેટ ન મળી

(એજન્સી) નવી દિલ્હી તા 24

વિજય હજારે ટ્રોફી 2024-25માં ગોવાની ટીમે તેની બીજી મેચ હરિયાણા સામે રમી હતી. સચિન તેંડુલકરનો પુત્ર અર્જુન તેંડુલકર આ મેચમાં સંપૂર્ણ રીતે ફ્લોપ રહ્યો હતો. આ સાથે જ ગોવાની ટીમને પણ 8 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ પહેલા ગોવાએ ઓપનિંગ મેચમાં ઓડિશાને હરાવ્યું હતું. સચિન તેંડુલકરનો પુત્ર અર્જુન તેંડુલકર હાલમાં વિજય હજારે ટ્રોફી 2024-25માં ગોવાની ટીમ તરફથી રમી રહ્યો છે. અર્જુન તેંડુલકરે આ ટૂર્નામેન્ટમાં ખૂબ જ સારી શરૂઆત કરી હતી. તે પહેલી જ મેચમાં પોતાની ટીમની જીતનો હીરો હતો. પરંતુ બીજી મેચમાં અલગ જ કહાની જોવા મળી હતી.સોમવારે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં ગોવા અને હરિયાણાની ટીમો વચ્ચે મેચ રમાઈ હતી. આ મેચમાં અર્જુન તેંડુલકર સંપૂર્ણ રીતે ફ્લોપ રહ્યો હતો અને તેની ટીમને પણ હારનો સામનો કરવો પડ્યો હતો.ત્યારબાદ અર્જુન તેંડુલકરે ટીમ માટે બોલિંગ શરૂ કરી.




# ટીમ ઈન્ડિયામાં મોટો ફેરફાર, અશ્વિનના સ્થાને આવ્યો આ ખેલાડી

(એજન્સી) નવી દિલ્હી તા 24



ઓફ સ્પિનર તનુષ કોટિયનને મેલબોર્ન અને સિડની ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં જગ્યા મળી છે. આર અશ્વિનની નિવૃત્તિ બાદ BCCIએ આ મોટો નિર્ણય લીધો છે. તનુષ મુંબઈનો ખેલાડી છે અને બોલિંગની સાથે તે સારી બેટિંગ પણ કરે છે. મુંબઈના ઓફ સ્પિનર તનુષ કોટિયનને બોર્ડર ગાવસ્કર ટ્રોફીની છેલ્લી બે ટેસ્ટ મેચો માટે ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન મળ્યું છે. આર અશ્વિનની નિવૃત્તિ બાદ BCCIએ આ મોટો નિર્ણય લીધો છે. અશ્વિને બ્રિસબેન ટેસ્ટ બાદ નિવૃત્તિ લીધી હતી, હવે તેના સ્થાને તનુષ કોટિયનને તક આપવામાં આવી છે. અહેવાલો અનુસાર, આ ખેલાડી મંગળવારે મેલબોર્ન જશે. તનુષ કોટિયન પણ અશ્વિનની જેમ ઓફ સ્પિનર છે અને તે પણ નીચલા ક્રમમાં બેટિંગ કરે છે. તાજેતરમાં જ આ ખેલાડીને ઓસ્ટ્રેલિયા A સામેની બિનસત્તાવાર ટેસ્ટ શ્રેણીમાં રમવાની તક પણ મળી હતી.તનુષ કોટિયન 26 વર્ષનો છે અને આ ખેલાડી અત્યાર સુધીમાં 33 ફર્સ્ટ ક્લાસ મેચ રમી ચૂક્યો છે. તનુષના નામે 101 વિકેટ છે. મોટી વાત એ છે કે તેની ફર્સ્ટ ક્લાસ એવરેજ 41થી વધુ છે. કોટિયને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 1525 રન બનાવ્યા છે અને તેના નામે 2 સદી અને 13 અડધી સદી છે. કોટિયન ગત સિઝનમાં રાજસ્થાન રોયલ્સ તરફથી પણ રમ્યો હતો, તેને આ ટીમ દ્વારા ઓપનિંગ સ્લોટ આપવામાં આવ્યો હતો. તનુષ કોટિયનનો ભારતીય ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ સવાલ એ છે.

# ટીમ ઈન્ડિયામાં વાપસી છોડો, મોહમ્મદ શમીનું મેદાનમાં ઉતરવું પણ મુશ્કેલ

**BCCIએ આપ્યા ખરાબ સમાચાર : ગયા વર્ષે ODI વર્લ્ડ કપ દરમિયાન મોહમ્મદ શમીની એડીમાં ઈજા થઈ હતી, ત્યારબાદ તેની સર્જરી કરવામાં આવી હતી. આ કારણે તે એક વર્ષ સુધી મેદાનથી દૂર રહ્યો. જો કે તે ગયા મહિને જ રણજી ટ્રોફી મેચમાં મેદાનમાં પાછો ફર્યો હતો, તેમ છતાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે તેની પસંદગી કરવામાં આવી ન હતી.**



(એજન્સી) નવી દિલ્હી તા 24


ટીમ ઈન્ડિયાના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની ફિટનેસને લઈને ક્રિકેટ ચાહકો સતત ચિંતિત છે અને સવાલો ઉઠાવી રહ્યા છે. સુકાની રોહિત શર્મા પાસેથી પણ દરેક વખતે તેની ફિટનેસને લઈને અપડેટ લેવામાં આવે છે. હવે આખરે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે પહેલીવાર શમીની વર્તમાન સ્થિતિ અંગે અપડેટ જાહેર કર્યું છે અને BCCI દ્વારા કહેવામાં આવેલી બાબતો ટીમ ઈન્ડિયા અને શમીના ચાહકોની ચિંતામાં વધારો કરશે. શમીની ટીમ ઈન્ડિયામાં વાપસી અત્યારે મુશ્કેલ લાગી રહી છે અને વિજય હજારે ટ્રોફીમાં તેની રમવાની શક્યતાઓ પણ ખૂબ ઓછી લાગી રહી છે. ભારતીય ક્રિકેટ બોર્ડે સોમવારે 23 ડિસેમ્બરે શમીની ફિટનેસ અંગે વિગતવાર અપડેટ આપી હતી અને માહિતી આપી હતી કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર છેલ્લી બે ટેસ્ટ માટે શમીની પસંદગી કરવામાં આવી ન હતી. BCCIએ કહ્યું કે હીલની ઈજાથી પીડિત શમી સેન્ટર ઓફ એક્સેલન્સમાં મેડિકલ ટીમ સાથે તેની ફિટનેસ પર કામ કરી રહ્યો હતો અને આ ઈજામાંથી સંપૂર્ણ રીતે સાજો થઈ ગયો છે.

### BCCIએ પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું

ઈજામાંથી સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ શમી રણજી ટ્રોફીમાં પાછો ફર્યો હતો અને તેણે 43 ઓવર ફેંકી હતી. આ પછી શમીએ સૈયદ મુશ્તાક અલી T20 ટ્રોફીમાં બંગાળ માટે તમામ 9 મેચ રમી હતી. બોર્ડે એમ પણ કહ્યું કે આ મેચો સિવાય શમીએ સેન્ટર ઓફ એક્સેલન્સમાં પણ ઘણી બોલિંગ કરી, જેથી તે ટેસ્ટ મેચોમાં બોલિંગ માટે તૈયાર થઈ શકે. જો કે, આ દરમિયાન તેના ડાબા ઘૂંટણમાં સોજો આવવા લાગ્યો હતો

# હાર્ટ એટેક, ક્યારેક ડિપ્રેશન... વિનોદ કાંબલી કઈ-કઈ બીમારીથી પીડાતો હતો?

(એજન્સી) મુંબઈ તા 24



પૂર્વ ભારતીય ક્રિકેટર વિનોદ કાંબલી ફરી એક વખત પોતાની બગડતી તબિયતના કારણે ચર્ચામાં છે. કાંબલીની તબિયત અચાનક બગડતાં તેમને થાણેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને પછી ડોમેસ્ટિક ક્રિકેટથી દૂર હોવાને કારણે કાંબલી છેલ્લા એક દાયકામાં ઘણી વખત બીમાર પડ્યો છે. સાથી ક્રિકેટરો ઉપરાંત પ્રશંસકો પણ અવારનવાર તેના સ્વાસ્થ્યને લઈને ચિંતા વ્યક્ત કરતા રહ્યા છે. ચાલો જાણીએ કે કાંબલી છેલ્લા કેટલાક વર્ષોમાં ક્યારે બીમાર પડ્યા છે.

કાંબલીએ હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તે પેશાબની સમસ્યાથી પરેશાન છે. તેણે કહ્યું હતું કે આ વર્ષે નવેમ્બરમાં આ સમસ્યાને કારણે તે અચાનક નીચે પડી ગયો હતો અને તે પોતાના પગ પર ઊભા પણ રહી શકતો ન હતો, ત્યારબાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.લગભગ 12 વર્ષ પહેલા, કાંબલીને તેના જીવનના સૌથી ખતરનાક અનુભવમાંથી પસાર થવું પડ્યું હતું, જ્યારે તેને હાર્ટ એટેક આવ્યો હતો. આ પછી જ તેની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી, જેમાં તેના મિત્ર અને મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે તેની મદદ કરી. 2013માં જ્યારે કાંબલી પોતાની કારમાં મુંબઈમાં ક્યાંક જઈ રહ્યો હતો, ત્યારે અચાનક તેને ડ્રાઈવિંગ દરમિયાન તકલીફ થઈ અને તેણે કાર રોકી દીધી.

# ભેદભાવ કે દંભ ? મેલબોર્ન ટેસ્ટ પહેલા ટીમ ઈન્ડિયા સામે ઓસ્ટ્રેલિયાની ચાલ !

(એજન્સી) મેલબોર્ન તા 24

મેલબોર્ન ટેસ્ટ પહેલા ફરી એકવાર ટીમ ઈન્ડિયા સાથે ભેદભાવના સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર ટીમ ઈન્ડિયા સાથે મોટી રમત રમી છે. ઓસ્ટ્રેલિયાને મેલબોર્ન ટેસ્ટમાં તેનો સીધો ફાયદો મળી શકે છે.

ટીમ ઈન્ડિયા ચોથી ટેસ્ટ માટે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) પર ઘણો પરસેવો પાડી રહી છે. ટીમના તમામ ખેલાડીઓ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા હતા. જો કે ઓસ્ટ્રેલિયામાં ટીમ ઈન્ડિયા સાથે ફરી એકવાર ભેદભાવ કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટીમ ઈન્ડિયાને પ્રેક્ટિસ માટે એવી પિચો આપવામાં આવી છે જેના પર ખેલાડીઓએ બિગ બેશ લીગમાં પ્રેક્ટિસ કરી હતી. આ પિચો સફેદ બોલની ક્રિકેટમાં પ્રેક્ટિસ માટે બનાવવામાં આવી હતી. પરંતુ હવે ટીમ ઈન્ડિયા તેમના પર પ્રેક્ટિસ કરી રહી છે. ભારતીય ટીમ પિચથી નાખુશ છે. આમાં પણ કોઈ ઉછાળો નથી.



આ પિચોમાં બાઉન્સ ખૂબ જ ઓછો હોય છે અને તેમાં એટલી ઝડપ હોતી નથી જેટલી સામાન્ય રીતે ઓસ્ટ્રેલિયાની પિચોમાં જોવા મળે છે. ભારતીય ટીમને પ્રેક્ટિસ માટે ચાર પિચો ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ભારતીય ખેલાડીઓ આ બધાની ગુણવત્તાથી નાખુશ દેખાતા હતા. આ પિચો બોક્સિંગ ડે ટેસ્ટમાં ઉપયોગમાં લેવાતી પિચોથી સંપૂર્ણપણે અલગ છે.

# ઓસ્ટ્રેલિયાની મુશ્કેલીમાં વધારો, વિસ્ફોટક બેટ્સમેન થયો ઈજાગ્રસ્ત!

(એજન્સી) મેલબર્ન તા 24

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેચ મેલબોર્નમાં રમાશે. હાલમાં બંને ટીમો સિરીઝમાં 1-1થી બરાબરી પર છે. સિરીઝની છેલ્લી બે મેચ માટે બંને ટીમોની ટીમો પણ જાહેર કરવામાં આવી છે. આર અશ્વિનના સ્થાને તનુષ કોટિયનને ટીમ ઈન્ડિયામાં તક આપવામાં આવી છે. શ્વિને ગાબા ટેસ્ટ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. ઓસ્ટ્રેલિયાની ટીમમાં 4 ફેરફાર કરવામાં આવ્યા છે. બીજી તરફ મેલબોર્ન ટેસ્ટ પહેલા ઓસ્ટ્રેલિયાની મુશ્કેલીઓ થોડી વધી રહી હોય તેવું લાગી રહ્યું છે.



ટીમના સૌથી વિસ્ફોટક બેટ્સમેન ટ્રેવિસ હેડના રમવા પર હજુ પણ શંકા છે. ઓસ્ટ્રેલિયા ટીમના મુખ્ય કોચ એન્ડ્રયુ મેકડોનાલ્ડે પુષ્ટિ કરી કે ટ્રેવિસ હેડ ઈજાગ્રસ્ત થયો છે. બેટ્સમેનને હજુ પણ કેટલાક પડકારોનો સામનો કરવો પડશે.

જોકે, કોચે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે હેડ બોક્સિંગ ડે-ટેસ્ટ પહેલા ફિટ થઈ જશે અને ચોથી મેચનો ભાગ બનશે. ટ્રેવિસ હેડ બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી હેડે આ સિરીઝમાં 2 સદી ફટકારી છે.

# હરમનપ્રીત અને પ્રવીણને ખેલરત્ન એવોર્ડ મળશે

(એજન્સી) પેરિસ તા 24

પેરિસ ઓલિમ્પિકમાં હોકી ટીમને સતત બીજો મેડલ અપાવનાર સુકાની હરમનપ્રીત સિંહ તથા પેરાલિમ્પિકમાં ગોલ્ડ જીતનાર હાઈ જમ્પર પ્રવીણ કુમારના નામને ભારતના સર્વોચ્ચ રમત સન્માન મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. પેરિસ ઓલિમ્પિકમાં જ મેડલ હાંસલ કરનાર શૂટર સ્વપ્નિલ કુસાલે તથા રેસલર અમન સેહરાવતને અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યા છે પરંતુ પેરિસ ઓલિમ્પિકની શૂટિંગ ઈવેન્ટમાં બે મેડલ જીતનાર ભારતની મહિલા શૂટર મનુ ભાકરના નામને નોમિનેટ કરવામાં આવ્યું નથી.માનવામાં આવી રહ્યું છે કે મનુએ ખેલરત્ન માટે અરજી કરી નથી પરંતુ રમત મંત્રાયલ તથા નેશનલ રાઈફલ શૂટિંગ એસોસિયેશન દ્વારા પણ તેના નામ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. મંત્રાલયે ગયા વર્ષે ક્રિકેટર મોહમ્મદ શમીને જાતે જ અર્જુન એવોર્ડ આપ્યો હતો. મનુના પિતા રામકિશન ભાકરે જણાવ્યું હતું કે મનુએ ખેલ રત્ન માટે અરજી કરી છે. બીજી તરફ એનઆરએઆઈના પ્રમુખ કલિકેશે જણાવ્યું હતું કરવાની જવાબદારી એથ્લેટ્સની રહેતી હોય છે.



# વિધી જાનીએ કેનેડાની સેલિનની સામે રોમાંચક વિજય મેળવ્યો



(એજન્સી) અમદાવાદ તા 24

એસ ટેનિસ એકેડેમી ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી રમાતી આઈટીએફ ટેનિસ ટૂર્નામેન્ટના બીજા દિવસે વિધી જાનીએ કેનેડાની સેલિન વેકાલાપુડ્ડી સામે રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. 16 વર્ષીય વિધીએ પ્રથમ સેટમાં કરેલી કેટલીક સામાન્ય ભૂલના કારણે કેનેડિયન ખેલાડી સેલિને પ્રથમ સેટ 6-3થી જીત્યો હતો પરંતુ વિધીએ પોતાની રિધમ તથા ફોર્મ હાંસલ કરીને આક્રમક સર્વિસનું પ્રદર્શન કરીને બીજો સેટ 6-1થી પોતાના નામે કર્યો હતો. નિર્ણાયક ટાઈબ્રેકરમાં પ્રત્યેક પોઈન્ટ ઉપર વિધીએ કુનેહપૂર્વક હરીફ ખેલાડીને સતત દબાણમાં રાખીને 10-7થી વિજય મેળવ્યો હતો. રિચા ચોગુલેએ લક્ષ્મી ગૌડા સામે કોઈ પણ મુશ્કેલી વિના 6-4, 6-1થી વિજય હાંસલ સિંગે અનુષ્કા ભોલાને 6-4, 6-3થી, જોએલ નિકોલે ગુજરાતની શૈલી ઠક્કરને 6-2, 6-4થી, ચેવકા સામાએ ચંદના પોટુગારીને 6-1, 6-3થી, સેજલ ભટુડાએ ઈરા શાહને 7-5,6-2થી, અદિતી રાવતે સંજના શ્રીમાલાને 6-2, 6-4થી તથા કશીશ ભાટિયાએ રિયા સચદેવને 6-4, 6-4થી હરાવીને પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો.

# મબાપેના ગોલ વડે રિયલ મેડ્રિડે સેવિલાને 4-2થી હરાવ્યું

(એજન્સી) પેરિસ તા 24

સ્ટાર ખેલાડી કિલિયન મબાપેના શાનદાર ગોલ અને એક ગોલમાં સાથી ખેલાડીને કરેલી સહાયતાની મદદથી રિયલ મેડ્રિડે લા લીગા ફૂટબોલ ટૂર્નામેન્ટમાં સેવિલાને 4-2થી હરાવીને પોતાની પરંપરાગત હરીફ બાર્સેલોનાને પાછળ રાખીને પોઈન્ટ ટેબલમાં બીજું સ્થાન મેળવ્યું હતું. ક્રિસમસ વેકેશન ઉપર જતાં પહેલાં લીગમાં પોતાનો છેલ્લો મુકાબલો રમનાર



રિયલ મેડ્રિડ માટે મબાપેએ 10મી અને ફેડરિકો વાલ્વેર્ડેએ 20મી મિનિટે ગોલ કરીને ટીમને 2-0થી આગળ કરી દીધી હતી. રોડ્રિગોએ ગોલ કરી મેડ્રિડને 3-0થી આગળ કરી હતી. ઈસાક રોમેરોએ 35મી મિનિટે સેવિલા માટે ગોલ નોંધાવ્યો હતો. બ્રાહ્મી ડિયાઝે 53મી મિનિટે પેનલ્ટીને ગોલમાં ફેરવીને મેડ્રિડને 4-1થી આગળ કરી હતી. મેચમાં પાંચ મિનિટ બાકી હતી ત્યારે ડોડી લુકેબાકિયોએ 85મી મિનિટે સેવિલા માટે ગોલ કર્યો હતો. સ્પેનની પેરિસ સેન્ટ જર્મેન ક્લબથી રિયલ મેડ્રિડમાં ટ્રાન્સફર થયેલા મબાપેએ તમામ લીગમાં 14મો ગોલ નોંધાવ્યો હતો.

# ધોની મુકાયો મુશ્કેલીમાં, સરકાર લેશે કડક પગલા

(એજન્સી) રાંચી તા 24

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની મુશ્કેલીઓ વધી છે. ઝારખંડ સ્ટેટ હાઉસિંગ બોર્ડે હરમુ રોડ પર સ્થિત ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના રહેણાંક પ્લોટ પર સવાલ ઉઠાવ્યા છે. બોર્ડનું કહેવું છે કે ધોનીના આ રેસિડેન્શિયલ પ્લોટનો ઉપયોગ વેપારી હેતુઓ માટે કરવામાં આવી રહ્યો છે. જોકે, હવે



આ પ્લોટ પર ડાયગ્નોસ્ટિક સેન્ટરનું બોર્ડ લગાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. ઝારખંડ સ્ટેટ હાઉસિંગ બોર્ડના અધ્યક્ષ સંજય લાલ પાસવાને જણાવ્યું હતું કે રહેણાંક પ્લોટનો ઉપયોગ આવાસ માટે જ થઈ શકે છે. અન્ય કોઈપણ ઉપયોગ એ નિયમોનું ઉલ્લંઘન છે. ધોનીના હરમુના ઘરે ડાયગ્નોસ્ટિક સેન્ટર ખોલવાની માહિતી મળ્યા બાદ બોર્ડે મામલાની તપાસ શરૂ કરી દીધી છે. જો તપાસમાં સાબિત થશે કે રહેણાંક પ્લોટનો કોમર્શિયલ ઉપયોગ થઈ રહ્યો છે.

# ખેલ રત્ન એવોર્ડ ન મળવા મામલે મનુ ભાકરે મૌન તોડ્યું

(એજન્સી) પેરિસ તા 24

પેરિસ ઓલિમ્પિક્સમાં 2 મેડલ જીતનારી ભારતની સ્ટાર શૂટર મનુ ભાકર હાલ ચર્ચામાં છે. 22 વર્ષીય મનુ ભાકરે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ મુદ્દે પોતાનું મૌન તોડ્યું છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ સમગ્ર મામલે ખુલાસો કર્યો છે. અહીં તમને જણાવી દઈએ કે, કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, મનુ ભાકરને ખેલ રત્ન એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી નથી. આ સમગ્ર મામલે મનુ ભાકરના પિતાએ પણ નિવેદન આપ્યું હતું. હવે મનુ ભાકરે પોતે આગળ આવીને આ અંગે સ્પષ્ટતા કરી છે. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી છે.

મનુ ભાકરે પોસ્ટમાં લખ્યું હતું કે, 'મારા ખેલ રત્ન એવોર્ડના નોમિનેશનને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. જેના પર હું કહેવા માંગુ છું કે, એક એથ્લીટ તરીકે મારું કામ દેશ માટે રમવું અને સારું પ્રદર્શન કરવાનું છે. એવોર્ડ અથવા કોઈ સન્માન મને પ્રોત્સાહિત કરે છે, પરંતુ આ મારા લક્ષ્યો નથી. મને લાગે છે કે નોમિનેશન માટે મારાથી કંઈ ભૂલ થઈ હતી.

જેને મેં સુધારી લીધી છે. મને એવોર્ડ મળે કે ન મળે હું દેશ માટે બને તેટલા મેડલ જીતવાનો પ્રયાસ કરતી રહીશ. હું દરેકને વિનંતી કરું છું કે હવે આ મુદ્દા પર વાત ન કરશો.' સમિતિ તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. શું તમે આ રીતે એથ્લીટને પ્રોત્સાહિત કરી રહ્યા છો? માતા-પિતા તેમના બાળકોને ભવિષ્યમાં રમવા માટે પ્રોત્સાહિત કરતા હોય છે.'

# સ્ટેડિયમની છતે બેટ્સમેનને બચાવ્યો

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 24

હાલમાં ઓસ્ટ્રેલિયામાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની બોર્ડર ગાવસ્કર ટ્રોફી રમાઈ રહી છે તો બીજી તરફ બિગ બેશ લીગ (BBL) પણ શરૂ થઈ ગઈ છે. BBLની નવી સિઝન 15 ડિસેમ્બરથી શરૂ થઈ છે. ઓસ્ટ્રેલિયાની આ T20 લીગમાં થોડા જ દિવસોમાં ઘણી શાનદાર ક્ષણો જોવા મળી છે, જ્યારે મેલબોર્ન રેનેગેડ્સ અને પર્થ સ્કોર્ચર્સ વચ્ચે રમાઈ રહેલી મેચમાં પણ આવું જ દ્રશ્ય જોવા મળ્યું હતું. બેટ્સમેન દ્વારા શોટ રમવામાં આવ્યા બાદ બોલ સ્ટેડિયમની છત પર વાગ્યો હતો. આ પછી ખેલાડી આઉટ થતાં થતાં નોટઆઉટ થઈ ગયો. બોલને ડેડ જાહેર કરવામાં આવ્યો.

સ્ટેડિયમની છત પર વાગ્યો બોલ આ ઘટના પર્થ સ્કોર્ચર્સની ઈનિંગ્સની 10મી ઓવરમાં બની હતી. કેન રિચર્ડસન મેલબોર્ન રેનેગેડ્સ માટે 10મી ઓવર ફેંકી રહ્યો હતો. કૂપર કોનોલી 12 રન પર બેટિંગ કરી રહ્યો હતો. કેને ઓવરનો પાંચમો બોલ સ્ટમ્પની વચ્ચે ફેંક્યો અને કોનોલીએ તેને હવામાં ફટકાર્યો. બોલ ખૂબ ઊંચો થયો અને સ્ટેડિયમની છત પર અથડાયો.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 25-12-2024

## પીડિત પરિવારો પ્રત્યે મારી સંવેદના, પરંતુ નિર્ણયથી પાછળ ન હટી શકું

# બાઈડને 37 લોકોની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી

(એજન્સી) વોશિંગ્ટન તા 24

રાષ્ટ્રપતિ બાઈડને તેમનો કાર્યકાળ પૂરો થવાના થોડા દિવસો પહેલા જ 37 લોકોની મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી. વ્હાઈટ હાઉસે સોમવારે આ અંગે એક નિવેદન બહાર પાડ્યું હતું. ફોક્સ ન્યૂઝ અનુસાર, આ 37 લોકોમાં કાયદા અમલીકરણ અધિકારીઓ, કિશોરો અને કેટલાક અન્ય કેદીઓનો સમાવેશ થાય છે. વ્હાઈટ હાઉસે કહ્યું- રાષ્ટ્રપતિ બાઈડન માત્ર આતંકવાદ અને નફરતથી પ્રેરિત સામૂહિક હત્યા માટે મૃત્યુદંડનું સમર્થન કરે છે.



### બે અઠવાડિયા પહેલા 1500 લોકોની સજામાં ઘટાડો કરવામાં આવ્યો હતો

બાઈડને બે અઠવાડિયા પહેલા 1500 કેદીઓની સજામાં ફેરફારની જાહેરાત કરી હતી. આ તમામ કેદીઓને કોરોના મહામારી દરમિયાન જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ નજરકેદ હતા. તેમણે હિંસક ગુનાઓમાં સામેલ ન હોય તેવા 39 ગુનેગારોની સજા પણ માફ કરી. આ પહેલા જો બાઈડને પોતાના પુત્ર હન્ટર બાઈડનની સજા પણ માફ કરી દીધી હતી. હન્ટર બાઈડન ગેરકાયદેસર બંદૂક રાખવા અને કરચોરી માટે સજાનો સામનો કરી રહ્યો હતો. સમાન ન્યાય પહેલના સ્થાપક બ્રાયન સ્ટીવેન્સન કહે છે.

### બાઈડને અત્યાર સુધીમાં 65 લોકોની સજા માફ કરી

ન્યાય વિભાગના જણાવ્યા અનુસાર, 13 ડિસેમ્બર સુધી રાષ્ટ્રપતિ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન જો બાઈડને 65 લોકોની સજા માફ કરી છે અને 1,634 કેદીઓની સજામાં ઘટાડો કર્યો છે. નાગરિક સમાજના ઘણા લોકોએ આ નિર્ણય માટે બાઈડનની પ્રશંસા કરી છે અને તેમને હિંમતવાન ગણાવ્યા છે.

### પુત્રની સજા માફ કરવા અંગે જો બાઈડને કહ્યું કે,

મને કાયદો અને વ્યવસ્થામાં પૂરો વિશ્વાસ છે, પરંતુ રાજકારણે તેને ગંદુ બનાવી દીધું છે. આ ન્યાયતંત્રની નિષ્ફળતા છે. કોઈપણ સમજદાર વ્યક્તિ જેણે હન્ટરના કેસને અનુસર્યો છે તે જાણશે કે તેને ફક્ત એટલા માટે નિશાન બનાવવામાં આવ્યો હતો કારણ કે તે મારો પુત્ર છે.

# બ્રિટનમાંચાલતી85શરિયાઅદાલતો:લગ્નથી લઈને તલાક સુધીના આપે છે તમામ નિર્ણયો

(એજન્સી) લંડન તા 24

બ્રિટનમાં પ્રથમ શરિયા અદાલતની સ્થાપના 1982માં થઈ હતી, જેની સંખ્યા હવે વધીને 85 થઈ ગઈ છે. તેમનો ધાર્મિક પ્રભાવ ખૂબ જ મજબૂત છે. આ અદાલતોની વધતી સંખ્યાને કારણે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, બ્રિટન શરિયા કાયદાની પશ્ચિમી રાજધાની બની રહ્યું છે. ધ ટાઈમ્સ અનુસાર, નેશનલ સેક્યુલર સોસાયટીએ આ સમાંતર કાયદાકીય વ્યવસ્થા પર ચિંતા વ્યક્ત કરી છે. આ અદાલતો લગ્નથી માંડીને પારિવારિક બાબતો પર નિર્ણયો આપે છે. મીડિયા અહેવાલો અનુસાર આ અદાલતો મુતાહ એટલે કે પ્લેજર મેરેજ અથવા આનંદ લગ્ન જેવા મહિલા વિરોધી વિચારોને પણ પ્રોત્સાહન આપે છે.શરિયા કાયદાને લઈને એક મોબાઈલ એપ પણ છે, જેના દ્વારા ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રહેતા મુસ્લિમો તેમના વિસ્તાર માટે ઈસ્લામિક કાયદા બનાવી શકે છે. આના દ્વારા પુરુષો એ પણ પસંદ કરી શકે છે કે તેમની પાસે કેટલી પત્નીઓ હશે, જે 1 થી 4 સુધીની હોઈ શકે છે.

### આ અદાલતોથી મહિલાઓ અને બાળકોના અધિકારો નબળા પડે છે

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બ્રિટનમાં લગભગ 1 લાખ ઈસ્લામિક લગ્નો થયા છે, જેની સિવિલ ઓથોરિટી દ્વારા નોંધણી કરવામાં આવી નથી. નેશનલ સેક્યુલર સોસાયટીના ચીફ એક્ઝિક્યુટિવ સ્ટીફન ઈવાન્સે આવી અદાલતો સામે ચેતવણી જારી કરી છે.ઈવાન્સે કહ્યું- આ અદાલતો બધા માટે એક કાયદાના સિદ્ધાંતને નબળી પાડે છે. તેનાથી મહિલાઓ અને બાળકોના અધિકારો નબળા પડે છે.શરિયાને ઈસ્લામિક કાયદો પણ કહેવામાં આવે છે. કુરાન, હદીસ અને પયગંબર મોહમ્મદની સુન્નાહ પર આધારિત સમજીએ તો, શરિયાને ઈસ્લામિક કાયદાઓ અને રિવાજો અનુસાર જીવન જીવવાની રીત કહી શકાય.

# ટ્રમ્પે કહ્યું- મસ્ક અમેરિકાના રાષ્ટ્રપતિ નહીં બની શકે



(એજન્સી) વોશિંગ્ટન તા 24

અમેરિકાના બંધારણ મુજબ અમેરિકામાં જન્મેલ અમેરિકન નાગરિક જ દેશના રાષ્ટ્રપતિ બની શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા બાદ વિપક્ષના નેતાઓ આરોપ લગાવી રહ્યા છે કે આ સરકારમાં રાષ્ટ્રપતિનો ખરો પાવર ઈલોન મસ્ક પાસે રહેશે. કેટલાક લોકો એવું પણ કહે છે કે મસ્ક આગામી સમયમાં અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકે છે. જો કે ટ્રમ્પે આવી તમામ અટકળોને ફગાવી દીધી છે. ટ્રમ્પનું કહેવું છે કે ઈલોન મસ્ક ક્યારેય અમેરિકાના રાષ્ટ્રપતિ નહીં બની શકે. અલજઝીરા મુજબ, ટ્રમ્પે મસ્કના વખાણ કર્યા અને કહ્યું કે તેમના રાજકીય વિરોધીઓ સતત એવું જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે કે આ સરકારમાં રાષ્ટ્રપતિનો ખરો પાવર ઈલોન મસ્ક પાસે છે. મસ્કના સત્તાવાર રીતે રાષ્ટ્રપતિ બનવાનું કોઈ જોખમ નથી, કારણ કે બંધારણ તેમને આમ કરતા અટકાવે છે. ગયા અઠવાડિયે, રાજકીય ઉથલપાથલ વચ્ચે અમેરિકામાં અસ્થાયી ફંડિંગ બિલ પહેલીવાર સંસદમાં પસાર થઈ શક્યું ન હતું, જેના કારણે 23 લાખ કર્મચારીઓના વેતન પર સંકટ તોળાયું હતું. પછી કેટલાક મીડિયા આઉટલેટ્સે આ માટે મસ્કને દોષી માન્યા હતા અને તેમના પર દેશને બંધક બનાવવાનો આરોપ લગાવ્યા હતા.આ સાથે જ ડેમોક્રેટિક પાર્ટીના સાંસદોએ પણ કહ્યું કે ટ્રમ્પ ભલે અમેરિકાના રાષ્ટ્રપતિ બની ગયા હોય પરંતુ સાચી સત્તા મસ્કના હાથમાં આવી ગઈ છે. જો કે, સરકાર શટડાઉનના થોડા સમય પહેલા આ બિલ પસાર કરવામાં આવ્યું હતું.મસ્ક તેના ભાઈ-બહેનો સાથે મોટા થયા. તસવીરમાં તેમના માતા મેય સાથે મસ્ક (પાછળ ઊભેલા). ભાઈ કિમ્બલ માતાની બાજુમાં બેઠો છે.

## રેડિએશનના રિપોર્ટમાં ખુલાસો, સાઈપ્રસ-તુર્કેઈ સુધી પહોંચી અસર

# ઈઝરાયલેસીરિયામાંપરમાણુબોંબઝીંક્યો?

(એજન્સી) વોશિંગ્ટન તા 24

ઈઝરાયેલી સંરક્ષણ દળો (IDF) સીરિયાના ટાર્ટસમાં હથિયારોના ડેપો પર હવાઈ હુમલો કર્યો હતો. આ સ્ટ્રાઈકમાં ડેપોમાં રાખવામાં આવેલી સ્કડ મિસાઈલની સુવિધાનો નાશ કરી દીધો હતો. આ વિસ્ફોટ એટલો ખતરનાક હતો કે, કેટલાય કિલોમીટર સુધી આકાશમાં આગના ગોટેગોટા અને ધુમાડાઓ જોવા મળ્યા હતા. 'ઈઝરાયલી યુદ્ધ વિમાનોએ હવાઈ સંરક્ષણ એકમો અને 'સરફેસ-ટુ-સરફેસ મિસાઈલ ડેપો' સહિતની શ્રેણીબદ્ધ સાઈટ્સને નિશાન બનાવીને હડતાલ શરૂ કરી હતી,' યુદ્ધ મોનિટરએ જણાવ્યું હતું. તેણે કહ્યું કે રવિવારનો બોમ્બમારો '2012 માં હડતાલની શરૂઆત પછી સીરિયાના દરિયાકાંઠાના ક્ષેત્રમાં સૌથી ભારે હડતાલ' હતો.

### ઈઝરાયેલે ક્યારેય જાહેર કર્યું નથી કે તેની પાસે પરમાણુ શસ્ત્રો છે

એક મહત્ત્વની વાત એ છે કે, ઈઝરાયેલે ક્યારેય જાહેર કર્યું નથી કે તેની પાસે પરમાણુ શસ્ત્રો છે. તેમજ તેણે ક્યારેય તેનો ઈનકાર પણ નથી કર્યો. પરંતુ તેઓ હંમેશા એવું જરુર કહે છે કે, તેઓ પહેલા પરમાણુ હથિયારોનો ઉપયોગ નહીં કરે. ઈઝરાયેલ પાસે કેટલા પરમાણુ શસ્ત્રો છે તે અંગે ક્યાંય પણ સત્તાવાર માહિતી નથી.



### 20 કલાક પછી રેડિયેશનનું પ્રમાણ વધ્યું

યુરોપિયન યુનિયનના રેડિયોએક્ટિવ એન્વાયર્નમેન્ટલ મોનિટરિંગને તુર્કી અને સાયપ્રસમાં વિસ્ફોટના 20 કલાક પછી રેડિયેશનનું પ્રમાણ વધી ગયું છે. કારણ કે ટાર્ટસથી જે હવા પશ્ચિમ તરફ જઈ રહી છે, તેની સાથે રેડિયેશન પણ સાયપ્રસ અને દક્ષિણ તુર્કેઈ સુધી પહોંચી રહ્યા છે.

### શું ઈઝરાયેલ પાસે પરમાણુ શસ્ત્રો છે?

પરમાણુ શસ્ત્રો અંગે એવું કહેવામાં આવે છે કે, ઈઝરાયેલ વિશ્વના નવ પરમાણુ શસ્ત્રો ધરાવતા દેશોમાંનો એક છે. તેની પાસે કેટલા પરમાણુ હથિયાર છે, તેની માહિતી જાહેર કરવામાં આવી નથી. પરંતુ એક અંદાજ પ્રમાણે ઓછામાં ઓછા 90 અને વધુમાં વધુ 400 પરમાણુ હથિયારો છે. ઈઝરાયેલ આ પરમાણુ હથિયારો સાથે તેના ફાઈટર જેટ્સ, ડોલ્ફિન ક્લાસ સબમરીન અથવા જેરીકો સીરિઝની મિસાઈલોમાં ફીટ કરાયેલી ક્રૂઝ મિસાઈલો વડે કોઈપણ ટારગેટ પર હુમલો કરી શકે છે.

### વિસ્ફોટનો ભયાનક વિડિયો

વિસ્ફોટ બાદ 3ની તીવ્રતાનો ભૂકંપ પણ આવ્યો હતો. આ ભૂકંપ 820 કિલોમીટર દૂર તુર્કેઈ ઈઝનિક સુધી અનુભવાયો હતો. આ અંગે રશિયન મીડિયા સંસ્થા સ્પુટનિકે કહ્યું હતું કે, ઈઝરાયેલે નવી મિસાઈલ વડે યુદ્ધ જહાજને ટારગેટ બનાવ્યું છે. પરંતુ કેટલાક લોકોનું માનવું હતું કે, અહીં અમેરિકા દ્વારા વિકસિત B61 પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# સિરિયાના પૂર્વ રાષ્ટ્રપતિની પત્નીએ તલાક માટે અરજી કરી

## રશિયામાં તેમની સાથે રહેવાથી ખુશ નથી; અસદ 8 ડિસેમ્બરથી મોસ્કોમાં છે



(એજન્સી) સિરિયા તા 24

સિરિયાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદની પત્ની અસ્મા અલ-અસદે છૂટાછેડા માટે અરજી કરી છે. ઈઝરાયલના અખબાર જેરુસલેમ પોસ્ટ અનુસાર, સિરિયામાં સત્તા પરથી હટાવવામાં આવેલી અસ્મા રશિયામાં રહીને ખુશ નથી. તે બ્રિટન જવાની યોજના બનાવી રહી છે. અસ્માએ રશિયાની કોર્ટમાં પણ દેશ છોડવા માટે અરજી કરી છે.

અસ્માએ ડિસેમ્બર 2000માં અસદ સાથે લગ્ન કર્યા હતા. તેની પાસે બ્રિટન અને સિરિયાની બેવડી નાગરિકતા છે. અસ્માનો જન્મ લંડનમાં 1975માં સિરિયન માતા-પિતાને ત્યાં થયો હતો. અસ્માએ કિંગ્સ કોલેજ, લંડનમાંથી કોમ્પ્યુટર સાયન્સ અને ફ્રેન્ચ સાહિત્યમાં ડિગ્રી મેળવી છે.જેરુસલેમ પોસ્ટ અનુસાર, બશર અલ-અસદ અને તેનો પરિવાર મોસ્કોમાં રહે છે. રશિયાએ તેમને આશ્રય આપ્યો છે, પરંતુ તેઓ કડક પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે. અસદને મોસ્કો છોડવા અથવા કોઈપણ રાજકીય પ્રવૃત્તિમાં સામેલ થવા પર પ્રતિબંધ છે. અહેવાલો અનુસાર, રશિયન સત્તાવાળાઓએ અસદની સંપત્તિ પણ જપ્ત કરી લીધી છે. જેમાં 270 કિલો સોનું, 2 બિલિયન ડોલર રોકડ અને મોસ્કોમાં 18 એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. તુર્કી મીડિયાના અહેવાલ મુજબ અસદ રશિયા છોડીને બ્રિટન જવાની પણ યોજના બનાવી રહ્યા છે.

# NRI હોવાના ફાયદા અને નુકશાન શું છે ? જાણો એક ક્લિકમાં

## વિદેશમાં સારી શિક્ષણ અને આરોગ્ય સેવાઓનો લાભ મળે છે.



અમેરિકા તા 24

જો કોઈ વ્યક્તિ પાછલા નાણાકીય વર્ષમાં 182 દિવસથી વધુ ભારતમાં ન રહ્યો હોય તો તે NRI છે. આ લોકો મોટાભાગે અભ્યાસ, નોકરી, વ્યવસાય અથવા અન્ય કારણોસર વિદેશમાં રહે છે. ત્યારે આ લેખમાં NRI હોવાના ફાયદા અને નુકશાન શું છે તેના વિશે જાણીશું. NRI (બિન-નિવાસી ભારતીય) એટલે એક ભારતીય નાગરિક કે જે ભારતની બહાર અન્ય કોઈ દેશમાં 182 દિવસ કે તેથી વધુ સમય માટે રહે છે. આ લોકો મોટાભાગે અભ્યાસ, નોકરી, વ્યવસાય અથવા અન્ય કારણોસર વિદેશમાં રહે છે. ત્યારે આ લેખમાં NRI હોવાના ફાયદા અને નુકશાન શું છે તેના વિશે જાણીશું. NRI હોવાના ફાયદા NRI હોવાના ઘણા ફાયદા છે.

### NRI હોવાના ગેરફાયદા

NRI હોવાના ઘણા ફાયદાઓ છે, તો તેના કેટલાક ગેરફાયદા પણ છે, જે વ્યક્તિગત, સામાજિક અને કાનૂની સ્તરે પડકારો ઊભી કરી શકે છે. NRI ને નિયમિત નિવાસીઓ કરતા ઓછા સરકારી લાભો મળે છે. NRIએ તેમના દેશમાં નાગરિકતા મેળવવા માટે સખત પ્રક્રિયાઓનું પાલન કરવું પડે છે. દેશમાં કમાયેલા નાણાં NRE ખાતામાં જમા કરી શકાતા નથી.વિદેશી જીવનશૈલી અને સંસ્કૃતિને અનુકૂલન કરવામાં મુશ્કેલી આવી શકે છે, જેનાથી વ્યક્તિ એકલતા અનુભવે છે.

# અમેરિકા ભારતનો શ્રેષ્ઠ હિતેચ્છુ અને વ્યૂહાત્મક રાજનીતિક સાથીદાર સાબિત થશે : યોગી

(એજન્સી) અમેરિકા તા 24

ભારતીય સમુદાય ટ્રમ્પ શાસનના વિશ્વસનીય ભાગીદાર અનેક ભારતીયોનું રાજકીય મહત્વ અને કદ વધતા મહત્વના સરકારી વિભાગોમાં રાજકીય પદ મળી શકે છે. જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં ડોનાલ્ડ ટ્રમ્પ શપથ લેશે. જેઓ હાલમાં માદરે વતનની મુલાકાતે છે. ભારતીય સમુદાય ટ્રમ્પ શાસનના વિશ્વસનીય ભાગીદાર અનેક ભારતીયોનું રાજકીય મહત્વ અને કદ વધતા મહત્વના સરકારી વિભાગોમાં રાજકીય પદ મળી શકે છે. જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં ડોનાલ્ડ ટ્રમ્પ શપથ લેશે ત્યારે અમેરિકન ભારતીય અને ખાસ કરીને ગુજરાતી જોવા મળ્યો છે. ભારત સાથેના રાજદ્વારી અને વ્યાપારિક સંબંધો બાબતે મોદી - ટ્રમ્પની નીતિ સ્પષ્ટ અને ખુલ્લી છે.

# ટ્રમ્પે પનામા કેનાલ છીનવી લેવાની ધમકી આપી ચીનનો પ્રભાવ વધારવાનો આરોપ લગાવ્યો

## પનામાના રાષ્ટ્રપતિએ ઠપકો આપ્યો, કહ્યું- સ્વતંત્રતા પર કોઈ સમજૂતી નહીં

(એજન્સી) વોશિંગ્ટન તા 24

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે પનામા કેનાલને ફરીથી અમેરિકન નિયંત્રણ હેઠળ લેવાની ધમકી આપી હતી. આ નહેર કેરેબિયન દેશ પનામાનો ભાગ છે. 1999 સુધી આ નહેર પર અમેરિકાનું નિયંત્રણ હતું.

ટ્રમ્પે કહ્યું કે, આ નહેરનો ઉપયોગ કરવા માટે પનામા અમેરિકા કરતાં વધુ ચાર્જ લઈ રહ્યું છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ચીન નહેર પર પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે. અમેરિકી રાજ્ય એરિઝોનામાં સમર્થકોની એક રેલીને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, તેઓ નહેરને ખોટા હાથમાં જવા દેશે નહીં. રેલી પછી ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર AI જનરેટેડ ફોટો પણ પોસ્ટ કર્યો. આ તસવીરમાં અમેરિકાનો ધ્વજ પનામા કેનાલની વચ્ચે લટકતો જોવા મળે છે. તસવીરના કેપ્શનમાં ટ્રમ્પે લખ્યું હતું કે, 'વેલકમ ટૂ ધ યૂનાઈટેડ સ્ટેટ્સ કેનાલ. તેનો અર્થ છે સંયુક્ત રાજ્યની કેનાલ પર આપનું સ્વાગત છે.પનામાનિયાના રાષ્ટ્રપતિ જોસ રાઉલ મુલિનોએ ટ્રમ્પને તેમની ધમકી પર સખત ઠપકો આપ્યો છે. મુલિનોએ રવિવારે એક રેકોર્ડેડ સંદેશમાં કહ્યું હતું કે, પનામાની સ્વતંત્રતા સાથે સમાધાન કરવામાં આવશે નહીં. તેના પર ચીનનું કોઈ નિયંત્રણ નથી.

## હત્યા બાદ પ્રથમ વખત કબૂલ કર્યું; જુલાઈમાં ઈરાનમાં બોમ્બ બ્લાસ્ટમાં હાનિયા માર્યો ગયો હતો

# ઈઝરાયલે કહ્યું- અમે હમાસ ચીફ હાનિયાને ઉડાવી દીધો

(એજન્સી) તેલ અવીવ તા 24

ઈઝરાયલે પહેલીવાર સ્વીકાર્યું છે કે તેણે હમાસના પૂર્વ ચીફ હાનિયાની હત્યા કરી હતી. ઈઝરાયલના રક્ષા મંત્રી કાત્ઝે સોમવારે એક નિવેદન દરમિયાન આની પુષ્ટિ કરી હતી. હુથી વિદ્રોહીઓના હુમલા અંગેના નિવેદનમાં રક્ષા મંત્રી ઈઝરાયલ કાત્ઝે કહ્યું કે જેમ અમે હાનિયા અને સિનવારને મારી નાખ્યા છે તેવી જ રીતે અમે હુથીઓને પણ મારીશું. તે બોમ્બ બે મહિના પહેલા છુપાવીને તેહરાન ગેસ્ટ હાઉસમાં લગાવવામાં આવ્યો હતો જ્યાં હાનિયા રહેતો હતો. હાનિયાના આવવાની પુષ્ટિ થતાં જ, કેટલાક બહારના વિસ્તારમાંથી રિમોટ દ્વારા વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. આ વર્ષે 31 જુલાઈના રોજ ઈરાનની રાજધાની તેહરાનમાં હાનિયાની હત્યા કરવામાં આવી હતી. તેઓ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝાશકિયાનના શપથ ગ્રહણમાં ભાગ લેવા તેહરાન પહોંચ્યા હતા. શપથ ગ્રહણ દરમિયાન હાનિયા ઈરાનના અધિકારીઓને મળતા દેખાયો હતો.

### તે 2017થી હમાસના મુખ્ય રાજકીય નેતા બન્યો હતો



### ન્યૂયોર્ક ટાઈમ્સે તેના અહેવાલમાં દાવો કર્યો હતો

ઈઝરાયલે હાનિયાને તેના મૃત્યુના લગભગ બે મહિના પહેલા મારી નાખવાનો પ્લાન ઘડ્યો હતો. અમેરિકન મીડિયા હાઉસ ન્યૂયોર્ક ટાઈમ્સે 2 ઈરાની સહિત મધ્ય પૂર્વના 7 અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી હતી. રિપોર્ટ અનુસાર, હાનિયાનું મોત બોમ્બ બ્લાસ્ટમાં થયું હતું. તે બોમ્બ બે મહિના પહેલા છુપાવીને તેહરાન ગેસ્ટ હાઉસમાં લગાવવામાં આવ્યો હતો જ્યાં હાનિયા રહેતો હતો. હાનિયાના આવવાની પુષ્ટિ થતાં જ, કેટલાક બહારના વિસ્તારમાંથી રિમોટ દ્વારા વિસ્ફોટ કરવામાં આવ્યો હતો.હાનિયા બોમ્બ વિસ્ફોટમાં માર્યો ગયો હતો. કતારની રાજધાની દોહામાં 2 ઓગસ્ટે હાનિયાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

### હુથી બળવાખોરોએ ગંભીર પરિણામોની ધમકી આપી હતી

રક્ષા મંત્રી કાત્ઝે હુથી બળવાખોરોને ઈઝરાયલ પર હુમલો કરવા માટે ભયંકર પરિણામોની ધમકી આપી હતી. કાત્ઝે કહ્યું કે અમે હમાસને હરાવ્યું છે, અમે હિઝબુલ્લાહને હરાવ્યું છે, તેવી જ રીતે અમે હુથી બળવાખોરોને પણ હરાવીશું. કાત્ઝે હુથિઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઉડાવી દેવાની અને તેમના નેતાઓના માથા વાઢી નાખવાની પણ ધમકી આપી હતી. હુતી વિદ્રોહીઓ છેલ્લા એક વર્ષથી ઈઝરાયલ પર રોકેટ અને મિસાઈલ હુમલાઓ કરી રહ્યા છે. આ સિવાય લાલ સમુદ્રમાં ઈઝરાયલના માલવાહક જહાજોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

### ઈરાને કહ્યું હતું કે મિસાઈલ હુમલામાં હાનિયા માર્યો ગયો હતો

જો કે, ઘણા મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે હાનિયા બોમ્બ વિસ્ફોટમાં માર્યો ગયો હતો. કતારની રાજધાની દોહામાં 2 ઓગસ્ટે હાનિયાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. હાનિયા હમાસનો રાજકીય વડો હતા. તે 2017થી હમાસના મુખ્ય રાજકીય નેતા બન્યો હતો. દાવો-હત્યાનું પ્લાનિંગ 2 મહિના પહેલા કરવામાં આવ્યું હતું શપથ ગ્રહણ દરમિયાન હાનિયા ઈરાનના અધિકારીઓને મળતા દેખાયો હતો.

# અટલજીને શ્રદ્ધાંજલિ, તે રાજનેતા જેમણે પોતાના વિઝન અને સંકલ્પથી ભારતને આકાર આપ્યો

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી

આજે 25 ડિસેમ્બર આપણા સૌ માટે ખૂબ જ ખાસ દિવસ છે. આપણું રાષ્ટ્ર આપણા પ્રિય પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીજીની 100મી જન્મ જયંતિની ઉજવણી કરી રહ્યું છે. તેઓ એક એવા રાજનેતા તરીકે ઓળખાય છે જેઓ અગણિત લોકોને પ્રેરિત કરતા રહે છે.

આપણો દેશ 21મી સદીમાં ભારતના પરિવર્તનના શિલ્પકાર તરીકે અટલજીનો હંમેશા આભારી રહેશે. જ્યારે તેમણે 1998માં પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા ત્યારે આપણો દેશ રાજકીય અસ્થિરતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યો હતો. લગભગ 9 વર્ષમાં આપણે 4 લોકસભા ચૂંટણી જોઈ હતી. ભારતના લોકો અધીરા થઈ રહ્યા હતા અને સરકારની કામ કરવાની ક્ષમતા પર શંકા હતી. આ અટલજી જ હતા જેમણે સ્થિર અને અસરકારક શાસન પ્રદાન કરીને આ સ્થિતિને બદલી નાખી હતી. સાધારણ પૃષ્ઠભૂમિમાંથી આવવાને કારણે, તેમણે સામાન્ય નાગરિકના સંઘર્ષ અને અસરકારક શાસનની પરિવર્તનશીલ શક્તિનો અહેસાસ કર્યો.

આપણે આપણી આસપાસના ઘણા ક્ષેત્રોમાં અટલજીના નેતૃત્વની લાંબા ગાળાની અસર જોઈ શકીએ છીએ. તેમના યુગે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ટેલિકોમ અને સંચારની દુનિયામાં એક વિશાળ છલાંગ લગાવી હતી. આપણા જેવા રાષ્ટ્ર માટે આ ખાસ કરીને મહત્વપૂર્ણ હતું, જેને ઘણી જ ઉર્જાવાન યુવા શક્તિના પણ આશીર્વાદ મળ્યા. અટલજીના નેતૃત્વમાં એનડીએ સરકારે સામાન્ય નાગરિકો માટે ટેક્નોલોજી સુલભ બનાવવાનો પ્રથમ ગંભીર પ્રયાસ કર્યો હતો. સાથે જ ભારતને જોડવામાં દૂરદર્શિતા પણ દેખાઈ હતી. આજે પણ મોટાભાગના લોકો સુવર્ણ ચતુર્ભુજ પ્રોજેક્ટને યાદ કરે છે, જે ભારતના ખૂણે ખૂણાને જોડે છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના જેવી પહેલ દ્વારા સ્થાનિક કનેક્ટિવિટી વધારવાના વાજપેયી સરકારના પ્રયાસો પણ એટલા જ નોંધપાત્ર હતા. તેવી જ રીતે, તેમની સરકારે દિલ્હી મેટ્રો માટે વ્યાપક કામ કરીને મેટ્રો કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપ્યું, જે એક વિશ્વ-કક્ષાના માળખાકીય પ્રોજેક્ટ તરીકે ઉભરી આવ્યો છે. આમ, વાજપેયી સરકારે માત્ર આર્થિક વિકાસને જ નહીં પરંતુ દૂરના પ્રદેશોને પણ નજીક લાવ્યા, એકતા અને એકીકરણને પ્રોત્સાહન આપ્યું હતું.

જ્યારે સામાજિક ક્ષેત્રની વાત આવે છે, ત્યારે સર્વ શિક્ષા અભિયાન જેવી પહેલ દર્શાવે છે કે કેવી રીતે અટલજીએ એવા ભારતનું નિર્માણ કરવાનું સપનું જોયું હતું જ્યાં સમગ્ર દેશમાં, ખાસ કરીને ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે આધુનિક શિક્ષણ સુલભ હોય. સાથે જ તેમની સરકારે ઘણા આર્થિક સુધારાઓની અધ્યક્ષતા કરી હતી જેણે આર્થિક ઉછાળા માટેનો મંચ તૈયાર કર્યો. એ પૂર્વે ઘણાં દાયકાઓ સુધી એવી આર્થિક નીતિઓનું પાલન થયું જેણે ક્રોનિઝમ અને નિષ્ક્રિયતાને પ્રોત્સાહન આપ્યું હતું.



વાજપેયીજીના નેતૃત્વનું એક અદ્ભુત ઉદાહરણ 1998ના ઉનાળામાં જોઈ શકાય છે. તેમની સરકારે હજુ કાર્યભાર સંભાળ્યો જ હતો અને 11મી મેના રોજ ભારતે પોખરણ પરીક્ષણો હાથ ધર્યા હતા, જેને ઓપરેશન શક્તિ તરીકે ઓળખવામાં આવે છે. આ પરીક્ષણો ભારતના વૈજ્ઞાનિક સમુદાયની શક્તિનું ઉદાહરણ આપે છે. વિશ્વ આશ્ચર્યચકિત હતું કે ભારતે પરીક્ષણો કર્યા અને કોઈ સંદેહ રાખ્યા વગર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. કોઈ પણ સામાન્ય નેતા હોત તો ડરી જાત, પરંતુ અટલજી અલગ હતા. અને શું થયું? ભારત મક્કમ અને દ્રઢ રહ્યું અને સરકારે બે દિવસ પછી 13 મેનાં રોજ ફરીથી પરીક્ષણ કરવાનું આહ્વાન કર્યું. જો 11 મેના પરીક્ષણોએ વૈજ્ઞાનિક કૌશલ દેખાડ્યું, તો 13 મેના પરીક્ષણોએ સાચા નેતૃત્વનો પરિચય આપ્યો. તે વિશ્વને એક સંદેશ હતો કે તે દિવસો ગયા જ્યારે ભારત ધમકીઓ અથવા દબાણ હેઠળ ઝૂકી જતું હતું. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો સામનો કરવા છતાં, વાજપેયીજીની તત્કાલીન એનડીએ સરકાર મક્કમ રહી, અને પોતાની સંપ્રભુતાની રક્ષા માટેના ભારતના અધિકારને સ્પષ્ટ કરતાની સાથે સાથે વિશ્વ શાંતિના સૌથી પ્રબળ સમર્થક પણ રહ્યાં હતા.

અટલજી ભારતીય લોકશાહીને સમજતા હતા અને તેને મજબૂત બનાવવાની જરૂરિયાત પણ સમજતા હતા. અટલજીએ એનડીએના નિર્માણની અધ્યક્ષતા કરી હતી, જેણે ભારતીય રાજકારણમાં ગઠબંધનને ફરીથી પરિભાષિત કર્યું હતું. તેઓ લોકોને સાથે લાવ્યા અને એનડીએને વિકાસ, રાષ્ટ્રીય પ્રગતિ અને પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓ માટે એક બળ બનાવ્યું. તેમની સંસદીય પ્રતિભા તેમના સમગ્ર રાજકીય-સફર દરમિયાન જોવા મળી હતી. તેઓ મુઠ્ઠીભર સાંસદો ધરાવતી પાર્ટીમાંથી હતી, પરંતુ તેમના શબ્દો તે સમયની સર્વશક્તિમાન કોંગ્રેસ પાર્ટીની શક્તિને હચમચાવી નાખવા માટે પૂરતા હતા. પ્રધાનમંત્રી તરીકે તેમણે આગવી શૈલી અને સાર્થકતાની સાથે વિપક્ષની નિંદાઓને સફળતાના જવાબ આપ્યા હતા. તેમની કારકિર્દી મોટાભાગે વિપક્ષી બેન્ચ પર જ પસાર થઈ, પરંતુ તેમણે ક્યારેય કોઈ પ્રત્યે કડવાશ ન હતી, ભલે જ પછી કોંગ્રેસ તેમને દેશદ્રોહી કહેવાની હદ સુધી ગઈ હતી.!

તેઓ તકવાદી રીતે સત્તાને વળગી રહેનારાઓમાંથી ન હતા. તેમણે હોર્સ-ટ્રેડિંગ અને ગંદા રાજકારણના માર્ગને અનુસરવાને બદલે 1996માં રાજીનામું આપવાનું પસંદ કર્યું. 1999માં તેમની સરકાર 1 મતથી પરાજય પામી હતી. ઘણા લોકોએ તેમને ત્યારે કહ્યું હતું કે તેઓ તે સમયે ચાલી રહેલા અનૈતિક રાજકારણને પડકારે, પરંતુ તેમણે નિયમોનું પાલન કરવાનું પસંદ કર્યું. અંતે, તેઓ લોકો પાસેથી વધુ એક પ્રચંડ જનાદેશ સાથે પરત ફર્યા હતા. જ્યારે આપણા બંધારણની રક્ષા કરવાની પ્રતિબદ્ધતાની વાત આવે છે, ત્યારે અટલજી સૌથી આગળ ઊભા હોય છે. ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની શહાદતથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. વર્ષો પછી, તેઓ કટોકટી વિરોધી ચળવળના આધારસ્તંભ હતા. કટોકટી પછી 1977ની ચૂંટણીમાં, તેઓ જનતા પાર્ટીમાં પોતાની પાર્ટી (જનસંઘ)નું વિલીનીકરણ કરવા સંમત થયા હતા. મને ખાતરી છે કે તે તેમના માટે અને અન્ય લોકો માટે એક દુઃખદાયક નિર્ણય રહ્યો હશે, પરંતુ બંધારણની રક્ષા કરવી એ તેમના માટે મહત્વનું હતું. અટલજી ભારતીય સંસ્કૃતિમાં કેટલા ઊંડે ઊંડે સુધી સક્રિય હતા તે પણ ઉલ્લેખનીય છે. ભારતના વિદેશ મંત્રી બન્યા પછી, તેઓ સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દીમાં બોલનાર પ્રથમ ભારતીય નેતા બન્યા. આ એક હાવભાવે ભારતની ધરોહર અને ઓળખ માટેનું તેમનું અપાર ગૌરવ દર્શાવ્યું, વૈશ્વિક મંચ પર અમીટ છાપ છોડી હતી.

અટલજીનું વ્યક્તિત્વ ચુંબકીય હતું અને તેમનું જીવન સાહિત્ય અને અભિવ્યક્તિ પ્રત્યેના તેમના પ્રેમથી સમૃદ્ધ હતું. એક પ્રસિદ્ધ લેખક અને કવિ તરીકે તેમણે શબ્દોનો ઉપયોગ પ્રેરણા આપવા, વિચારોને બહાર લાવવા અને ત્યાં સુધી કે સાંત્વના આપવા માટે કર્યો. તેમની કવિતા જે ઘણીવાર તેમના આંતરિક સંઘર્ષ અને રાષ્ટ્ર માટેની આશાઓનું પ્રતિબિંબ પાડે છે, જે તમામ વય જૂથોના લોકો સાથે ગુંજતી રહે છે.

મારા જેવા ઘણા ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તાઓનું આ સૌભાગ્ય છે કે અમને અટલજી જેવી વ્યક્તિ પાસેથી શીખવાનું અને તેમની સાથે વાતચીત કરવાની તક મળી. ભાજપમાં તેમનું યોગદાન આધારભૂત હતું. તે દિવસોમાં કોંગ્રેસના વર્ચસ્વને ખતમ કરવા માટે વૈકલ્પિક નેરેટિવનું નેતૃત્વ કરવું તેમની મહાનતાને દર્શાવે છે. શ્રી લાલકૃષ્ણ અડવાણીજી અને ડૉ. મુરલી મનોહર જોશીજી જેવા દિગ્ગજની સાથે તેમણે પાર્ટીને તેના શરૂઆતના વર્ષોમાં પોષિત કર્યું, પડકારો, અસફળતાઓ અને જીતના માધ્યમથી તેનું માર્ગદર્શન કર્યું.

## અમારી કોઇ ભૂલ નથી, અમે ચૂપ રહેવાનું પસંદ કરીશું : સીઆઇએસએફ

નવી દિલ્હી : સંસદ પરિસરમાં ૧૯ ડિસેમ્બરે એનડીએ અને વિપક્ષના સાંસદોની વચ્ચે થયેલ ધક્કામુક્કી પ્રકરણ પર કેન્દ્રીય ઔદ્યોગિક દળ (સીઆઇએસએફ) તરફથી મોટુ નિવેદન આપવામાં આવ્યું છે. ડીજી શ્રીકાંત કિશોરે દાવો કર્યો છે કે સાંસદોની વચ્ચે થયેલી ઘટના દરમિયાન તેમની તરફથી કોઇ બેદરકારી થઇ નથી. ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ સંસદ પર થયેલા હુમલા પછી હથિયાર લઇ જવાની પરવાનગી નથી. સાંસદોના આરોપ-પ્રત્યારોપ અંગે તેમણે જણાવ્યું છે કે જ્યારે માનનીય સભ્ય આરોપ મૂકે છે કે તો સુરક્ષા દળ ચૂપ રહેવાનું પસંદ કરે છે. ઉલ્લેખનીય છે કે સંસદ પરિસરની સુરક્ષાની જવાબદારી સીઆઇએસએફ સંભાળે છે.

## કોરોના રેમેડીઝે સીએસઆર માટે રૂ. 25 કરોડ ફાળવીને 20મી વર્ષગાંઠની ઊજવણી કરી

(એજન્સી) અમદાવાદ । તા. 24

ભારતની સૌથી ઝડપથી વિકસતી ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓ પૈકીની એક કોરોના રેમેડીઝ લિમિટેડે આગામી પાંચ વર્ષમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) પહેલ માટે રૂ. 25 કરોડની ફાળવણી કરવાની જાહેરાત છે. તેની 20મી વર્ષગાંઠની ઊજવણી દરમિયાન આ મહત્વપૂર્ણ જાહેરાતનો ઉદ્દેશ્ય હેલ્થકેરની એક્સેસ વધારવાનો તથા લાંબા ગાળાની સામાજિક અસર ઊભી કરવાનો છે. “અમે લાખો લોકોની હેલ્થકેર જરૂરિયાતો સંતોષવાના 20 વર્ષની ઊજવણી કરી રહ્યા છીએ ત્યારે અમને સીએસઆર પહેલ માટે રૂ. 25 કરોડની ફાળવણી કરતાં સમાજ કલ્યાણ માટેના અમારા પ્રયાસોને વધુ મજબૂત કરતાં ગર્વની લાગણી થાય છે. અમારું વિઝન અમારી કામગીરીની આસપાસના સમુદાયોમાં અર્થપૂર્ણ પરિવર્તનને પ્રોત્સાહન આપવાનું તથા ગુણવત્તાસભર દવાઓ પૂરી પાડવાનું છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં 20 સ્વૈચ્છિક સંસ્થાઓને તાજેતરમાં કરાયેલો સહયોગ આ દિશામાં નોંધપાત્ર પગલું છે,” તેમ કોરોના રેમેડીઝ લિમિટેડના ચેરપર્સન ડો. કિરીટકુમાર મહેતાએ જણાવ્યું હતું. વર્ષગાંઠની ઊજવણીના ભાગરૂપે કોરોના રેમેડીઝે ગુજરાત અને મહારાષ્ટ્રની 20 સ્વૈચ્છિક સંસ્થાઓને દરેકને નોંધપાત્ર ડોનેશન આપીને ટેકો પૂરો પાડ્યો છે. આ લાભ મેળવનાર સંસ્થાઓમાં અમદાવાદમાં જીવનધારા વૃદ્ધાશ્રમ, મુંબઈમાં માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ



ટ્રસ્ટ અને સુરેન્દ્રનગરમાં પ્રજ્ઞાચક્ષુ માનવ સેવા કુંજનો સમાવેશ થાય છે. આ પહેલ સમુદાય સાથે મજબૂત જોડાણ દ્વારા વધુ ઉજ્જવળ, વધુ સમાન ભવિષ્યને પ્રોત્સાહન આપવામાં કોરોના રેમેડીઝની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

2004માં સ્થપાયેલી કોરોના રેમેડીઝ કાર્ડિયોલોજી, ડાયબેટોલોજી, ન્યૂરોલોજી, પેઇન મેનેજમેન્ટ અને વિમેન્સ હેલ્થકેર વગેરે જેવા થેરાપ્યુટિક એરિયામાં ફેલાયેલી 65થી વધુ બ્રાન્ડ્સ ધરાવતી મજબૂત સંસ્થા બની છે. કંપનીએ અનેક નાણાંકીય સીમાચિહ્નો હાંસલ કર્યા છે. નાણાંકીય વર્ષ 2013માં આવકની બાબતે રૂ. 100 કરોડનો આંક વટાવ્યો હતો અને ફાર્માટ્રિક મેટના મતે નવેમ્બર 2024 સુધીમાં રૂ. 1,322 કરોડે પહોંચી હતી. કોરોના રેમેડીઝ અસરકારક સ્વાસ્થ્ય પહેલ અને પર્યાવરણીય, સામાજિક અને સુશાસન (ઈએસજી) ધોરણોના કડક પાલન દ્વારા સામાજિક કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. કંપનીએ છેલ્લા એક દાયકામાં અસંખ્ય રક્તદાન અભિયાનનું આયોજન કર્યું છે અને 1,350 બ્લડ યુનિટનું યોગદાન આપ્યું છે અને તેના સામુદાયિક પ્રયાસો માટે “ગુજરાતનું ગૌરવ” એવોર્ડ મેળવ્યો છે. તેની કામગીરીમાં કોરોના શૂન્ય કાર્બન ઉત્સર્જન જાળવી રાખે છે અને નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ વધારવા માટે તેની સૌર ક્ષમતાને વિસ્તારી રહી છે. સામાજિક રીતે, તે રમતજગતની ઊભરતી પ્રતિભાઓને સમર્થન આપે છે અને નોંધપાત્ર કમ્યૂનિટી સર્વિસ હાથ ધરીને આરોગ્યની જાગૃતિ વધારે છે. આ પ્રયાસોને સખત પ્રશાસન પગલાં દ્વારા મજબૂત કરવામાં આવે છે જે પ્રોડક્ટની ગુણવત્તા અને પારદર્શકતાને સુનિશ્ચિત કરે છે, જેમાં બનાવટને અટકાવવા માટે અદ્યતન ટ્રેસેબિલિટી ટેક્નોલોજીના ઉપયોગનો સમાવેશ થાય છે. સામૂહિક રીતે, આ પહેલ “સૌના માટે સારું સ્વાસ્થ્ય” અને ટકાઉ કોર્પોરેટ પ્રેક્ટિસ માટે કોરોના રેમેડીઝની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## દેવ ઇન્ફર્મેશન ટેક્નોલોજી લિમિટેડએ સ્થાપના દિવસ પર નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી

(એજન્સી) અમદાવાદ । તા. 24

દેવ ઈન્ફર્મેશન ટેક્નોલોજી લિમિટેડ, (NSE - DEVIT, BSE - 543462), ક્લાઉડ સર્વિસિસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઈઝ એપ્લિકેશન્સ અને મેનેજ્ડ આઈટી સેવાઓ પ્રદાન કરતી વૈશ્વિક આઈટી અને આઈટીઈએસ કંપનીમાંની એક કંપનીએ તેના સ્થાપના દિવસે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે, જે તેની સતત વૃદ્ધિ અને નવીનતાને દર્શાવે છે. ભારત અને કેનેડામાં મજબૂત ઉપસ્થિતિ સાથે અમદાવાદમાં મુખ્ય મથક ધરાવતી, કંપની ક્લાઉડ સર્વિસિસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઈઝ એપ્લીકેશન્સ અને મેનેજ્ડ આઈટી સેવાઓમાં નિષ્ણાત છે, જે વિશ્વભરના વ્યવસાયોને સતત વિકસતા ડિજિટલ લેન્ડસ્કેપમાં આગળ વધવામાં મદદ કરે છે. ક્લાઉડ બિઝનેસ યુનિટે ત્રણ મુખ્ય એન્ટરપ્રાઈઝ સોદા પાર પાડ્યા, જે એક મુખ્ય સિદ્ધિને ચિહ્નિત કરે છે. પ્રથમ પ્રોજેક્ટમાં યુએસએમાં હેલ્થકેર ક્લાયન્ટ માટે પાવર બીઆઈમાં 2,300 એસએપી બીઓ રિપોર્ટ્સ સ્થાનાંતરિત કરવાનો સમાવેશ થાય છે. આ પહેલ ગ્રાહકના વર્તમાન એસએપી બીઓ વાતાવરણનું મૂલ્યાંકન કરવા અને પાવર બીઆઈમાં ભાવિ પરિવર્તન માટે પાયો સુયોજિત કરીને સરળ સ્થળાંતર માટેના એક માર્ગ તૈયાર કરવા માટે શોધ તબક્કા સાથે શરૂ થાય છે. વધુમાં, યુ.એસ.એ.માં ઊર્જા ક્ષેત્રના એક ગ્રાહક દ્વારા પાવર બીઆઈ ડેશબોર્ડ્સ બનાવવા માટે 9-મહિનાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

### સેમિનાર હોલમાંથી ઝપાઝપીના કોઈ પુરાવા નથી મળ્યા

## કોલકાતા રેપ-મર્ડર મામલે ફોરેન્સિક રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

(એજન્સી) કોલકાતા । તા. 24

કોલકાતાના આરજી કર હોસ્પિટલમાં ટ્રેઈની મહિલા ડોક્ટરના રેપ અને હત્યા મામલે નવો ખુલાસો થયો છે. આ ઘટના બાદ ઘટનાસ્થળની ફોરેન્સિક તપાસ કરવામાં આવી હતી. હવે આ તપાસનો રિપોર્ટ CBIને સોંપવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં જે જાણકારી સોંપવામાં આવી છે તે ચોંકાવનારી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, હોસ્પિટલના જે સેમિનાર હોલમાં મહિલા ડોક્ટરની લાશ મળી હતી ત્યાં ઝપાઝપીના કોઈ પુરાવા નથી મળ્યા. એટલે કે ત્યાંથી એવો કોઈ પુરાવો નથી મળ્યો કે, ઘટનાસ્થળ પર આરોપી અને મહિલા ડોક્ટર વચ્ચે કોઈ સંઘર્ષ થયો હતો.




12 પાનાના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સેમિનાર હોલમાં એવા કોઈ પુરાવા મળ્યા નથી, જેથી ખબર પડે કે પીડિતા પર રેપ અને તેની હત્યા કરવામાં આવી હોય. રિપોર્ટના 12મા પેજની છેલ્લી લાઈનમાં લખવામાં આવ્યું છે કે, જ્યાંથી ડોક્ટર યુવતીનો મૃતદેહ મળ્યો હતો ત્યાંથી સંઘર્ષના કોઈ પુરાવા મળ્યા નથી. જે ગાદલા પર મૃતદેહ પડેલો હતો તેના પર કોઈપણ પ્રકારની ઝપાઝપીના કોઈ નિશાન મળ્યા નથી.જેના કારણે ડોક્ટર યુવતીનો રેપ- હત્યા બીજે ક્યાંક થઈ છે કે કેમ તેવા સવાલો ઉઠી રહ્યા છે. માથા અને પેટની નીચે ગાદલા પર લોહીના નિશાન મળી આવ્યા હતા, જેના પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે લાશ બીજે ક્યાંકથી લાવવામાં આવી છે.

CFSLની ટીમે એમ પણ કહ્યું કે, લાકડાના મંચ પર રાખવામાં આવેલા ગાદલા સિવાય ફ્લોરના કોઈપણ ભાગમાં અથવા તેની આસપાસ કોઈ જૈવિક ડાઘ (Biological Stains) જોવા નથી મળ્યો. આ ઉપરાંત વાદળી ચાદરવાળા લાકડાના ટેબલ પર કોઈ જૈવિક ડાઘ નથી મળ્યો. આ ફોરેન્સિક રિપોર્ટ બાદ આરજી કાર હોસ્પિટલમાં ટ્રેઈની ડોક્ટર સાથે રેપ અને હત્યાના કેસનું રહસ્ય વધુ ઘેરાયું છે.

આ રિપોર્ટના પોઈન્ટ 4 અને 5 સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. પોઈન્ટ નંબર 4માં લખ્યું છે કે, ઘટના સ્થળ પર ઝપાઝપીનું કોઈ નિશાન નથી મળ્યું, તો બીજી તરફ પોઈન્ટ નંબર 5માં લખ્યું છે કે, કોઈની પણ નજરમાં આવ્યા વિના આરોપીની ઘટના સ્થળ પર એન્ટર થવાની શક્યતા નહીવત છે. 8-9 ઓગસ્ટના રોજ ટ્રેઈની ડોક્ટર પર રેપ અને હત્યા કરવામાં આવી હતી. આ કેસની તપાસ CBI કરી રહી છે. મુખ્ય આરોપી સંજય રોય પોલીસ કસ્ટડીમાં છે. એજન્સીએ 7 ઓક્ટોબરે જ સ્પેશિયલ CBI કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી છે.

### મહારાષ્ટ્રમાં ફરી ભાજપ ભીંસમાં

## બંગલાની જગ્યાએ ફ્લેટ મળતા શિંદે જૂથના અનેક નેતા નારાજ

(એજન્સી) મુંબઈ । તા. 24

મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસ સરકારના નવા મંત્રીઓને સરકારી મકાનો ફાળવવામાં આવ્યા છે. જેમાં હવે મંત્રીઓને આપવામાં આવેલા સરકારી મકાનને લઈને વિવાદ શરૂ થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શિવસેનાના કેટલાક મંત્રીઓને સરકારી બંગલાના બદલે સરકારી ફ્લેટ ફાળવવામાં આવ્યા છે. જેના કારણે શિવસેના શિંદે જૂથના મંત્રીઓ નારાજ છે.ભાજપના ટોચના મંત્રીઓને પોશ સરકારી બંગલા ફાળવવામાં આવ્યા છે, જ્યારે શિવસેનાના કેટલાક કેબિનેટ મંત્રીઓને ફ્લેટ આપવામાં આવ્યા છે. બંને પક્ષના મંત્રીઓને



આપવામાં આવેલા ફ્લેટની યાદી બહાર આવી છે. આ યાદી સરકારના આદેશ મુજબ છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શનિવારે સાંજે વિભાગોના વિભાજનની જાહેરાત કરી હતી. જેમાં ફડણવીસે ગૃહ મંત્રાલય પોતાની પાસે રાખ્યું છે. ડેપ્યુટી સીએમ અજિત પવારને નાણા વિભાગ, જ્યારે એકનાથ શિંદેને શહેરી વિકાસ વિભાગ આપવામાં આવ્યો હતો.

## લખનઉમાં 42 બેંક લોકર તોડ્યા, 48 કલાકમાં બે બદમાશોનું એન્કાઉન્ટર

(એજન્સી) લખનઉ । તા. 24

લખનઉના ગોમતીનગરમાં સ્થિત ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં થયેલી ચોરી મામલે બે બદમાશોનું એન્કાઉન્ટર કરી દેવામાં આવ્યું છે. એક બદમાશનું ગાઝીપુરમાં તો બીજાનું લખનઉમાં એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. આ બંને બદમાશોનું એન્કાઉન્ટરમાં મોત થઈ ગયું છે. ગાઝીપુરમાં બિહારના નિવાસી બદમાશ સન્નીદયાળનું મંગળવારે સવારે એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. બીજા બદમાશ સોબિંદ કુમારનું મોડી રાત્રે એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. તે રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. પરંતુ આજે સવારે તેનું પણ મૃત્યુ થઈ ગયું છે. આ બંને બદમાશો પર 25 હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ચોરીની આ ઘટનાને 7 ચોરોએ અંજામ આપ્યો હતો. તેમાંથી હવે બે ના મોત થઈ ગયા છે. પોલીસની આગળની કાર્યવાહી ચાલું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બારા ચોકીના ઈન્ચાર્જે ચેકિંગ દરમિયાન બે મોટરસાઈકલ સવાર શંકાસ્પદોને અટકાવ્યા હતા. બંને ગભરાઈને બિહાર બોર્ડર તરફ ભાગવા લાગ્યા હતા. ત્યારબાદ તેનું પોલીસ સાથે એન્કાઉન્ટર થઈ ગયુ હતું. જ્યારે પોલીસે તેમનો પીછો કર્યો તો બદમાશોએ ફાયરિંગ શરૂ કરી દીધું. પોલીસે પણ જવાબી કાર્યવાહીમાં ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં એક બદમાશને ગોળી લાગી, જેના કારણે તે ઢળી પડ્યો હતો. બીજો બદમાશ અંધારાનો ફાયદો ઉઠાવી ભાગી ગયો હતો. ઘાયલ બદમાશની ઓળખ સન્નીદયાલ તરીકે થઈ છે. તેની પાસેથી એક પિસ્તોલ, જીવતા કારતૂસ, બેંકમાંથી ચોરી કરાયેલા કેટલાક દાગીના અને 35500 રૂપિયા રોકડા મળી આવ્યા હતા. ઘાયલ બદમાશને CHC ભદૌરા લઈ જવામાં આવ્યો હતો. પરંતુ તેની ગંભીર હાલતને જોતા તેને ગાઝીપુર જિલ્લા હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. અહીં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બદમાશ બિહારના મુંગેરનો રહેવાસી હતો.22 ડિસેમ્બરના રોજ ઈન્ડિયન ઓવરસીઝ બેંકની ચિનહટ બ્રાન્ચમાંથી ચોરો કરોડોની કિંમતના ઘરેણાં અને અન્ય વસ્તુઓની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. ચોર 2 કલાક સુધી બેંકમાં રહ્યા હતા. ચાર ચોરોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો.

## સિટિકેમ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ 27 ડિસેમ્બર, 2024ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ । તા. 24

સિટિકેમ ઈન્ડિયા લિમિટેડ ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક કેમિકલ્સ, જથ્થાબંધ દવાઓ અને ફૂડ કેમિકલ્સના ખરીદ, સપ્લાય અને ડિસ્ટ્રિબ્યુશનમાં નિષ્ણાત છે, તેણે 27 ડિસેમ્બર, 2024ના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ) ખોલવાની પ્રસ્તાવ મૂક્યો કરે છે. કંપની 18,00,000 ઈક્વિટી શેરના નવા ઈશ્યુ થકી 12.60 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે, જે બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થશે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ મિલકતના સંપાદન, ટ્રાન્સપોર્ટેશન વ્હીકલ્સ અને એસેસરીઝની ખરીદી, સામાન્ય કોર્પોરેટ હેતુઓ અને ઈશ્યુ ખર્ચ માટેના મૂડી ખર્ચ માટે કરવામાં આવશે. પબ્લિક બિડિંગ માટે ઈશ્યુ 27 ડિસેમ્બર, 2024ના રોજ ખુલશે અને 31 ડિસેમ્બર, 2024ના રોજ બંધ થશે. ઈશ્યુના લીડ મેનેજર હોરાઈઝન મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ છે, જ્યારે ઈશ્યુના રજિસ્ટ્રાર કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ છે. સિટિકેમ ઈન્ડિયા લિમિટેડના પ્રમોટર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી આરિફ ઈસ્માઈલ મર્ચન્ટે જણાવ્યું, ‘કેમિકલ અને ફાર્માસ્યુટિકલ સપ્લાય ચેઈનમાં અમારી 25 વર્ષથી વધુની સફર ગુણવત્તા, વિશ્વસનીયતા અને ગ્રાહક-કેન્દ્રિત ઉકેલો પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવી છે. સોર્સિંગ, ખરીદ અને લોજિસ્ટિક્સમાં અમારી કુશળતાનો ઉપયોગ કરીને, અમે ફાર્માસ્યુટિકલ્સ, ફૂડ, એડહેસિવ્સ વગેરે સહિતના ઉદ્યોગોની વિશાળ શ્રેણીમાં શ્રેષ્ઠતા પ્રદાન કરવા માટે પ્રતિષ્ઠા બનાવી છે. વધતી જતી માંગને પૂરી કરવા અને અમારા ઉત્પાદન પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ લાવવા માટે, અમે અમારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે વ્યૂહાત્મક પગલાં લઈ રહ્યા છીએ.

## બેંગલુરુમાં એન્જિનિયરે ડિજિટલ એરેસ્ટમાં રૂ. 12 કરોડ ગુમાવ્યા

બેંગલુરુ : છેલ્લા કેટલાક સમયથી ડિજિટલ એરેસ્ટથી જોડાયેલી અનેક છેતરપિંડી સામે આવી રહી છે. છેતરપિંડી કરનારાઓથી બચવા માટે સરકાર દ્વારા મોબાઈલ પર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આમ છતાં છતરપિંડી બંધ થઈ રહી નથી. બેંગાલુરુમાં એક સોફ્ટવેર એન્જિનિયર ડિજિટલ એરેસ્ટનો શિકાર થઈ ગયો છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર ૩૯ વર્ષીય પીડિત સાથે નકલી પોલીસ બનીને છેતરપિંડી કરનારાઓએ સુપ્રીમ કોર્ટનો ડર બતાવી ૧૧.૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.મની લોન્ડરિંગ માટે બેંક ખાતું ખોલવા માટે તેના આધાર કાર્ડનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**સાઇડિંગ સુવિધાઓનું બાંધકામ અને અન્ય સંબંધિત કામ**

**ઇ-ટેન્ડર સૂચના નં : DRM BRC 108 વર્ષ 2024-25** નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી વિભાગીય રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવ્યા છે. ટેન્ડર નં : DRM BRC 108 વર્ષ 2024-25 **કાર્યનું નામ** : વડોદરા વિભાગના અંકલેશ્વર, કપડવંજ, કુંડેલા અને કંજરી બોરીયાવી ખાતે હેવી ડ્યુટી ટ્રેક મશીનો માટે સાઈડિંગ સુવિધાઓનું બાંધકામ અને અન્ય સંબંધિત કામો. **કામની અંદાજિત કિંમત (રૂપિયામાં)** : ₹3,83,52,323.73**બિડ સિક્યોરિટી જમા કરાવવાની છે (રૂપિયામાં)** : ₹3,41,800.00 **ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર 13.01.2025 ના રોજ 15.00 કલાક પહેલા જમા કરવાનું રહેશે, અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું રહેશે. **વેબસાઇટ વિગતો અને સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે** : ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર વડોદરા-4 વેબસાઇટ www.ireps.gov.in 257

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**ફર્નિશિંગ પ્રવૃત્તિઓ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા વર્કશોપ, પશ્ચિમ રેલવે વતી નીચેની કામગીરી માટે ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. **ઇ-ટેન્ડર નં** : BVPW-2024-25-Fumish-29 **કાર્યનું નામ** : ભાવનગર વર્કશોપમાં POH દરમિયાન નોન-AC ICF/LHB કોચના PVCને સ્ટ્રીપિંગ અને પાથરવા સહિતની ફર્નિશિંગ પ્રવૃત્તિઓ 3 વર્ષના કાર્યક્ષેત્ર મુજબ. **કામની અંદાજિત કિંમત** : ₹2,10,81,481.63/- **કમાણી** : ₹2,55,400/- **ટેન્ડર દસ્તાવેજ ફી** : ₹00.00 **ટેન્ડર ઓફરની માન્યતા** : 60 દિવસ **કાર્ય પૂર્ણ કરવાની અવધિ** : સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી 36 મહિના. **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય** : 10/01/2025 ના 10:30 કલાકે **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય** : 10/01/2025 ના 11:00 કલાકે **રજૂકર્તા** : ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજર ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પારા, પશ્ચિમ રેલવે **ઈમેલ** : dycmews@bvp.railnet.gov.in **અગત્યની નોંધ** : https://www.ireps.gov.in પર ટેન્ડર માત્ર ઈલેક્ટ્રોનિક રીતે સબમિટ કરવામાં આવશે અને આ ઈ-ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ દરખાસ્તને મંજૂરી આપવામાં આવશે નહીં અને આ ઓફિસમાં મળેલી કોઈપણ મેન્યુઅલ દરખાસ્તને અવગણવામાં આવશે નહીં અને ખોલવામાં આવશે નહીં. 159

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કાર્યો**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર, વેસ્ટર્ન રેલવે, ચર્ચગેટ **ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નંબર:- W641-22-24-02, તારીખ:-/18-12-2024 આમંત્રિત કરે છે. વર્ણન ટેન્ડર:-** ટેમ્પિંગ યુનિટના નવા સેટની વોરંટી સમયગાળા દરમિયાન સપ્લાય, એસેમ્બલિંગ, ફિક્સિંગ, કમિશનિંગ અને જાળવણી અને સીઆરસીસીના રિલિઝ થયેલા ટેમ્પિંગ બેંકોના એકમોના રિકન્ડિશનિંગ ઓવરહોલિંગ OCTM મશીન બનાવે છે. **કુલ ટેન્ડર મૂલ્ય:-** રૂ: 4,60,62,393.33. **બિડ સિક્યોરિટી મની :-** રૂ: 3,80,300/-. **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ :-** 14-01-2025 એ 11:00 કલાક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. 0859

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**SSE (PWay), PLG વિભાગ હેઠળ PWay નું સમારકામ**

ડિવિઝનલ રેલવે મેનેજર(WA) , વેસ્ટર્ન રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008 આમંત્રિત કરે છે **ઈ-ટેન્ડર નોટિસ નંબર:-BCT/24-25/242, તારીખ:-20-12-2024. કાર્ય અને સ્થાન:-** વિરાર - જોરાવાસન વિભાગ:- 2 વર્ષના સમયગાળા માટે SSE (PWay), PLG વિભાગ હેઠળ PWayનું સમારકામ. **કાર્યનું અંદાજે ખર્ચ:-** રૂ: - 6,32,39,056.87. **ઈએમડી:-** રૂ: 4,66,200/-. **સબમિશન કરવાની તારીખ અને સમય :-** 14-01-2025 એ 15:00 કલાક. **ખુલવાની તારીખ અને સમય :-** 14-01-2025 ના રોજ 15:30 કલાક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0867

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**OHE ફેરફાર કાર્ય**

ADEE(TRD)BL ટેન્ડર નંબર આમંત્રિત કરે છે:- **EL-TRD-W-118-24-25-7-R-1, તારીખ :- 16-12-2024. કામનું નામ:-** મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત વિભાગમાં અમૃત ભારત સ્ટેશન યોજનાના સંબંધમાં વાપી, બારડોલી, બીલીમોરા, ઉમ્બરગાંવ, સંજન, અમલનેર, ધરણગાંવ, ભેસ્તાન અને સચિન સ્ટેશન ખાતે 12M પહોળા FOBના બાંધકામના સંબંધમાં OHE ફેરફારનું કામ. **જાહેરાત કિંમત:-** રૂ: 2,07,69,192/-. **ઈએમડી:-** રૂ: 2,53,900/-. **સબમિટ કરવાની તારીખ અને સમય :-** 17-01-2025 ના રોજ 15:00 કલાક સુધી. **ખુલવાની તારીખ અને સમય :-** 17-01-2025 ના રોજ 15:30 કલાક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ **www.ireps.gov.in**ની મુલાકાત લો. **મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.** 0856

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**તાત્કાલિક સમારકામની કામગીરી**

ડિવિઝનલ રેલવે મેનેજર, વેસ્ટર્ન રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008 આમંત્રિત કરે છે **ઈ-ટેન્ડર નોટિસ નંબર:-BCT/24-25/240,તારીખ:-17-12-2024. કાર્ય અને સ્થાન:-** (1) જોરાવાસણ - સુરત વિભાગ:- વિભાગ SSE-W-BIM હેઠળ સેવા ઈમારતોની સામાન્ય મરામત. (2) જોરાવાસન - સુરત વિભાગ :- SSE-W-BIM વિભાગ હેઠળ મહત્વપૂર્ણ સર્વિસ બિલ્ડિંગ, ક્વાર્ટર્સ, સ્ટીલ સ્ટ્રક્ચર એટલે કે FOB, કવરશેડ, બ્રિજના ભાગોનું પેઈન્ટિંગ. (3)જોરાવાસન - સુરત વિભાગ: વિભાગ SSE-W-BIM વિભાગ હેઠળ હાલના જર્જરિત સ્ટાફ ક્વાર્ટર્સમાં સામાન્ય સમારકામ અને છત લીકેજની સારવાર. (4) જોરાવાસન - સુરત વિભાગ :- SSE-W-BIM ના અધિકારક્ષેત્ર હેઠળની વસાહતોમાં ડ્રેનેજમાં સુધારા. **કાર્યનું અંદાજીત ખર્ચ :** રૂ: 5,47,11,618.54/-. **ઈએમડી:-** રૂ: 4,23,600/- **સબમિશન કરવાની તારીખ અને રકમ :-** 10-01-2025, 15:00 કલાક સુધી. **ખુલવાની તારીખ અને સમય:-** 10-01-2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. **મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.** 0858

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## વડીલોએ GMCની 'અવસર' યોજનાનો લાભ લીધો

ગાંધીનગર | મહાનગરપાલિકા (GMC) દ્વારા વૃદ્ધોના સ્વાસ્થ્યની ચિંતા કરીને એક નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. 17 મી ડિસેમ્બરે મેયર મીરાબેન પટેલના હસ્તે 'અવસર' યોજના - અટલ વૃદ્ધ સહાય આરોગ્ય રથ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારમાં પાંચ આરોગ્ય રથ ઘર આંગણે જઈને 60થી વધુ ઉંમરના સિનિયર સિટિઝનોના આરોગ્યની તપાસ કરી છે. ત્યારે માત્ર એક સપ્તાહમાં આ યોજનાને બહોળો પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધીમાં 1 હજારથી વધુ સિનિયર સિટિઝનો રજિસ્ટ્રેશન પણ કરાવી ચૂક્યા છે.

# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 25 DECEMBER-2024

AHMEDABAD


## આયુષ મેગા સારવાર કેમ્પ, 1800 લોકોએ લાભ લીધો

ગાંધીનગર | દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ખાતે આયુષ મેગા નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો 1800થી વધુ લોકો લાભ લીધો હતો. પ્રધાનમંત્રી દ્વારા આયુષ પદ્ધતિને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવે છે. જેથી વર્ષ 2014થી આયુષ મંત્રાલયની અલગ રચના કરવામાં આવી છે. આયુર્વેદનો મહત્તમ પ્રચાર પ્રસાર થાય અને વધુ લોકો માહિતગાર બને તે હેતુથી જિલ્લા આયુર્વેદ વિભાગ દ્વારા અવારનવાર આયુર્વેદ પ્રચાર પ્રસાર અંગે કાર્યક્રમો યોજાય છે. જે અંતર્ગત દહેગામ ખાતે આયુષ મેગા નિદાન સારવાર કેમ્પનું આયોજન કરાયું હતું.



### 'સુશાસન દિવસ' નિમિત્તે સરકારની ભેટ...યુનિટદીઠ ફ્યૂઅલ સરચાર્જમાં 40 પૈસાનો ઘટાડો, ઓક્ટોબરથી ડિસેમ્બરના વીજવપરાશ પર લાભ

# રાજ્યમાં વીજળી સસ્તી થશે : 100 યુનિટ વીજવપરાશ પર રૂ.40નો ફાયદો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

'સુશાસન દિવસ' નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા ફ્યૂઅલ સરચાર્જમાં 40 પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ઓક્ટોબર 2024થી ડિસેમ્બર 2024માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે, એમ આજે ઊર્જામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું. ઉદાહરણથી સમજીએ તો જો 100 યુનિટનો વપરાશ હોય અને એના પર હાલનો ફ્યૂઅલ સરચાર્જ 2.85 ગણીએ તો એ 285 રૂપિયા થાય છે, પરંતુ હવે એમાં 40 પૈસાનો ઘટાડો થવાથી ફ્યૂઅલ સરચાર્જ 2.45 થાય છે, જેથી 245 ફ્યૂઅલ સરચાર્જ થાય. આમ 100 યુનિટે 40 રૂપિયાની બચત થશે. આ પહેલાં માર્ચ 2024માં ફ્યૂઅલ સરચાર્જમાં 50 પૈસાનો ઘટાડો કર્યો હતો. એ સમયે ફ્યૂઅલ સરચાર્જ 3.35 હતો, જે ઘટીને 2.85 થયો હતો. હવે એમાં પણ 40 પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આમ 9 મહિનામાં 90 પૈસા ફ્યૂઅલ સરચાર્જ ઘટતાં હવે 100 યુનિટ વીજળીએ 90 રૂપિયા બચશે.



### 6 વિસ્તારમાં પેટાવિભાગીય કચેરીઓ મંજૂર કરી

સુશાસનના ભાગરૂપે આજે ગાંધીનગર જિલ્લામાં નાનાચિલોડા અને સરગાસણ, બનાસકાંઠાના થરાદ, અમદાવાદના ઘુમા અને બાકરોલ તેમજ ખેડા જિલ્લામાં પીપલગ ખાતે એમ કુલ 6 નવી પેટાવિભાગીય કચેરી મંજૂર કરવામાં આવી છે, જેમાં અંદાજે 251 જેટલા અધિકારી-કર્મચારીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

### 100 યુનિટ પર રૂ. 50થી 60ની માસિક બચત થશે



ઊર્જામંત્રીએ કનુભાઈ દેસાઈએ દાવો કરતાં કહ્યું હતું કે ઓક્ટોબરથી ડિસેમ્બર 2024ના ગાળામાં આ ફ્યૂઅલ સરચાર્જનો દર રૂ. 2.85થી ઘટાડીને રૂ.2.45 પ્રતિ યુનિટના દરની વસૂલાત કરવામાં આવશે. આ ફ્યૂઅલ સરચાર્જમાં 40 પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે 1.75 કરોડ ગ્રાહકોને ઓક્ટોબરથી ડિસેમ્બર 2024 દરમિયાન કરેલા વીજ વપરાશ ઉપર આશરે રૂ. 1120 કરોડનો લાભ થશે. જે રહેણાક ગ્રાહકો દ્વારા માસિક 100 યુનિટનો વીજ વપરાશ કરવામાં આવે છે, એવા કિસ્સામાં ઉપરોક્ત ફ્યૂઅલ સરચાર્જના ઘટાડાને પરિણામે અંદાજે રૂ. 50થી 60ની માસિક બચત થશે.

**ગ્રાહકોને પ્રતિ યુનિટ 40 પૈસાનો લાભ થશે :** રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓએ ચાલુ વર્ષ દરમિયાન અસરકારક રીતે ફ્યૂઅલ સરચાર્જનો દર જાળવી રાખ્યો છે. વધુમાં, ચાલુ નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન અને સ્થિર વીજ ખરીદના દરને ધ્યાને લઈ, રાજ્ય સરકાર દ્વારા ગ્રાહકોના વિશાળ હિતમાં ફ્યૂઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ 40 પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જે મુજબ તા. 1/10/2024થી પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળા દરમિયાન કરેલા વીજ વપરાશ પર ગ્રાહકોને પ્રતિ યુનિટ 40 પૈસાનો લાભ થશે.

### હાલ 18,95,744 જેટલા ખેડૂતોને મળે છે દિવસે વીજળી

ઊર્જામંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના કુલ 18,225 ગામ પૈકી 17,193 ગામમાં 20,51,145 જેટલા ખેતીવાડી વીજ જોડાણો કરવામાં આવ્યાં છે, જે પૈકી 16,561 ગામના 18,95,744 જેટલા ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

# ઇસ્કોન મંદિરમાં યુવાન દીકરીઓના બ્રેઇન વોશનો નિવૃત્ત આર્મીમેનનો આક્ષેપ

### પિતાએ દીકરીને ગોંધી રખાઈ હોવાનો આક્ષેપ સાથે હાઇકોર્ટમાં હેબિયસ કૉર્પસ દાખલ કરી



(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના મેઘાણીનગરમાં રહેતા એક નિવૃત્ત આર્મીમેને હાઇકોર્ટમાં એડવોકેટ ધર્મેશ ગુર્જર મારફત હેબિયસ કૉર્પસ પિટિશન દાખલ કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તેમને બે દીકરા અને એક પુખ્ત વયની દીકરી છે. દીકરીને ભક્તિભાવમાં રસ હોવાથી તે અમદાવાદના એસ.જી. હાઈવે સ્થિત ઈસ્કોન મંદિરમાં જતી હતી. જ્યાં સુંદરમામા પ્રભુ તેના ગુરુ હતા. તેઓ દીકરીને કૃષ્ણલીલાનો બોધ આપતા હતા. ઈસ્કોન મંદિર પર વિશ્વાસ હોવાથી તેઓ દીકરીને ત્યાં જવા દેતા હતા. પરંતુ ઈસ્કોન મંદિરમાં ભક્તિના નામે યુવાન દીકરીઓનું બ્રેઈન વોશ કરવામાં આવે છે. ત્યાંના સ્વામીઓ પોતે કૃષ્ણ છે એવો આડંબર કરે છે અને ઈસ્કોનમાં રહેતી 600 દીકરી ગોપી હોય એમ દીકરીઓને જણાવે છે. ગુરુના મહત્ત્વને માતા-પિતા કરતાં ચઢિયાતું જણાવે છે. સુંદરમામાએ જણાવ્યું હતું કે અરજદારની દીકરી સુંદર અને હોશિયાર છે, જેથી તેને ઈસ્કોન મંદિરમાં રાખવાની છે.



### હાઇકોર્ટે પક્ષકારોને નોટિસ પાઠવી

દીકરી જૂન મહિનાના અંતમાં ભાગી ગઈ હતી. જુલાઈ મહિનામાં પોલીસ કમિશનર, કાયદા મંત્રી અને ગૃહમંત્રીને અરજી આપવામાં આવી હતી. અગાઉના વકીલે હેબિયસ કૉર્પસની જગ્યાએ ફરિયાદના નિર્દેશ માગતી અરજી કરી હતી, પુત્રીને ગેરકાનૂની રીતે ગોંધી રાખવામાં આવી છે. હાઈકોર્ટ આ સંદર્ભે પક્ષકારોને નોટિસ પાઠવીને વધુ સુનાવણી જાન્યુઆરીમાં રાખી છે.

### દીકરીને એક શિષ્ય સાથે ભગાડી દીધી

અરજદારની દીકરીને ભડકાવીને 23 તોલા સોનું અને 3.62 લાખ રૂપિયા રોકડા લઈને મથુરાના એક શિષ્ય સાથે ભગાડી દેવામાં આવી છે. તે અત્યારે ઉત્તરપ્રદેશના મથુરા ખાતે જ રહે છે, એવી અરજદાર પાસે માહિતી છે. રાજસ્થાનના એક ઈસ્કોનવાસીએ અરજદારને જણાવ્યું હતું કે તેની દીકરીને એરપોર્ટ ઉપર મૂકવા પણ ગયા હતા. આ ધર્મ અને ઈશ્વરનું અપમાન છે.

### ગુજરાતનો વિકાસ પતરાને આરપાર: 108નો દરવાજો ખોલતાં હાથમાં આવી જાય

# એશિયાની સૌથી મોટી હોસ્પિટલની ખોખલી સેવા

(એજન્સી) અમદાવાદ | તા.24

દર્દીઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવા લાવવા લઈ જવા માટે સૌથી પહેલાં 108 ઈમરજન્સી સર્વિસનો ઉપોયગ કરવામાં આવે છે, પરંતુ એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એટલે કે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને લાવવા લઈ જવા માટે વપરાતી એમ્બ્યુલન્સની હાલત એટલી ખરાબ છે કે, દર્દીએ પોતાના જીવના જોખમે બેસીને જવું પડે છે. કારણ કે, એમ્બ્યુલન્સમાં દરવાજાથી લઈને બેસવાની વ્યવસ્થા સુધી તમામ જગ્યા તૂટેલી હાલતમાં છે. એમ્બ્યુલન્સમાં દર્દી જ્યાં પગ મૂકે છે ત્યાં નીચે પતરું નહીં પરંતુ સીધો રોડ દેખાય છે. દાખલ દર્દીઓ એમ્બ્યુલન્સમાં બેસીને ક્યાંય જાય તો દર્દીઓ સાથે કોઈ બનાવ બનાવાની પૂરી શક્યતા પણ રહેલી છે. ડ્રાઈવરોના જણાવ્યા અનુસાર સિવિલ હોસ્પિટલના આરએમઓની બેદરકારીને કારણે એમ્બ્યુલન્સની આ હાલત છે.



**ઈમરજન્સી સર્વિસની બદતર હાલત :** અમદાવાદ સિવિલ હોસ્પિટલની વાસ્તવિકતા તેની એમ્બ્યુલન્સની સ્થિતિ પરથી જાણી શકાય છે. પાર્કિંગમાં 20થી વધારે એમ્બ્યુલન્સ તો પડી છે પરંતુ મોટાભાગની એમ્બ્યુલન્સ બિસ્માર હાલતમાં જોવા મળી રહી છે. આ એમ્બ્યુલન્સનો દરવાજો ખોલવામાં આવે તો હેન્ડલ પકડીને ખોલતા જ દરવાજો હાથમાં આવી જાય છે. એમ્બ્યુલન્સની સીટ પર બેસે તો સીટ તૂટેલી હાલતમાં છે. જેથી જ્યાં બેસો ત્યાંથી અન્ય જગ્યાએ પહોંચી જવાય એવી સ્થિતિ છે. પગ મુકવાનું નીચેનું પતરું તૂટેલી હાલતમાં છે એટલે કે નીચે પગ મૂકો તો રોડ સુધી પહોંચી જાય તેવી હાલત છે.

### ડ્રાઈવરોને બે મહિના બાદ છૂટા કરવામાં આવશે

થોડા દિવસ અગાઉ જ સિવિલ હોસ્પિટલ દ્વારા એમ્બ્યુલન્સના ડ્રાઈવરને મળતું પાંચ હજાર રૂપિયાનું એલાઉન્સ બંધ કરવામાં આવ્યું છે અને ડ્રાઈવરોને બે મહિના બાદ છૂટા કરવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં બિસ્માર હાલતમાં ચાલી રહેલી એમ્બ્યુલન્સ સેવા પણ કદાચ બંધ કરવામાં આવવાની છે. તેના જ કારણે આ ડ્રાઈવરોને છૂટા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાલ આ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલની અંદર એક વોર્ડથી બીજા વોર્ડમાં દર્દીઓ, દર્દીઓના સગા અને સ્ટાફને લઈ જવામાં આવે છે.

### નવી એમ્બ્યુલન્સ માત્ર VVIP લોકો માટે જ

પાર્કિંગમાં કેટલીક એમ્બ્યુલન્સ નવી પણ છે. જે માત્ર VVIP માટે જ ઉપયોગ કરવામાં આવી રહી છે. જ્યારે સામાન્ય દર્દીઓ માટે બિસ્માર અને તૂટેલી હાલતની એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવામાં આવે છે. નવી એમ્બ્યુલન્સ સિવિલમાં રાખવામાં તો આવી છે પરંતુ સામાન્ય દર્દીને જ્યારે જરૂર પડે ત્યારે તે ઉપયોગ કરી શકાતો નથી અને દર્દી પાસે કોઈ વિકલ્પ ન હોય તો દર્દીએ પૈસા ખર્ચીને ખાનગી એમ્બ્યુલન્સ ડબલ ભાડામાં કરાવી પડતી હોય છે.



### એમ્બ્યુલન્સને રીપેરિંગ કરાવવા કોઇ પગલાં લેવાતા નથી

સિવિલ હોસ્પિટલ તરફથી એમ્બ્યુલન્સ ફાળવવામાં ના આવે ત્યારે વિનામૂલ્યે સારવાર કરાવવા આવતા જરૂરિયાતમંદ દર્દીઓએ સિવિલ હોસ્પિટલ કરતા ડબલ ભાડામાં ખાનગી એમ્બ્યુલન્સની મદદ લેવી પડે છે. ડ્રાઈવરોના જણાવ્યા અનુસાર RMO જગદીશ સોલંકી એમ્બ્યુલન્સને રીપેરિંગ કરાવવા માટે કોઈ પગલાં લેતા નથી. જ્યારે ડ્રાઈવર એમ્બ્યુલન્સમાં કોઈ ખર્ચ કરવાની વાત કરે તો તેને ગંભીરતાથી લેવામાં આવતી નથી.

# 24 કલાક ગુજરાતમાં ઠંડીનું જોર યથાવત

### હવામાન ખાતાની આગાહી

(એજન્સી) અમદાવાદ | તા.24

ગુજરાતમાં છેલ્લા ત્રણથી ચાર દિવસથી તાપમાન વધતા ઠંડીનું જોર ઘટ્યું હતું પરંતુ, છેલ્લા 24 કલાક દરમિયાન એકાએક તાપમાનમાં ઘટાડો નોંધાતા ઠંડીનું જોર ફરી એક વખત વધ્યું છે. ગત રાત્રી દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી જતા ઠંડીનું મોજુ ફરી વળ્યું હોય એવી સ્થિતિનું નિર્માણ થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી કે, રાજ્યમાં ભેજનું પ્રમાણ વધતાં અને પવનની દિશા પણ બદલાઈ હોવાથી તાપમાનમાં વધારો નોંધાશે પરંતુ, તે આગાહી ખોટી પડતા તાપમાનમાં એકાએક ઘટાડો આવ્યો ને ઠંડીનું જોર અતિશય વધ્યું હોવાનું માલુમ પડ્યું હતું. બીજી તરફ આજે વહેલી સવારે ગતરોજની સરખામણીએ ધુમ્મસનું



પ્રમાણ પણ ઘટ્યું હતું. જોકે, બપોર સુધી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મહદંશે ધુમ્મસ છવાયેલું રહી શકે છે.

ગુજરાતમાં એકાએક ઠંડીનું જોર વધ્યું છે કારણ કે, ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનના ભાગ ઉપર ગતરોજ સુધી ઈન્ડ્યુઝ લો પ્રેશર સક્રિય હતું, તે હવે વિખેરાઈ ગયું છે.

### એકાએક ઠંડી વધતા ગુજરાતવાસીઓ ઠુંઠવાયા

ગતરોજ સુધી ગુજરાત રાજ્ય ઉપર ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન આવતા હતા. જે ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનમાં સર્જાયેલા પ્રેશરની અસરો ગુજરાત સુધી લાવતા હતા, જેને કારણે ભેજનું પ્રમાણ વધ્યું હતું. તેથી જ ભેજને કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યો હતો પરંતુ, ગત મોડી રાતથી જ પવનની દિશા બદલાઈને ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી થઈ છે, જેથી તાપમાનમાં એકાએક ઘટાડો નોંધાયો છે અને ભેજનું પ્રમાણ પણ ઘટ્યું છે. રાજ્યમાં છેલ્લા ચાર દિવસ ઠંડીના વિરામ બાદ એકાએક ઠંડીનું જોર વધતા ગુજરાતવાસીઓ ઠુંઠવાયા હતા. તાપમાનમાં એકાએક ઘટાડો આવ્યા બાદ બે જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસ કરતા નીચું નોંધાયું હતું.

# ગુજરાત અને જાપાન વચ્ચે વધુ 5 MOU થયા

### વિકાસને મળશે વેગ !

(એજન્સી) અમદાવાદ | તા.24

ગુજરાત અને જાપાન વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોએ બંને પ્રાંત વચ્ચે વિકાસના નવા દ્વાર ખોલ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાતના ઔદ્યોગિક, આર્થિક અને સામાજીક વિકાસ માટે શરૂ થયેલી વાયબ્રન્ટ સમિટને કારણે આજ રોજ જાપાન અને ગુજરાત વચ્ચેના સંબંધો એક ગાઢ મિત્રતામાં પરિવર્તિત થઈને વધુ મજબૂત બન્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દરમિયાન જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અને શિઝુઓકા પ્રીફેક્ચરલ ગવર્નમેન્ટ તેમજ અમદાવાદ અને હમામાત્સુ શહેર (શિઝુઓકા) વચ્ચે મૈત્રી કરાર દ્વારા આજે બંને દેશો વચ્ચે એક નવી સહભાગિતાની યાત્રા શરૂ થઈ છે. ગુજરાત અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે કેટલીક રસપ્રદ સમાનતાઓ વિશે તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત




અને શિઝૂઓકા પ્રીફેક્ચર બેય ઈનોવેશન, સસ્ટેનેબિલીટી અને પિપલ સેન્ટ્રિક ડેવલપમેન્ટનું સમાન વિઝન ધરાવે છે. આ ઉપરાંત ગુજરાતમાં અરબ સાગરનો સૌથી લાંબો 1600 કિલોમીટરનો દરિયાકિનારો છે. તેવી જ રીતે, શિઝુઓકા પેસિફિક મહાસાગરનો વિશાળ દરિયાકિનારો ધરાવે છે.

### વર્સેટાઇલ માઇક્રો ઈ-મોબિલિટી પ્રોજેક્ટ માટે MOU

ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે પાર્ટનરશીપ ડે અન્વયે મૈત્રી કરારો માટેનો કાર્યક્રમ મહાત્મા મંદિરમાં યોજાયો હતો. ગુજરાત સરકાર અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે સિસ્ટર સ્ટેટ ફ્રેન્ડશિપ એગ્રીમેન્ટ કરવામાં આવ્યા હતા. આ એગ્રીમેન્ટની મુખ્યમંત્રી અને શિઝુઓકા પ્રીફેક્ચરના ગવર્નરે પરસ્પર આપ-લે કરી હતી. જે કરાર સંપન્ન થયા છે, તેમાં શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ અન્વયે મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન, અમદાવાદ અને હમામાત્સુ, શહેરો વચ્ચે આપસી સરકાર માટેની દરખાસ્ત, વર્સેટાઇલ માઇક્રો ઈ-મોબિલિટી પ્રોજેક્ટ માટે MOU, સુઝુકી મોટર કોર્પોરેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે MOUનો સમાવેશ થાય છે.

# ગૂડ ન્યૂઝ...રાજ્ય સરકાર 10 વર્ષમાં દોઢ લાખ કર્મચારીઓની ભરતી કરશે

(એજન્સી) ગાંધીનગર | તા.24

ગુજરાત સરકાર 18 વિભાગોમાં કર્મચારીઓની સીધી ભરતી કરશે. તેના માટે એક શેડ્યુલ તૈયાર કર્યું છે. જેમાં શિક્ષણ અને આરોગ્યથી લઈને પરિવાર કલ્યાણ સહિતના 18 વિભાગો માટે ભરતી અંગેની ચર્ચા ચાલી રહી છે. સરકારના વિવિધ વિભાગોમાં ભરતીની ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં આગામી 10 વર્ષમાં અંદાજીત 1.5 લાખ નવા કર્મચારીઓની ભરતી થઈ શકે છે. 10 વર્ષમાં 18 વિભાગોમાં ભરતી કરવામાં આવશે. તેમાં ગૃહ વિભાગનો હિસ્સો 50 ટકાથી વધુ છે. એટલે કે ગૃહ વિભાગમાં સૌથી વધુ ભરતી થશે. સરકારે આગામી 10 વર્ષમાં ગૃહ વિભાગમાં 40 હજારથી વધુ કર્મચારીઓની નિમણૂક કરવાની મંજૂરી મળી છે.



### આ વિભાગોમાં ભરતી અંગેની ચર્ચા

જે વિભાગોમાં ભરતી અંગેની ચર્ચા ચાલી રહી છે તેમાં લેબર, સ્કિલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, પંચાયતો, રૂરલ હાઉસિંગ અને રૂરલ ડેવલપમેન્ટ, ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ ડિપાર્ટમેન્ટ, સ્પોર્ટ્સ, યુથ અને કલ્ચર એક્ટિવિટિઝ ડિપાર્ટમેન્ટ અને બાકીની કેડર્સમાં હેલ્થ ડિપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે.

# વહેલી સવારે થલતેજના ટાઇટેનિયમ સ્ક્વેર બિલ્ડિંગમાં ભીષણ આગ લાગી

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના એસજી હાઈવે પર થલતેજ ચાર રસ્તા પાસે આવેલી ટાઈટેનિયમ સ્ક્વેર નામની કોમર્શિયલ બિલ્ડિંગમાં વહેલી સવારે ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. C બ્લોકમાં આવેલા નવમા માળે આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ સહિત 28 જેટલી ફાયરની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લેવામાં આવી છે. ત્રણ માળમાં આવેલી 12થી વધારે ઓફિસો આગમાં ખાખ થઈ ગઈ છે. પ્રાથમિક રીતે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.

### ફાયરની 28 ગાડી સ્થળે દોડી ગઈ



ફાયર બ્રિગેડને 4.23ની આસપાસ કોલ મળતાની સાથે જ ફાયર બ્રિગેડની પ્રહલાદનગર અને થલતેજ ફાયર સ્ટેશનની ગાડીઓ રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ જ્યારે પહોંચી ત્યારે આગ ખૂબ ફેલાઈ ગઈ હતી. આગ 10માં માળેથી 9 અને 11માં માળ સુધી પહોંચી ગઈ હતી. ભીષણ આગ લાગી હોવાના કારણે વધારે ફાયર બ્રિગેડની ટીમો બોલાવવામાં આવી હતી ચાંદખેડા, સાબરમતી, મણિનગર સહિતના ફાયર સ્ટેશનની કુલ 28 જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી.

# ખોખરામાં બાબા સાહેબની મૂર્તિ તોડનારા 2 આરોપીઓની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના ખોખરામાં બાબા સાહેબ આંબેડકરની મૂર્તિ તોડનારા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે મૂર્તિ તોડનારા આરોપીઓની ધરપકડ કરી છે અને વધુ કાર્યવાહી હાથ ધરી છે. આરોપી મેહુલ ઠાકોર અને ભોલા ઠાકોરની ધરપકડ ક્રાઈમ બ્રાન્ચે કરી છે.

આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના JCP શરદ સિંઘલે પત્રકાર પરિષદમાં કહ્યું કે બાબા સાહેબ આંબેડકરની મૂર્તિની તોડફોડ કરવામાં 4 શખ્સોની સંડોવણી સામે આવી છે. ખોખરામાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાની તોડફોડ કરી હતી. પ્રતિમામાં તોડફોડ મુદ્દે લોકોએ વિરોધ પણ નોંધાવ્યો હતો. 23 ડિસેમ્બરે વહેલી સવારે મૂર્તિમાં તોડફોડ કરવાનો બનાવ બન્યો હતો.



### આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

ક્રાઈમ બ્રાન્ચના JCP શરદ સિંઘવે કહ્યું કે આરોપીઓ 2 સ્કુટી પર આવ્યા હતા અને આ આરોપીઓને ઝડપી લેવા માટે 1,000થી વધુ CCTV ચેક કરવામાં આવ્યા છે અને આખરે મેહુલ અને ભોલા ઠાકોર નામના આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ આરોપીઓ અસલાલી પાસેથી ઝડપાયા છે. ત્યારે અન્ય આરોપીઓ ચેતન ઠાકોર, જયેશ ઠાકોર અને મુકેશ ઠાકોર હાલમાં ફરાર છે.